Chapter-5

# પ્ર ક ર ણ - ૫

## બે મહાન નાટક મંડળીઓ

# પ્ર ક ર ણ - ૫

## વિકટોરિયા નાટક મંડળી

પારસી રંગભૂમિના ઈતિહાસમાં સૌથી દીર્ઘ આયુષ્ય ભોગવનારી બે મહાન નાટક મંડળીઓ તે 'વિકટોરિયા નાટક મંડળી' અને 'આલ્ફ્રેડ નાટક મંડળી'. આ નાટક મંડળીઓ સ્થાપનાથી લઈ તેના અંત સુધી અનેક ચઢતી ઉતરતીમાંથી પસાર થઈ હોવા છતાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા સમર્થ બની હતી. વિકટોરિયા નાટક મંડળીની સ્થાપના અંગે ભિન્ન ભિન્ન મતો પ્રવર્તે છે. ડો.સોમનાથ ગુપ્ત લખે છે : 'સન્ ૧૮૭૭ મે ખુરશેદજી બલ્લીવાલાને દિલ્લીમે આકર જો કંપની ખોલી ઉસકા નામ રખા ગયા થા 'વિકટોરિયા થિયેટ્રિકલ કંપની'. ઈસકે મુખ્ય અભિનેતાઓં મે સ્વયં કંપની કે માલિક બલ્લીવાલા જો બડે અચ્છે એકટર ગિને જાતે થે તથા રુસ્તમજી થે.[1] ડો.દશરથ ઓઝાના કથનાનુસાર સંવત ૧૯૩૪માં વિકટોરિયા નાટક મંડળી દિલ્હીમાં ખૂલી હતી જેના સૌથી પ્રસિધ્ધ અભિનેતા બાલીવાલા હતા. હાસ્યરસનો આવો કલાકાર તે સમયે બીજો કોઈ પણ ન હતો. બીજા કલાકારોમાં રુસ્તમજી, મીસ ખુરશેદ, મીસ મહેતાબ અને અંગ્રેજી મહીલા મીસ ફ્રેંટન હતી.[2] ડો.વેદપાલ ખન્ના પણ 'વિકટોરિયા નાટક મંડળી'ની સ્થાપના અંગે ઉપર્યુકત વિદ્વાનના વિધાનનું સમર્થન કરે છે.[3] જ્યારે ડો.ડી.જી.વ્યાસ ઈ.સ.૧૮૬૭માં તેની સ્થાપના બતાવે છે.[4] આ ઉપરાંત ડો.ચંદુલાલ દુબે તેમના 'હિન્દી રંગમંચકા ઈતિહાસ'માં તથા ડો.સોમનાથ ગુપ્તના નવા સંશોધન પ્રમાણે 'વિકટોરિયા નાટક મંડળી'ની સ્થાપના મે.ઈ.સ.૧૮૬૮માં થઈ હોવાનો ઉલ્લેખ કરે છે.[5] 'પારસી નાટક તખ્તાની તવારિખ'ના લેખક ડો.ધનજીભાઈ પટેલ તેમના પુસ્તકમાં એક સ્થાને વિકટોરિયા નાટક મંડળીની સ્થાપના ઈ.સ.૧૮૬૭મા બતાવેછે.[6] તેજ પુસ્તકમાં ૧૮૬૮ માં પણ ઉલ્લેખ કરે છે. ઉપર્યુકત સર્વ કથનનો પુર્નવિચાર કરતાં ડો.સોમનાથ ગુપ્તનું વિધાન વિશેષ યોગ્ય સાબિત થાય છે જેને અન્ય વિદ્વાનોનું પણ સમર્થન પ્રાપ્ત થયેલ છે. 'વિકટોરિયા નાટક મંડળી'નો સ્થાપના એક વિશેષ પરિસ્થિતિમાંથી ઉદ્ભવી જેના પરિણામે મુંબઈના સદ્ગૃહસ્થ તેમજ વિદ્વાનોનો તેને લાભ મળ્યો.

વિકટોરિયા નાટક મંડળીની સ્થાપના ઈ.સ.૧૮૬૭માં ૨૧મી ઓગસ્ટે મુંબઈ થયો હતો. તે શ્રી કેખશરુ કાબરાજીએ સ્થાપી હતી. કાબરાજીનો જન્મ ઈ.સ.૧૮૪૨ માં સ્વયં નાટયકાર ડાયરેકટર, એકટર, કવિ, સંગીતકાર, પત્રકાર, ગાયક અને ચિંતક હતાં. ઈરાન અને હિન્દની તવારિખના કાબરાજી અભ્યાસી હતા. પેશદાદ, કયાનીઆન, હખામની કે સાસાનના સફાઓ

તેમના જ્ઞાનથી અજાણ્યા ન હતાં. આ ઐતિહાસિક તવારિખોના આધારે તેમણે 'જમશેદ', 'બેજન-મનીજેહ', 'ફરેદૂન' જેવા નાટકોને હિન્દની રંગભૂમિ પર પ્રસ્તુત કર્યા. મહાભારત-રામાયણ આધારિત 'લવકુશ', 'હરિશ્ચંદ્ર', 'નંદબત્રીસી' નાટકો લખાયાં-ભજવાયાં. શેકસપિયર, શેરિડન અને બીજા અંગ્રેજી નાટકકાર અને નવલકથાકારના વાંચનને કારણે 'નિંદાખાનું', 'ભોલી જાન', 'કાકા પાહલણ' 'વિનાશકાળે વિપરીત બુધ્ધિ' જેવી નાટયકૃતિઓ રજૂ થઇ.

તત્કાલીન પરિસ્થિતિ જોતાં નાટકનો હુન્નર એ નિમ્ન કોટીનો ગણાતો. નાટક રચવાં-ભજવવાં એટલે સુધી કે નાટક જોવામાં પણ શરમ ગણવામા આવતી હતી. તે સમયે નાટકને ઉત્કૃષ્ટ કક્ષાના હુન્નર તરીકેનું રુપ આપવામાં કાબરાજી જે જેહમત ઉઠાવી તે રંગભૂમિ પર તેમનું પ્રદાન કદી વિસ્મરી શકાય તેમ નથી. સાહિત્યકાર હોવાના કારણે તેઓ સાહિત્ય સ્વરુપ તરીકે નાટકની ગંભીરતા સમજતાં હતાં. તેમના નાટક જોતા વિષય પરત્વેની સંપૂર્ણ માહિતી, પાત્રાનુસારી ભાષા, નાટકના મૂળમા રહેલી લાગણીને સમજવાનો તેમણે સંપૂર્ણ પ્રયાસ કરેલ જોવા મળે છે. વિકટોરિયા નાટક મંડળીની સ્થાપનાની પરિસ્થિતિ જોતાં 'કસરતશાળા સ્થાપક મંડળી' નાણાંની ખોટમા ચાલતી હતી. શ્રી કાબરાજી તેના મુખ્ય સભ્ય હોવાને કારણે તે ખોટ પૂરી પાડવા નાટક કંપનીની મદદ લેવાનું નક્કી કર્યું. તે માટે તેમણે ફરામજી ગુસ્તાદજી દલાલને આમંત્રણ આપ્યું અને બંધ પડી ગયેલી નાટક મંડળીઓના આગેવાન ખેલાડીઓને લઇને એક મંડળી ઉભી કરવી અને તેની કુલે આવક 'કસરતશાળા ફંડમાં આપવી. નાટક મંડળી શરુ થઇ અને કાબરાજી રચિત 'કોમેડી ઓફ એરર્સ' પરથી લખેલું નાટક સફળતાપૂર્વક રજૂ થયું. કસરતશાળાની ખોટ, કાબરાજીની નાટકની સહાય લેવાનું સમજશકિત, નાટક મંડળીના ખેલાડીઓના સહકારથી નાટકનો ભજવણી, તેને મળેલ સફળતા તે પારસી નાટય તવારિખનો સુવર્ણ અવસર ગણાવી શકાય. તેનું ઐતિહાસિક મૂલ્ય એટલા માટે કે ભેગા કરેલા આગેવાન ખેલાડીઓને વિખેરી નાંખવાનું વિદ્વાન કાબરાજીને રુચ્યું નહીં અને સામાજિક ચેતના લાવવા, માટે રંગભૂમિ ઉત્કૃષ્ટ સાધન છે તે સૂઝ તેમનામાં હોવાને કારણે એક સારી નાટક મંડળીની સ્થાપના કરવાની તેમણે અનિવાર્યતા જોતાં તે ખેલાડીઓના સહયોગથી નાટક મંડળી સ્થપાઇ જેને શેઠ સોરાબજી શાપુરજી બંગાળીએ '' વિ ક ટો રિ યા  ના ટ ક  મં ડ ળી '' નામ આપ્યું.

## નવી કેડીના મંડાણ

વિકટોરિયા નાટક મંડળીની સ્થાપના પુર્વે જોઇશુ તો મંડળીના ભાગીદાર તરીકે બધાજ ખેલાડીઓ રહેતા. જયારે વિકટોરિયાની બાબતમાં કેખશરુનો વિચાર ત્રણ-ચાર જણાએ

ભાગીદાર તરીકે કામ કરવું અને બાકીના ખેલાડીઓને પગારદાર તરીકે ચાલુ રાખવા. નાટકના કાર્યને ઉત્કૃષ્ટ રુપ આપવા માટે તેમણે શહેરના નામાંકિત વિદ્વાનો અને શ્રીમંતોની મંડળી બનાવી અને નાટક રજૂ કરતાં પહેલાં તેનું 'ગ્રાન્ડ રીહર્સલ' મંડળીને બતાવવું અને તેમાં સફળતાપૂર્વક પસાર થવાય તોજ તેને જાહેરમાં રજૂ કરવું. કેખશરુની આ પ્રણાલિકા તેમના પૂર્વેનો નાટક મંડળીના બંધારણમાં જોવા મળતી નથી. નાટકના ખેલાડીઓએ આ અંગે ઉહાપોહ કર્યો પણ કાબરાજીએ તેમને સમજાવી કાર્યનો આરંભ કર્યો પરંતું વર્ષાન્તે જોયું તો ખેલાડીઓને કંઇક મળ્યું પણ ભાગીદારોએ ગુમાવ્યું. તેના કારણે ભાગીદારોમાં અસંતોષ પેદા થયો અને મંડળી બંધ કરવા વિચાર્યું. આખીય પરિસ્થિતિ જોતાં કાબરાજીએ હતાશા ત્યજી વધુ ઉત્સાહથી કામ કરવાનું પ્રોત્સાહન આપ્યું.

ઇ.સ.૧૮૬૯ ના વર્ષમાં બહેરામજી ફરદુનજી મર્ઝબાનની સલાહથી અને ફારસી પરથી તેમણે સમજાવેલા વસ્તુ પરથી શ્રી કાબરાજીએ 'બેજન-મનીજેહ'ની રચના કરી. તેના રીહર્સલની સાથે સાથે એક બીજી બાજુથી કાબરાજીએ ઇરાની પહેરવેશ, ત્યાંની રીતરસમો, ત્યાંના દરબાર અને સાંસારીક પરિસ્થિતિ, પરદાઓ વગેરે સાધનો મેળવવા માટે ખર્ચની પરવા ન કરતા તેની શોધખોળ શરુ કરી. શ્રી ફરામજી ગુસ્તાદજી દલાલ જણાવે છે કે આ સામગ્રી શ્રી કાબરાજીએ શેઠ ખુરશેદજી રુસ્તમજીની મદદથી મુલાંફીરોજ કેતાબખાંના પાસેથી મેળવી હતી. વિગતો અને સામગ્રી મેળવ્યા બાદ કાબરાજીએ જાતેજ પોતાના ખેલાડીઓને આપી હતી. રીહર્સલમાં તાલીમ સંતોષકારક રીતે સ્ફૂટ થતાં 'ગ્રાન્ડ રીહર્સલ'માંથી તે નાટક સફળ રીતે પસાર થયું અને નાના શંકરશેઠની નાટકશાળામાં ભજવવાની પૂર્ણ તૈયારીઓ થવા માંડી. નાટકના આ સમય દરમ્યાન કાબરાજી 'રાસ્ત ગોફતાર'ના મદદનીશ અધિપતિ તરીકે સેવા આપી રહયા હતા. 'રાસ્ત ગોફતાર'મા કાબરાજીએ ઇરાની અને તુર્કસ્તાની બાદશાહો, તેમના દરબાર, તેમના સંસાર, રીત રસમ અને તેમના જીવનના વિવિધ પાસાંઓ ઉપર લેખમાળાઓ પ્રકટ કરી પ્રજાને 'બેજન-મનીજેહ' નાટક જોવા આકર્ષી. અંતે નાટક ભજવાયુ, ત્યારે સફળતા મળી. લોકોમાં ભારે આકર્ષણ જમાવનાર આ નાટકે ભાગીદારોની તેમજ ખેલાડીઓની નાણાંકોય મુશ્કેલી દુર કરી. ઇતિહાસના અઠંગ અભ્યાસી હોવાને કારણે કયાંનીઆનની કથામાંથી 'બેજન-મનીજેહ'નું નાટક રચ્યું. આ નાટકને મળેલી સફળતાને કારણે પેશદાદની તવારિખ ઉપરથી તેમણે 'જમશેદ' નાટકની રચના કરી. તેઓ નાટક રચનાના સમયે તેમની કંપનીના ખેલાડીઓની શકિત ધ્યાનમાં રાખતા જેથી પાત્ર વરણીની પૂર્વભૂમિકા હંમેશા તેમના માનસીક ફલક પર તૈયાર રહેતી. તેમના નાટકની સફળતાનું આ કારણ ગૌણ ના ગણાય. 'જમશેદ'ના રીહર્સલ કાબરાજીએ પોતાના દિગ્દર્શન હેઠળ કરાવ્યા. દરેક અભિનેતાના વ્યકિતગત હાવભાવ, સંવાદ ઇત્યાદિમાં

સ્વાભાવિકતા લાવવા તેમણે અથાક પ્રયત્ન કર્યા એટલુજ નહીં પણ તેમણે 'જમશેદ'માં ગીતો મુકી તેને સુરબધ્ધ રીતે રજૂ કર્યા. કાબરાજીના સ્વભાવનું એક ઉમદા લક્ષણ એ જોવા મળે છે કે તેઓ પ્રથમ સંપૂર્ણ તૈયારી કરતા તેમાં ખર્ચ વિષે જરાપણ પાછી પાની ન કરતા અને તે ઉપરાંત તે રજૂ થતાં તે દ્વારા ઇજ્જત મેળવવાનો તેમનો સભાન પ્રયાસ પ્રથમ રહેતો અને ત્યારબાદ તે દ્વારા થતી આવકને સ્વીકારતાં. 'બેજન-મનીજેહ'ની માફક 'જમશેદ'ની પાછળ પણ તેમણે ભારે ખર્ચ કરી તેને રંગભૂમિ પર રજૂ કર્યો ત્યારે તે જોઇ વિદ્વાન શેઠ સોરાબજી શાપુરજી બંગાળીએ શ્રી કાબરાજી તથા તેમની મંડળીને કાગળ લખી ધન્યવાદ આપ્યા હતાં.

નાટયકાર તરીકે શ્રી કાબરાજીએ અંગ્રેજી નાટયકૃતિઓના ગુજરાતી અનુવાદો કરી તેને રંગભૂમિ પર ભજવ્યાં. ત્યારબાદ ઇરાનની તવારિખ પરથી નાટકોની રચના કરી. 'બેજન-મનીજેહ', 'જમશેદ', 'ફરેદુન' નાટકની રચના કરી અને તેને રંગભૂમિ પર રજૂ કર્યા. હિન્દના પૌરાણિક ઇતિહાસ પરથી 'નળ-દમયંતી', 'હરિશ્ચંદ્ર', 'નંદ બત્રીસી', 'લવકુશ', 'સીતાહરણ' નાટકો રચ્યાં. કાબરાજી શુધ્ધ ગુજરાતીના આગ્રહી હતાં તેમજ અભ્યાસી હતાં. તેનો આવિર્ભાવ તેમના 'વિનાશકાળે વિપરિત બુધ્ધિ' નામના નાટકમાં થયેલ જોવા મળે છે, જે Hut of the Red Hill Mountain (૧૮૭૯)નો અનુવાદ છે. School for the scandal પરથી કાબરાજીએ (૧૮૮૩)'નિંદાખાનુ'ની રચના કરી અને 'Callin Bawn' ઉપરથી 'ભોલીજાન'ની રચના કરી જે નાટક ખૂબ લોકપ્રિય બન્યું. આ નાટક પારસી સંસારને લાગુ પડતું હોવાથી તે ખૂબજ લોકપ્રિય થયેલો 'સીતા હરણ' અને 'હરીશ્ચંદ્ર' નાટક કાબરાજીએ અનુક્રમે કવિશ્રી નર્મદ અને રા.બ. રણછોડભાઇ ઉદયરામના નાટકો પરથી ફેરફાર કરી તેને રંગભૂમિક્ષમ બનાવ્યા હતાં. કાબરાજી પૂર્વે પણ સામાજિક નાટકોની રચના થતી હતી પરંતું પ્રજાની અભિરુચિને પોષી તે રંગભૂમિ રજૂ કરાય તેવા નાટકો લખવાની જેહાદ કાબરાજીએ પ્રથમ ઉપાડી હતી. ભોલીજાન અને નિંદાખાનુ નાટકે પ્રજા પર ઊંડી અસર કરી હતી; જેમાં કાબરાજી સમાજમાં પ્રવર્તતા દૂષણો પર પ્રકાશ નાખ્યો છે.

## કાબરાજી એક ડાયરેકટર તરીકે

કાબરાજીએ નાટકના ધંધાને ઉદર પોષણ તરીકે અપનાવ્યો નહોતો. નાટક પરત્વે લોકોની સૂઝ, ઉચ્ચ કોટિની નાટક મંડળીની જરુર આ બધું જોતાં તેમણે નાટયક્ષેત્રે પ્રવેશ કર્યો હતો. સંસાર સુધારાના હિમાયતી હોવાને કારણે નાટક-રંગભૂમિ એ સુધારાને ઉપયોગી માધ્યમ તરીકે નિહાળી તેનો ઉત્કર્ષ સાધવાનો યત્ન કર્યો હતો. કાબરાજી સ્વયં નાટયકાર હોવા ઉપરાંત તેઓ ડાયરેકટર હોવાથી નાટકની રચનાથી માંડીને ભજવણી સુધી સૂક્ષ્મમાં સૂક્ષ્મ બાબતો તેમના

ધ્યાનમાં રહેતી વિષય, વાતાવરણમાં નવીનતા, તખ્તા લાયકી, સંવાદ, પાત્ર, પાત્રવરણી, સંવાદો બોલવાની છટા, પ્રકાશ રચના આદિ બાબતો પરત્વે તે સંપૂર્ણતાની અપેક્ષા રાખતાં. નાટકના ધંધાને ઉત્કૃષ્ટ બનાવવા માટેજ તેમણે 'વિકટોરિયા નાટક મંડળી'ની કમિટિમાં વિદ્વાનો અને ગૃહસ્થો રાખેલા અને તે કમિટિ નાટક જોયા બાદજ નાટક ભજવાતું પરિણામે નાટકમાં અનિષ્ટ તત્ત્વને સ્થાન ન રહેતું અને લોકભોગ્ય બનતું. કાબરાજીએ ડાયરેકટર તરીકે વિકટોરિયા કરતાં 'નાટક ઉત્તેજક મંડળી'માં વધુ કામ આપેલું.

પારસી સંસારી નાટકો કરતાં હિન્દુ પૌરાણિક નાટકો તેમણે રજૂ કર્યાં તે જોતાં કાબરાજીની અજોડ દિગ્દર્શનશકિત પ્રદર્શિત થાય છે. હિન્દુ પૌરાણિક નાટક 'હરિશ્ચંદ્ર'ને રણછોડભાઇ ઉદયરામની સલાહથી તેમણે રંગભૂમિક્ષમ બનાવી રજૂ કરવાની તૈયારી કરી ત્યારે પારસી ખેલાડીઓ શુધ્ધ ગુજરાતી બોલી શકશે કે કેમ ? હિન્દુ પહેરવેશ સાથે નાટક ભજવવામાં પારસી ખેલાડીઓને શંકા થઇ ત્યારે તેમણે જે રીતે તેમને વાંચીસંભળાવી નાટક કરવા તૈયાર કર્યા એ કાંઇ નાની સિધ્ધિ ના કહેવાય. માત્ર ખેલાડીઓને તૈયાર કર્યા એટલુજ નહીં પણ તેમનાં 'રીહર્સલ' વખતે પણ જાતે તાલીમ આપી ગીત-સંગીત સાથે 'ગ્રાન્ડ રીહર્સલ'માંથી પસાર થયેલ 'હરિશ્ચંદ્ર' નાટક 'ફરામજી કાવસજી ઇન્સ્ટિટયૂટ'માં ભજવાયું જેણે ભારે સફળતા પ્રાપ્ત કરી. આપણા માટે જાણવાની આશ્ચર્યની વાત તો એ છે કે 'નાટક ઉત્તેજક મંડળી'ની સોળ વર્ષની કારકિર્દીમાં હરિશ્ચંદ્ર નાટક ૧૧૦૦ વખત ભજવાયું !!! આ સફળતાનો યશ કાબરાજીના નિપૂણ દિગ્દર્શક તરીકેના ગુણને ફાળે જાય છે. તેવીજ રીતે તેમણે ર.ઉ.ના'નળ-દમયંતી'નામના નાટકને સુધારા વધારા કરી રંગભૂમિ પર મૂકયું. આ નાટકે હિન્દુ સ્ત્રીઓનું ખૂબ આકર્ષણ જમાવ્યું પરિણામે હિન્દુ સ્ત્રીઓથી નાટકશાળા ઉભરાવા લાગી. બાળકો સાથે લઇને સ્ત્રીઓ આવતી હોવાથી ચાલુ નાટકે બાળકો રડતાં પ્રેક્ષકોને તકલીફ પડતી હોવાથી કાબરાજીએ નાટકશાળાનાં મેદાનમાં બાળકો માટે પારણાં મુકાવ્યાં અને નાટકની ભજવણી દરમ્યાન મેનેજરો પાસે તેની સંભાળી રખાવી ! સ્ટેજ વ્યવસ્થાની સાથે સાથે નાટકશાળાની વ્યવસ્થાને પણ તેઓ આવડારતા.

નાટક પૌરાણિક હોય કે પારસી સંસારી સામાજિક કે અનુવાદિત પણ નાટકના વસ્તુને કેન્દ્રમાં રાખી ભાષા, ડ્રેસ પડદા, ગીત, સંગીત આદિ બાબતોને ડાયરેકટર તરીકે તેઓ ખૂબજ મહત્વની ગણતા. સામગ્રીની અપૂર્ણતાને તેમણે કદી ચલાવી લીધી નથી. સંપૂર્ણ સામગ્રી માટે પછી ગમે તેટલો ખરચો કરવો પડે તો પણ તે ન અચકાતા આ ગુણને કારણેજ'બેજન મનીજેહ' અને 'જમશેદ'માં જે ખર્ચો કર્યો ત્યારે 'વિકટોરિયા'ના માલીકો ગભરાયા હતાં પણ પાછળથી

તેનું સફળ પરિણામ આવ્યું ત્યારે ડાબરાજીની કાર્યશકિત અને દૂરંદેશીપણાને તેઓ ઓળખી શકયા. ડાબરાજી ગાયક અને સંગીતકાર હોવાને કારણે તેઓને તેમની આ શકિત ડાયરેકટર તરીકે શ્રેષ્ઠતા અર્પવામા ખૂબજ મદદરુપ નિવડી. નાટકમાં કયા ગીત મૂકવું તે સૂઝ ડાયરેકટર માટે અતિ અનિવાર્ય છે જે ડાબરાજીને સહજ પ્રાપ્ત હતી. પરિણામે તેમના નાટક ગીત-સંગીત દ્વારા વધુ લોકભોગ્ય બનતા સાથે પ્રજામા સંગીત પરત્વે રુચિ કેળવતાં ડાયરેકટર હોવાને પરિણામે તેઓ દરેક ખેલાડીની શકિત જાણતાં, તેથી પરિણામે એ આવ્યું કે જ્યારે તેઓ નાટક લખવા બેસતાં ત્યારે તેઓ તેમના ખેલાડી અનુરુપ પાત્રનું નિરુપણ કરતાં જેથી નાટકની ભજવણી ખૂબજ સરળ બની રહેતી. શ્રી ધનજીભાઇ પટેલ તેમના વિષે લખે છે કે 'ખેલાડીઓને તેમના પાત્રો શીખવવા માટે જે રીત મરહુમે અખત્યાર કરી હતી તે એવી તો નકલ કરવા જોગ હતી કે કોઇ બી અનઘડ ખેલાડી થોડાજ વખતમાં હુશીયાર બની જતો હતો.''[1]

આમ પારસી તવારિખના અગ્રગણ્ય ડાયરેકટરમાં ડાબરાજીનું નામ આપણે ગૌરવપૂર્ણ રીતે મૂકી શકીએ. તેમણે કેળવણી સૂઝને પાછળથી ઘણા લોકોએ અપનાવી પરિણામે દષ્ટિ રંગભૂમિને ખૂબજ ઉપકારક નિવડી. ડાયરેકટર તરીકેની ડાબરાજીની અદ્‌ભૂત શકિતઓ નાટક ઉત્તેજક મંડળી તથા વિકટોરિયા કલબના માલિકો તથા ખેલાડીઓને આર્થિક, સામાજિક કીર્તિ અપાવી અને રંગભૂમિનુ ઉત્થાન કીધું.

## ડાબરાજી દેશી સંગીતના પિતા

ડાબરાજી દેશી સંગીતના પિતા કહેવાયા છે. આજે સંગીતકળા જે ખીલી રહી છે તેનો શોખ ઉત્પન્ન કરવાનું તેમજ તેનો પ્રચાર કરવાનું માન ડાબરાજીને ઘટે છે. ગાયન અને ગાયકની તત્કાલીન સ્થિતિ ખૂબજ કરુણ હતી પરિણામે તેને નિમ્ન કોટિનો ગણવામાં આવતો હતો. નિશાળોમાં પણ પારસી છોકરીઓને ગાયનની કેળવણી આપવાની વિરુધ્ધમાં પારસીઓ હતા. આ સમયમાં ફરામજી સોરાબજી ભરૂચા પાસે ડાબરાજી બે ત્રણ ગાયનો શીખ્યા પરિણામે તેમનો તે દિશામાં શોખ વધતો ગયો. ઇ.સ.૧૮૫૮ માં ડાબરાજીને શ્રી માણેકશાહ ધનજીશાહ ડૉકટર સાથે ભરૂચમાં ભરાયેલ એક પ્રદર્શનમા ઓળખાણ થઇ. શ્રી માણેકશાહ કંઠ સંગીત વિષયના સારા વિદ્વાન હતાં તેમજ ગાનકળામાં પણ તેઓ નિપુણ હતાં તેમના પ્રભાવથી ડાબરાજી સંગીતની દિશામાં વધુ સક્રિય બનતા ગયા. હિન્દુઓની નાની ગાયન મંડળી જોઇ તેમણે ગાયનના ઉદ્યોગને પારસી સમાજમાં ફેલાવવા એક મંડળીની અનિવાર્યતા જોઇ પરિણામે ઇ.સ.૧૮૭૧મા શેઠ સોરાબજી

બંગાળીની મદદ ડાબરાજી ગાયનના ઉદ્યોગ માટે તેમની ૨૯ વર્ષની વયે મુંબઇમાં સૌ પ્રથમ 'ગાયન ઉત્તેજક મંડળી'ની સ્થાપના કરી. આશ્ચર્યની વાત તો એ છે કે સમાજના જડ રીત-રિવાજોને કારણે મંડળીને સારા ગાયનનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ ન મળી શકયા જે શોધી લાવવાનું કામ ડાબરાજીએ સ્વીકાર્યુ. મંડળીના સારા નસીબે ગાયનનો અભ્યાસ કરનાર મળ્યાં અને મંડળીને એક શ્રેષ્ઠ શુભેચ્છક શેઠ ખુરશેદજી નસરવાનજી કામાની સેવાઓ મળી ગઇ.જેથી મંડળી સ્થાયી બની તેની પ્રગતિ કરતી ગઇ. ડાબરાજી આ મંડળીના સેક્રેટરી બન્યા અને તેમણે ઇ.સ.૧૮૮૧ સુધી તેમની સેવાઓ મંડળીને આપી. કોઇ સારા ચોઘડિયામાં આ મંડળીની સ્થાપના થઇ હશે કે જેથી મંડળીના સભાસદોને ગાયન વિદ્યા શિખવવા માટે ઉસ્તાદ ઇમદાદખાન ઉર્ફે ખાં સાહેબ નામના એક મહાન ગાયક મળી ગયાં. ખુદ ડાબરાજીએ પણ 'ખાં સાહેબ' પાસે સંગીત વિદ્યાથી તાલીમ લીધી અને પોતાના ખંતથી તે વધારી તે પર સિધ્ધિ મેળવેલી; જે તેમણે 'જ્ઞાન પ્રસારક મંડળી'ના ઉપક્રમે આપેલા ભાષણોમા સ્પષ્ટ થાય છે. દેશી સંગીત, દેશી સંગીતવિદ્યા, સુર વિદ્યા, રાગ વિદ્યા, તાલ વિદ્યા, પારસી ગાયન, પારસી લગનના ગાયન, ગરબા, રાગણી જીજોટી, ગાયન ભાષા, હોળીના ગાયન, મલ્હારના ગાયન, અને છેલ્લુ ભાષણ 'બહારની'મોસમના ગાયન અધુરું રહયું હતું. ઉપરોકત ગાયનના ભાષણની નોંધ ધનજીભાઇ પટેલ તેમના'પારસી નાટક તખ્તાની તવારિખ'માં કરે છે.

સંગીતના પ્રચાર માટે ડાબરાજી આટલેથી અટકયા નહોતા. તેમણે જે સભ્યો થોડું ઘણું પણ ગાયન શિખ્યા હતાં તેમને જાહેરમા ગવડાવવાનો નિશ્ચય કર્યો. શરુઆતમાં તો સભ્યોએ જાહેરમાં ગાવાની ના પાડી. ડાબરાજીએ તેમને હિંમત આપી તૈયારી કર્યા. જલસો થયો. ડાબરાજીએ સ્વયં મધુર રાગે ગાયું અને બાકીના મહત્વના ગાનારાઓમાં દાદાભાઇ ઠુંઠી, માણેકશાહ ધનજીશાહ, ડોકટર, ફીરોઝશાહ રુસ્તમજી બાટલીવાળા, પેસ્તનજી ખરશેદજી મહેતાએ જલસામા ખૂબ આકર્ષણ જમાવ્યું. શ્રી દાદાભાઇ રતનજી ઠુંઠી ગાયન ઉત્તેજકના એક વિદ્યાર્થી હતાં. તેઓ ડાબરાજીને પોતાના ગુરુ તરીકે માન આપતા. સંગીત વિદ્યાના ડાબરાજી એવા નિષ્ણાત બન્યા કે બીજી નાટક મંડળીઓમાં નાટક જોવા જઇ બેસતા તો ખેલાડીઓ ખૂબ સભાન બની જતાં. એટલુંજ નહીં પણ ઘણીવાર એમની હાજરીથી ગભરાટને લીધે તેઓ બેસૂર બની જતાં.

## નાટકમાં સંગીત

ડાબરાજી પૂર્વેના નાટકોમાં સંગીતનુ પ્રાધાન્ય નહોતું. એક નાટકમાં છ-સાત ગાયનો ખૂબજ ગણાતાં. નાટકમાં ગવાતા ગીતો અને સંગીતથી ડાબરાજી સંતુષ્ટ નહોતાં જેથી તેમણે નાટકમાં ઉચ્ચ કોટિનું સંગીત રજૂ કરવા માટે પોતાની ઇચ્છા પ્રમાણે તે ગવડાવવા માટે

તેઓ 'નાટક ઉત્તેજક મંડળી'માં જોડાયા. 'નાટક ઉત્તેજક મંડળી'ના ઉપક્રમે ભજવાતા નાટકો દ્વારા નાટકમાં ઉચ્ચ કોટિનું સંગીત, ગીત તેમણે રજૂ કર્યું જે માત્ર ધનોપાર્જન માટે નહીં પણ પ્રજામાં ઉચ્ચ કોટિનું સંગીત પ્રસરે તે માટે પણ તેની મૂલ્યવત્તા તેઓએ ખેલાડીઓને સમજાવી. શાસ્ત્રીય સંગીત પ્રત્યે અભિરુચિ કેળવવા માટે કાબરાજીના પ્રયત્નો અતિ પ્રશસંનીય છે. જેને પરિણામે આજે લગભગ દરેક ઘરમાં ઓપેરાના સૂરો ગૂંજી રહ્યા છે. કાબરાજી રચિત 'રુસ્તમ-સોહરાબ'નામે કરુણાંતિકામાં તેમણે જે સંગીતનું આયોજન કર્યું છે તે તેમના સંગીત વિષેના જ્ઞાનની પ્રતીતિ કરાવે છે. નાટકમાં ગવાતા ગીતોનું આયોજન, ગાયક, સંગીત અને તેનું નાટયમાં સ્થાન તે વિષેની તેમની સભાનતા પાછળની નાટક મંડળીઓને ખૂબજ ઉપકારક નીવડી.

## કાબરાજી એક અભિનેતા

એક સભાન અભિનેતા તરીકે કાબરાજીએ નાટકના સર્વ પાસાઓને પોતાની શકિતઓ દ્વારા ઉત્કૃષ્ટ બનાવવાનો પ્રયત્ન કર્યો હતો. રંગભૂમિ પર અભિનેતા તરીકે તેમનું આગમન એ પણ એક શુભ અકસ્માત હતો. 'વિકટોરિયા નાટક મંડળીના ઉપક્રમે રજૂ થયેલ નાટક 'બેજન-મનીજેહ'માં 'મનીજેહ'ના સ્ત્રી પાત્રમાં જમશેદજી દાજી નામનો કલાકાર આ પાત્રમાં સફળતા મેળવી ખૂબજ પ્રશંસા પ્રાપ્યો હતો, એટલુંજ નહીં પણ આ પાત્ર કર્યા પછી લોકો તેને 'જમસુ મનીજેહ'ના નામથી ઓળખતા હતા. આ કલાકારના લગ્નના સમયે તેને એક 'બેનીફીટ નાઇટ' આપવાનું કાબરાજીએ નક્કી કર્યું અને 'વિકટોરિયા નાટક મંડળી'ના માલિકોએ કાબરાજીની આ વાત સ્વીકારી. પરંતું 'બેજન'તરીકે કામ કરનાર અભિનેતા ધનજીભાઇ રુસ્તમજી કેરાવાલા જેઓ 'ધનજુ બેજન'ના નામે પ્રખ્યાત થઇ ગયેલા તેમને આ નાપસંદ હોવાને કારણે તેમણે ગળાની બિમારીનું બહાનું કાઢી નાટકમાં ભાગ લેવાની તેમની નાપસંદગી દેખાડી. મુખ્ય અભિનેતા વિના નાટક કયાંથી ચાલવાનું છે તેવો ભ્રમ કદાચ તેમને હશે, પણ તે ભ્રમ માત્ર ભ્રમજ નિવડયો. 'બેજન-મનીજેહ' ભજવાયું.

'ધનજુ-બેજન'ની ના થવાને કારણે નાટક બંધ રહે તેવી સંભાવના હતી ત્યાંજ કાબરાજીને એક નવો વિચાર આવ્યો. પોતેજ 'બેજન'નું પાત્ર ભજવે તો ? બીજાને મદદ કરવામાં તત્પર રહેતા કાબરાજીને આ વિચાર આવતા તેમણે શેઠ સોરાબજી બંગાળી અને 'ટાઇમ્સ'ના એક વખતના અધિપતિ મી. મલની સલાહ લીધી. આ વિદ્વાનોને કાબરાજીના આ આદર્શ વિચારને ખુશીથી આવકાર્યો અને જાહેર કરવામાં આવ્યું કે 'બેજન-મનીજેહ'બેનીફીટ

નાઇટમાં ડાબરાજી 'બેજન'નુ પાત્ર ભજવવાના છે. ડાબરાજીને સ્ટેજ પર જોવાનો પ્રજા માટે આ પહેલો શુભ પ્રસંગ હતો. પરિણામે આ 'નાઇટ'એક ખૂબજ સફળ પુરવાર થઇ. સમય મર્યાદાનો અભાવ હોવા છતાં ડાબરાજીએ 'બેજન'ના પાત્રને ખૂબજ સારી રીતે નિભાવ્યું અને એક ઉચ્ચ કોટિના કલાકાર તરીકેની કીર્તિ હાંસલ કરી. તેમના સમકાલીન શ્રી ફરામજી ગુસ્તાદજી દલાલના શબ્દોમાં જોઇએ તો 'પોતે 'બેજન'નો ભાગ 'સ્ટેજ' ઉપર કરવાનું માથે લીધું અને માલિકો લાચાર થયા. થોડીક 'રીહરસલો' કરવાની ફરજ પડી અને છેલ્લે 'સ્ટેજ' ઉપર એક 'જેન્ટલમેન એકટર' તરીકેના 'બેજન'ના પાત્ર માટે તમાશગીરોએ ભારે ગર્જના સાથે એવણને વધાવી લીધાં.' ૮ ઉપરોકત કથન જોતાં ડાબરાજીને એક સફળ કલાકાર તરીકે સ્વીકારાયા હતાં તે સ્પષ્ટ થાય છે.

## વિકટોરિયા નાટક મંડળની કમિટી અને તેના પહેલા માલિકો

રંગભૂમિ ક્ષેત્રે આમુલ પરિવર્તન લાવનાર ડાબરાજીએ 'વિકટોરિયા નાટક મંડળી' સ્થાપી તેની ચર્ચા અત્રે કરી. નાટકના ઉદ્યોગને ઉચ્ચ કોટિનો બનાવવા તેમણે 'ગ્રાન્ડ રીહર્સલ' તેમણે નિમેલી સદ્ગૃહસ્થ અને વિદ્વાનોની કમિટિ બનાવવાનું સૂચન કર્યુ હતું. આ કમિટીમાં સોરાબજી સાપુરજી બંગાળી પણ હતા. જેમણે ડાબરાજી જ્યારે 'જામે જમશેદ'ના અધિપતિ થયા ત્યારે 'એક લુચ્ચો છોકરો' તેવી ઉપમા આપી હતી. તે વખતે ઘરખમ નાટક મંડળીઓમાં 'ઝોરાસ્ટ્રીયન નાટક મંડળી' પણ હતી પરંતુ તેમાં કામ કરવાના ધોરણ કે બંધારણ જેવુ કશું નહોતું તેથી ડાબરાજીએ મંડળીની સલામતી માટે નિયમોની રચના કરી અને તે પસાર થયા. 'વિકટોરિયા નાટક મંડળી'ની કમિટિમાં બેસનાર આગેવાનો નીચે મુજબ હતાં :

| | | |
|---|---|---|
| ૧. | પ્રેસીડેન્ટ | વિનાયક જગન્નાથજી શંકરશેઠ |
| ૨. | | ડોકટર ભાઉ દાજી |
| ૩. | મી. | સોરાબજી શાપુરજી બંગાલી |
| ૪. | મી. | ખુરશેદજી નસરવાનજી કામા |
| ૫. | શ્રી. | અરદેશર ફરામજી મુસ. |
| ૬. | મી. | જહાંગીરજી મેરવાનજી પ્લીડર |
| ૭. | મી. | મેરવાનજી માણેકજી શેઠના |
| ૮. | મી. | ખુરશેદજી રુસ્તમજી કામા |
| ૯. | મી. | કેખશરુ નવરોજી ડાબરાજી (સેક્રેટરી) |
| ૧૦. | મી. | પેસ્તનજી ધનજીભાઇ માસ્તર. ૯ |

ઉપરોકત આગેવાનોએ મંડળીના ઉત્થાન માટે મહત્વનો ભાગ ભજવ્યો જેના પરિણામે મંડળી ખૂબજ ખ્યાતનામ બની અને રંગભૂમિ ક્ષેત્રે નવીન કેડીના મંડાણ શરુ થયા. વિકટોરિયા નાટક મંડળીના શરુઆતના માલિકો નીચેના ચાર મહાન પારસી કલાકારો હતાં :

૧. દાદાભાઇ રતનજી ઠુંઠી (દાદી ઠાઇસ્ટ)

૨. ફરામજી ગૂસ્તાદજી દલાલ (ફલુઘુસ)

૩. કાવસજી નસરવાનજી કોહીદારુ (ગુરગીન)

૪. હોરમસજી ધનજીભાઇ મોદી (કાકાવાલ)

વિકટોરિયા નાટક મંડળીની સ્થાપના તેમજ તેના સેક્રેટરી, ડાયરેકટર, નાટયકાર અને એકટર તરીકે તેમણે પોતાની સેવા આપી તેનાજ કારણે વિકટોરિયા ઉત્થાન અને પ્રગતિ સધાઇ અને એક મહાન નાટક મંડળી તરીકે તેનું સ્થાન નિશ્ચિત કરી ગઇ. 'વિકટોરિયા નાટક મંડળી' સ્થાપી તેના કાર્ય યોગ્ય રીતે વિભાજન કર્યા, કંપનીએ સામાજિક પ્રતિષ્ઠા મેળવી, કલાકારોએ તેમજ સંચાલકોને આર્થિક મદદ કરી સબળ બનાવ્યા અને કંપનીને પ્રથમ પંકિતની બનાવનાર કાબરાજી તેના સેક્રેટરી, ડાયરેકટર, ગાયક, સંગીતકાર અને નાટયકારે ૧૮૬૯ ના ઓગસ્ટ માસમાં સેક્રેટરી પદેથી રાજીનામું આપ્યું. કોસાભાઇ કરાકાએ નાટયલેખનની પ્રતિસ્પર્ધા આયોજિત કરવાનું સૂચન કર્યું અને તેમાં જે નાટક સફળ થાય તેને રૂ.૩૦૦/ પુરસ્કાર આપવાનું કમીટીએ સ્વીકાર્યું. જે વાત અનુચિત લાગતાં શ્રી કેખશરુ કાબરાજી રાજીનામું આપી ચાલ્યા ગયા બાદ વિકટોરિયા મંડળી શી રીતે ટકી રહેશે તે શંકા પ્રવર્તી પરંતુ કમિટીએ નવા સેક્રેટરીની શોધ આદરી એટલુંજ નહી પરંતું એક બાહોશ સેક્રેટરીને શોધ્યા તે દાદાભાઇ સોરાબજી પટેલ (દાદી પટેલ, એમ.એ.) શ્રી ધનજીભાઇ પટેલ નોંધે છે કે 'વિકટોરિયા નાટક મંડળી' સ્થાપવાનુ માન કેખશરુને ઘટે છે, પણ એ મંડળીના સ્થાપક તરીકે જે કીર્તિ કેખશરુએ મેળવી હતી, તેમજ તેના સેક્રેટરી અને ડીરેકટર તરીકેની ફરજો બનાવવાનું કામ, જે તેવણે માથે ખેંચી લીધું હતું, તેનો એક દિવસ અંત આવી ગયો. તે અંત આવવાનો સબબ એ હતો કે 'વિકટોરિયા નાટક મંડળી'ના માલિકોમાં મોટો ફેરફાર થઇ ગયો.૧૦

'વિકટોરિયા નાટક મંડળીની શરુઆત થઇ ત્યારે તેના માલીકોની નિમણુંકમાં કાબરાજીની દૂરંદર્શિતાનું સ્પષ્ટ દર્શન થાય છે. 'વિકટોરિયા નાટક મંડળી'ની શરુઆતના માલિકો માત્ર નાણાં ધીરનાર પેઢીઓના જેવા કર્તા હતા નહોતાં, નાણાં સંચાલન ઉપરાંત તેઓ એક સારા કલાકાર હતા, કાબરાજીના મિત્ર હતાં જેને કારણે કાબરાજીના દરેક કાર્યને તેઓ સમજી તેમાં સહાયરુપ થતા. કમિટીમાં ફેરફાર થવાના કારણે કાબરાજીના કાર્યોમાં

વિધ્નો ઊભા થયા હોવા જોઈએ, પરિણામે જે છબીને રંગભૂમિ પર મૂર્ત કરવાની મહેચ્છા હશે તેને સંપૂર્ણ આકાર આપવામા કાબરાજીને યોગ્ય સહયોગ નહીં મળ્યો હોય પરિણામે 'વિકટોરિયા નાટક મંડળી' તેમણે છોડી હોય તેવું અનુમાન કરી શકાય. કાબરાજીએ વિકટોરિયા સાથેના તેમના સંબંધો છોડો દિધા, નવા બાહોશ સેક્રેટરી આવ્યા છતાં, કાબરાજીના જવાથી મંડળીના ચક્રો ઢીલાં પડયાં.

'વિકટોરિયા નાટક મંડળી'ના ઉપક્રમે કાબરાજીએ બજાવેલી સેવાઓ, તેમની મંડળી પ્રત્યેની નિષ્ઠા અને મંડળીને 'સામાજિક ઉચ્ચ દરજ્જો આપી તેને સધ્ધર બનાવવાના તેમના પ્રયાસો, કલાકારોને અંગત રીતે આર્થિક મદદ કરવા 'બેનીફીટ નાઈટ' આપવાની ઉમદા ખેલદિલી આદિ લક્ષણોને વિસ્મરી ન શકાય. શ્રી ધનજીભાઈ પટેલ કાબરાજીના આ તબક્કાને તેમનો પ્રથમ અવતાર ગણાવે છે, કારણ કે 'વિકટોરિયા નાટક મંડળી'ના મંત્રીપદ દરમ્યાન તેમણે ઈરાનની તવારિખના ઈતિહાસ પર આધારિત નાટકોની રચના કરી. 'બેજન'મનીજેહ' 'જમશેદ'અને ફરોદુનને રંગભૂમિ પર સજીવ કર્યા. 'નાટક ઉત્તેજક મંડળી' માટે તેમણે પૌરાણિક નાટકો હરિશ્ચંદ્ર, લવકુશ, સીતાહરણ, નળ-દમયંતી- લખ્યાં જે કાબરાજીનો બીજો અવતાર ગણી શકાય. અને તેમણે નીન્દાખાનું, ભોલીજાન, કાકા પાલહનને કેટલાક નાટકોનો અનુવાદ કર્યો તે તેમનો ત્રીજો અવતાર. કાબરાજી વિકટોરિયા છોડી જેને પરિણામે જેને લીધે મંડળી જાહેરમાં ઉચ્ચ દરજ્જો મેળવી શકી હતી તે કમિટી પણ ભાંગી પડી. મંડળીની દશા 'ધણી વગરના ઢોર' જેવી થઈ. માલિકોમાં કોઈપણ જાતનો ફેરફાર થયો ન હોવા છતાં મંડળીની તેજસ્વીતા ઘટી. તેનું સંચાલન, તેની કાર્યવાહી અને તેમાં અનેક પરિવર્તન આવ્યાં. દાદી પટેલના માર્ગદર્શન હેઠળ તેમા અનેક નૂતન પરિવર્તન આવ્યાં. સ્ટેજ પર સ્ત્રી કલાકારો અને ઉર્દુ નાટકોનો યુગ પ્રારંભાયો.

## દાદાભાઈ પટેલ 'દાદી પટેલ'

કેખશરુ કાબરાજીના નીકળી જવાને કારણે વિકટોરિયાના નવા સેક્રેટરી તરીકે દાદાભાઈ સોરાબજી પટેલની નિયુક્તિ થઈ. તેમણે એમ.એ.ની ડીગ્રી મુંબઈ યુનીવર્સીટીમાથી પ્રાપ્ત કરી હતી. તેમના પિતા સોરાબજી ફરામજી પટેલ પારસી કોમના એક ધનસંપન્ન આસામી હતાં. આર્થિક અને શૈક્ષણિક રીતે સમૃધ્ધ દાદી પટેલે વિકટોરિયાની ખાલી પડેલી સેક્રેટરીની જગ્યા માટે અરજી કરી અને તેઓ તે સ્થાન પ્રાપ્ત કરી શકયા. નાટકનું ચેટક દાદાભાઈને કોલેજકાળ દરમ્યાન લાગેલુ. કોલેજ જીવન દરમ્યાન તેમણે અંગ્રેજી નાટકોમા એમેચ્યુઅર તરીકે ભાગ ભજવ્યો

હતો. નાટક અને રંગભૂમિ પરત્વે તેમના વિચારો ખૂબજ ઉન્નત પ્રકારના હતાં. રંગભૂમિ પર કંઇક નવું કરી છૂટવું તે તેમનો આશયહહતો, અને તે માટે તેમણે ઘણાં પ્રયત્નો કર્યાં અને સમાજ દ્વારા ચર્ચાસ્પદ બન્યા છતાં તેઓએ તત્કાલીન રંગભૂમિ પર ઘણાં આશ્ચર્યકારક પરિવર્તન કર્યાં. કેળવણી, પૈસા અને ખાનદાની ખુમારીને કારણે દાદી પટેલે વિકટોરિયાના સેક્રેટરી થયા બાદ પોતાના વિચારો પ્રમાણે કમિટીને દોરવા લાગ્યો. પરિણામે તેમની અને કમિટીના સભ્યો વચ્ચે વૈચારિક મતભેદ ઉભો થતાં કમિટીના બધા સભ્યો સ.સ.૧૮૭૦માં રાજીનામું આપી વિકટોરિયામાંથી છૂટા પડયાં. વળી ઇ.સ.૧૮૭૦ માંજ મુંબઇમા શરબત અને સોડાની દુકાનોવાળાઓએ ભેગા થઇ એક નાટક મંડળી ઉભી કરી જે 'ઇરાની નાટક મંડળી' તરીકે ઓળખાઇ જેના ઉપક્રમે શંકરશેઠની નાટકશાળામાં રુસ્તમ અને બરજોના કથાનક આધારિત નાટક ઇરાની ભાષામાં ભજવ્યું. રંગભૂમિ પર જયારે એ ભજવાયું ત્યારે કંઇક નવીન પ્રયોગો તેમાં દેખાયા જેથી સર્વને તે પાછળ કોઇ રંગભૂમિના જ્ઞાતાનો સાથ હોવાની શંકા પડી. અંતે તે વાત સાચી નીકળી. ઇરાનીઓને તૈયાર કરી તેમને સફળતાપૂર્વક રજૂ કરવામા 'ઇરાની નાટક મંડળી'મા ડીરેકટર દાદી પટેલેજ મહત્વનો ભાગ ભજવ્યો. આ નાટકને મળેલી સફળતાને કારણે નાટક અને રંગભૂમિ પરત્વે દાદી પટેલ વધુ પ્રોત્સાહિત થયા અને તેમણે નાટયક્ષેત્રે સંપૂર્ણપણે ઝંપલાવ્યું.

## ઇ.સ.૧૮૭૧ રંગભૂમિ પર ઉર્દૂ નાટકોની શરુઆત

નાટકીય જગતમાં પ્રવેશી નૂતન પ્રયોગ કરનાર દાદી પટેલના મનમાં ઉર્દૂ ભાષામાં નાટકની શરુઆત કરવાની ઝંખના તેમના મનમા ભમ્યા કરતી હતી. આના અનુસંધાનમા ડો. રતન રુસ્તમજી માર્શલ લખે છેઃ 'ઉર્દૂ નાટકની રજૂઆત અને તેના લેખનની પહેલ પણ પારસીઓએજ કરેલી...... નાટક મંડળીમાં કામ કરતા દાદી પટેલને ઉર્દૂ નાટક ભજવવાનો વિચાર આવ્યો, અને ૧૮૭૧મા એ વિચાર એણે અમલમાં મૂકયો. એણે એદલજી જમશેદજી ખોરીને ઉર્દૂ જબાનમાં નાટક લખવા આમંત્રણ આપ્યું. આ જરા વિચિત્ર હતું; કારણ એદલજી તે સમયના સારા નાટય લખનાર હતાં, પણ ઉર્દૂનું એમને જ્ઞાન નહોતું એટલે એમણે ગુજરાતીમાં 'સુનાના મૂલની ખોરશેદ' (સોનાના મુલ્યની ખુરશેદ) નામનું નાટક રચ્યું અને બહેરામજી ફરદુનજી મર્ઝબાને એનો ઉર્દૂમાં અનુવાદ કર્યો. 'વિકટોરિયા નાટય મંડળીએ ૧૮૭૧માં તે સમયનું એ પ્રથમ ઉર્દૂ નાટક મુંબઇના મંચ પર ભજવ્યું.[૧૧] આ નાટક વિશે જહાંગીર ખંભાતા લખે છે તે મુજબ તેમાં ફિરોઝશાહનું પાત્ર ખુરશેદજી બાલીવાળાએ ભજવ્યું

અને તેની 'માશુક' ખોરશેદનું પાત્ર પેસ્તનજી માદને ભજવ્યું હતું. આ ઉપરાંત અન્ય પાત્રોમાં દિલ્હીના બાદશાહ પાત્રાશાહ તરીકે હોરમસજી મોદી, સિંધના શાહ મલેકશાહ તરીકે દારાશા સહેરાબજી તારાપોર, અને ફૈઝાબાદના બાદશાહ તરીકે કાવસજી બા નામના કલાકારોએ ભાગ ભજવ્યો હતો. ધનજીભાઇ કેલાવાળા તથા ધનજીભાઇ સોલાએ પણ આ નાટકમાં અગત્યનો ભાગ ભજવ્યો હતો.

નાટકના મુખ્ય પાત્ર ફિરોઝશાહના કંઠે ગાયન મૂકેલ હોવાથી ખુરશેદજી બાલીવાળાની તે પાત્ર માટે નિયુક્તિ થઇ હતી અને તેમના નાટકીય ક્ષેત્રના પ્રવેશમાં આ પહેલું મહત્વનું પાત્ર હોવાથી તેમણે પાત્રમાં પોતાનો પ્રાણ રેડી દઇ ખ્યાતિ મેળવી અને રંગભૂમિ પર તેમની ઉત્કૃષ્ટ કારકિર્દી શરુ થઇ. 'વિકટોરિયા નાટક મંડળી'ના એક નાટકમાં 'આવાન'નું સ્ત્રી પાત્ર ભજવી જાણીતા થયેલા પેસ્તનજી માદને 'ખોરશેદ'નું પાત્ર ભજવી ખૂબજ કીર્તિ પ્રાપ્ત કરી. જહાંગીર ખંભાતા જણાવે છે તે પ્રમાણે ખુરશેદજી બાલીવાળા અને પેસ્તનજી માદનના અભિનય પર ખુશ થઇને મુંબઇના ખોજા અને મેમણ વેપારીઓ આ બન્ને અભિનેતાઓને પોતાની ઘોડાગાડીમાં બેસાડી ફરવા જવામાં આનંદ માનતા અને તેઓ આ કલાકારોને ભેટ સોગાદ પણ મોકલાવતાં. જે સમયે 'વિકટોરિયા નાટક મંડળી' ધૂમ મચાવતી હતી ત્યારે મુંબઇમાં તેનાજ જેવી એક બીજી નાટક મંડળી પણ હતી, જે 'એલફિન્સ્ટન નાટક મંડળી'નામે ઓળખાતી જેના સંચાલક કુંવરજી સોરાબજી નાઝર હતા. દાદી પટેલને મળેલી સફળતા જોઇ તેમણે પણ ઉર્દૂ નાટક ભજવવાનું તત્કાલીન પરિસ્થિતિ જોતાં સ્વીકાર્યુ જેના કારણે નાટક મંડળીની હસ્તી ટકી શકે. વળી ઉર્દૂ નાટકોને પારસી-ગુજરાતી ઉપરાંત મુસલમાન, ખોજા, મેમણ અને અન્ય કોમોનો સહકાર મળી રહેતો જોઇ કુંવરજી નાઝરે એદલજી ખોરી પાસે ગુજરાતીમાં 'નૂરેજહાન'નામનું નાટક લખાવ્યુ, જેને નસરવાનજી મેરવાનજી ખાન સાહેબે ઉર્દૂમા અનુવાદ કર્યો અને ૧૮૭૨માં શંકરશેઠની નાટકશાળાના 'એલફિન્સ્ટન નાટક મંડળી'એ ભજવ્યું. દાદી પટેલે ઉર્દૂ નાટકોની શરુઆત કરી તેના અનુકરણમાં ઉર્દૂ નાટકો ભજવાવા લાગ્યા. નૂતન કેડી પાડવામાં તેનો ફાળો અવિસ્મરણીય બની રહેશે. ઉર્દૂ નાટકની શરુઆત કરી દાદી બેસી રહયો નહોતો. તેના મગજમાં કંઇક નવું કરવું તે હંમેશા ઘૂમ્યા કરતું અને તેનાજ કારણે તેણે એક નવું સાહસ કર્યું તે ઉર્દૂ ગીત-નાટક-'ઓપેરા' ભજવવાનુ.

ઉર્દૂ ગીત-નાટક ભજવવાનો વિચાર તેને આવ્યો અને તેના કુશળ અભિનેતાઓને કારણેજ તે ભજવવાનું સાહસ તેણે કર્યું. ખુરશેદજી બાલીવાલા અને પેસ્તનજી માદન જેવા કલાકારો સારા અભિનેતા ઉપરાંત ગાયક પણ હતા. આ બધા અનુકુળ સંજોગ જોતા દાદી પટેલે

નસરવાનજી મેરવાનજી ખાન સાહેબને 'આરામ' ઉર્દૂમાં એક ઓપેરા રચવા કહ્યું. નસરવાનજી ખાનસાહેબ વિકટોરિયા તેમજ એલફિન્સ્ટન નાટક મંડળી માટે ઉર્દૂ નાટકો રચ્યાં. દાદી પટેલના સૂચનથી નસરવાનજી ખાન સાહેબે 'બેનઝીરબદરે મુનીર' રચ્યું. દાદી પટેલે તેને 'વિકટોરિયા નાટક મંડળીના' ઉપક્રમે ભજવ્યું. આ નાટકમાં 'બેનઝીર'નું પાત્ર ખુરશેદજી બાલીવાલાએ અને 'બદરે મુનીર'નું પાત્ર પેસ્તનજી માદને ભજવ્યું હતું. આ બે અભિનેતાઓ 'વિકટોરિયા નાટક મંડળી'નું આકર્ષણ હતાં. પરંતું 'ઓપેરા' હોવાને કારણે બધાજ કલાકારોને થોડું ઘણું ગાવાનું રહેતું. માહરુખસર પરીનું પાત્ર દાદી પટેલે નસરવાનજી માદનને સોંપ્યું હતું, તે પેસ્તનજી માદનનો ભાઇ થતાં હતાં. 'રુસ્તમ-સોહરાબ'ના નાટકમાં તહેમીનાનું સ્ત્રી પાત્ર તેણે સુંદર રીતે ભજવ્યું હોવાના કારણે તે 'નસલુ-તહેમીના'ના નામે ઓળખાતો હતો. નસરવાનજી માદન ગાયક કલાકાર ન હતા છતાં દાદી પટેલના સૂચનથી તેમણે ગાયક કલાકાર તરીકે અભિનય આપ્યો, પરંતું આશ્ચર્યની વાત તો એ છે કે ત્યારબાદ તેઓ ગાયક કલાકાર તરીકે અવારનવાર સ્ટેજ પર દેખાવા લાગ્યા.

નજૂમીનું પાત્ર ભજવવા દાદી પટેલને આ ગીત-નાટક માટે સારા કલાકારની જરુર પડી જેને શાહનું ભવિષ્ય ગાયન દ્વારા રજૂ કરવાનું હતું. આ પાત્ર ભજવવા યોગ્ય કલાકાર ના મળતાં દાદી પટેલે તે પાત્ર ભજવવા ખુરશેદજી બાલીવાળાના પિતા મેરવાનજી મંચેરજી બાલીવાળાને સૂચન કર્યુ. મેરવાનજી બાલીવાળા આ સૂચન સાંભળી આશ્ચર્યમાં પડી ગયા કારણ કે તેમને ગાતા આવડતું ન હતું તેથી તેમણે શરુઆતમાં ઇન્કાર કર્યો. દાદી પટેલે તેમને સમજાવતાં કહ્યું કે તેમની સાથે તેમના પુત્ર પણ હશે જેથી કોઇ તકલીફ નહી રહે. ઓપેરા ભજવાયું અને દરબારના દૃશ્યમાં ખુરશેદજી બાલીવાળા પંડિતના વેશમાં પિતા સાથે આવતાં અને તે કાર્ય સંભાળી લેતા. 'બેનઝીર-બદરે મુનીર' ઓપેરા ખૂબજ સફળતાપૂર્વક ભજવાયું. વળી ત્યારબાદ જેમ નરસવાનજી માદન આ ગીત નાટકમાં ભાગભજવી ગાયક-કલાકાર તરીકે દેખાવા લાગ્યો હતો તેવી રીતે મેરવાનજી બાલીવાળા પણ ત્યારબાદ નાટકોમાં ગાયક કલાકાર તરીકે દેખાવા લાગ્યાં.

ઉર્દૂ નાટક અને ઉર્દૂ ગીત-નાટક ભજવવાની શરુઆત કરવાનો દાદી પટેલનો આ પ્રથમ પ્રયત્ન હતો. અને બન્ને નૂતન પ્રયોગો તેણે ખૂબજ સફળતાપૂર્વક રજૂ કર્યા અને નૂતન કેડીના મંડાણ રંગભૂમિ પર શરુ કર્યા. ઉર્દૂ નાટક તથા ગીત-નાટકમાં જે સફળતા દાદી પટેલને મળી તે 'વિકટોરિયા નાટક મંડળી'ના બે મહાન કલાકારને આભારી હતી. દાદી પટેલના આ ઉત્થાન કાળમાં ખુરશેદજી બાલીવાળા યુવાન હતાં અને તેમણે ખૂબજ થોડા સમયમાં નાટક અને ગીત-સંગીત પર પ્રભુત્વ મેળવ્યું હતું. બીજા મહાન કલાકાર તે પેસ્તનજી ફરામજી માદન. 'પેસુ આવાન' ના નામે નાટકની દુનિયા પ્રસિધ્ધ થયેલ આ કલાકાર શેકસપીયરના 'પેરીકલીસ'

ઉપરથી રુપાંતર કરેલ નાટક 'દાદે દરીઆવ' યાને 'ખુશરુનો ખાવીંદ ખુદા' માં આવાન નામની યુવાન બાળાનું પાત્ર ભજવી 'પેસુ આવાન' ના નામે પ્રખ્યાત થયો. જે દાદી પટેલના મૃત્યુ બાદ પોતાના ભાઈ જમશેદજી ફરામજી માદન સાથે કલકત્તા જઈ વસ્યો હતો.

## વિકટોરિયાનો પ્રવાસ

દાદી પટેલના પ્રયાસ પહેલા મુંબઈ બહાર વિકટોરિયા નાટક મંડળી કે બીજી કોઈ નાટક મંડળીએ ભજવાની શરુઆત કરી હોય તેમ જણાતું નથી. નાટકના આ સિધ્ધહસ્ત ખેલાડીને દેશના વિવિધ શહેરોમાં નાટક ભજવવાની તમન્ના હતી. તે દરમ્યાન દાદી પટેલને હૈદરાબાદ નાટક કંપની લઈ આવવાનુ આમંત્રણ મળ્યું અને તે અંગેની યોગ્યવ્યવસ્થા કરવાની બાંહેધરી પણ મળી. પરિણામે યુવાન દાદી પટેલે હૈદરાબાદ 'વિકટોરિયા નાટક મંડળી'લઈ જવું એમ નક્કી કર્યું. આ તેનો પ્રથમ પ્રયાસ હતો. 'વિકટોરિયા નાટક મંડળી'ના બધાજ કલાકાર દાદી પટેલસસાથે જવા સહમત ન થયા, પરિણામે જે આગેવાન કલાકારો જઈ ના શકયા તેમણે મુંબઈમાં 'વિકટોરિયા થિયેટરમાં' પોતાના નાટકો ચાલુ રાખ્યા. ઈ.સ.૧૮૭૨માં હૈદરાબાદ જવાની તૈયારીઓ શરૂ થઈ એટલુંજ નહીં પણ સારા એવા કલાકારના વૃંદ સાથે 'વિકટોરિયા નાટક મંડળી' હૈદરાબાદની સફરે ઉપડી. હૈદરાબાદમાં નવાબ નીઝામ અમીર ઉમરાવ અને એટલે સુધી કે નવાબના મહેલમાં પણ દાદી પટેલે નાટક ભજવી કીર્તિ અને કલદાર પ્રાપ્ત કર્યાં. હૈદરાબાદની સફરેથી પાછા ફરી દાદી પટેલે 'વિકટોરિયા નાટક મંડળી'ની માલિકી કુંવરજી નાઝરને સોંપી દીધી. પરંતુ તે પૂર્વે નાટકના ક્ષેત્રમાં એક સારા અભિનેતા તરીકે પોતાની કળા બતાવવાની તક તેણે જતી નહીં કરી. એક અભિનેતા તરીકે પોતાની કળા નાટયરસિકોને દેખાડવી તેવો નિશ્ચય કર્યા બાદ દાદી પટેલે નસરવાનજી ખાનસાહેબ રચિત 'હાતીમ બીન તાઈ' નામના નાટકમાં હાતિમનું પાત્ર ભજવવાનું નક્કી કર્યું. પોતાની સાથે ખુરશેદજી બાલીવાળા અને પેસ્તનજી માદન જેવા કલાકારો હોવાને કારણે નાટકમાં ભાગ લેવાનો તેનો નિશ્ચય વધુ દૃઢ થયો.

દાદી પટેલ એક ખાનદાન કુટુંબનો યુનીવર્સીટીની પદવી પામેલો નબીરો સ્ટેજ પર ઉતરવાનો છે તે વાતનો પ્રચાર થતાં પારસીઓની લાગણી ઉશ્કેરાઈ. ઉપરોકત હકીકત જોતાં સ્પષ્ટ થાય છે કે તત્કાલીન જમાનામાં ખાનદાનીને કારણે કે નાટકના ઉધોગનવિષેની ગેરસમજને કારણે નાટકમાં ભાગ લેવો તે કેટલું મોટું સાહસ હતું. ઘણાં સારા કલાકારોએ કદાચ સમાજની

બીકને કારણે નાટકમાં ભાગ નહીં લીધો હોય તેવું અનુમાન કરીએ તો તે અનુચિત નહીં ગણાય. દાદી પટેલે ક્યારેય કોઇપણ ટીકાથી પોતાનો નિર્ણય બદલ્યો નહોતો. અંતે એમ નક્કી કર્યું કે 'હાતીમ બીન તાઇ' નાટકને તમામ યાંત્રીક દૃશ્ય રચના થકી ભજવવું અને તેમાં હાતીમનું પાત્ર ભજવી પોતાની કળાકાર તરીકેની ઓળખ લોકોને આપવી. જે દિવસે ખેલ 'વિક્ટોરિયા થિયેટર'માં ભજવાયો તે દિવસે દાદી પટેલને સ્ટેજ પર જોવા પારસી કોમના લોકો અને નાટ્યરસિકો ઉમટી પડ્યાં. દાદી પટેલે પોતાના માટે લખાયેલા આ ખેલનો તેણે સંપૂર્ણ અભ્યાસ કર્યો બાદ સ્ટેજ પર ઉતરવાની જાહેરાત કરી હતી અને તેને ખૂબજ સફળતાપૂર્વક ભજવી મુંબઇ નાટકી આલમમાં સારા અભિનેતાનું માન તે મેળવી ગયો. 'હાતીમ બીન તાઇ' ઉપરાંત 'આલમગીર' જે શેક્સપીયરના 'સીમ્બેલીન' પરથી રચાયું તેમાં પણ તેઓએ મહત્વનું પાત્ર ભજવી પોતાનું નામ ઉચ્ચ કોટિના કલાકારોની હરોળમાં મૂકી દીધું. પોતાના નાટ્યક્ષેત્રના સમય દરમ્યાન દાદી પટેલ સતત જાગરુક કલાકાર અને દિગ્દર્શક તરીકે કામ કરતો રહયો. નાટકને એક ઉચ્ચ કોટિની કળામા મૂકવા માટે તેણે ઘણા પ્રયત્નો કર્યા, ઘણો બદનામ થયો. નાટકમા સ્ત્રી પાત્રોનો અભિનય પુરુષ પાત્ર કરતાં હોવાના કારણે કલાકાર ગમે તેટલો ઉચ્ચ કોટિનો હોય છતાં પણ તેના પાત્રમા આવતી કૃત્રિમતા છતી થયા વિના રહેતી નહીં. પરિણામે નવી સૂઝ અને કેળવાયેલી દૃષ્ટિને કારણે દાદી પટેલને સ્ત્રીઓને જે સ્ત્રી પાત્રમાં રજૂ કરવાની આવશ્યકતા લાગી અને તે માટે તે સક્રિય બન્યો.

## સ્ત્રી પાત્ર તરીકે સ્ત્રીનું સ્ટેજ પર આગમન

નાટકની રંગભૂમિ પર કંઇક નવું કરવાની પ્રવૃત્તિ માટે દાદી પટેલ પ્રખ્યાત હતાં. રંગભૂમિ પર સ્ત્રી પાત્રને ઉતારવાની શરુઆત કરી ત્યારે દાદી પટેલે 'વિક્ટોરિયા નાટક મંડળી'થી જૂદા થઇ 'ઓરીજીનલ વિક્ટોરિયા નાટક મંડળી' ચલાવતા હતા. આ નાટ્ય સંસ્થાની સ્થાપના કેવા સંજોગોમાં થઇ તેની ચર્ચા અત્યારે અપ્રસ્તુત છે પરંતુ આ મંડળી સ્થપાઇ ત્યારે કંઇક નવું કરી બતાવવાની મહેચ્છા રાખનાર દાદી પટેલે સ્ત્રી પાત્રને સ્ટેજ પર રજૂ કરવાનો મનસુબો ઘડ્યો. તત્કાલીન સમાજની પરિસ્થિતિ જોતા દાદી પટેલની કેળવણી, ખાનદાની અને સામાજિક દરજ્જો જોતાં આ એક અતિ કપરુ સાહસ હતું. સૌ પ્રથમ મુશ્કેલી તો સ્ત્રી કલાકાર શોધવી એ હતી. તે કાળે ખાનદાન પુરુષો પણ નાટકમાં કામ કરતાં અચકાતા હોય તો સ્ત્રીઓની તો વાતજ કયાં ? કોઇ ખાનદાન કુટુંબની સ્ત્રી સ્ટેજ પર ભાગ લેવાનું પસંદ ન કરે એ સ્વાભાવિક હતું. તે જોતાં દાદી પટેલની નજરમાં હૈદરાબાદની ગાનારીઓ યોગ્ય લાગી.

'ઓરીજીનલ વિકટોરિયા કલબ'ની સ્થાપના કર્યા બાદ દાદી પટેલ કુંવરજી નાઝરના પ્રતિસ્પર્ધિ બન્યા તે સ્વાભાવિક છે અને તેથીજ પોતાની આ નવી નાટક મંડળીમાં 'ઇન્દ્રસભા'નું આયોજન કરી સ્ત્રી કલાકારોને રંગભૂમિ પર દાખલ કરવા અને તેમની સાથે પોતે પણ અભિનય કરવાનો નિશ્ચય કર્યો. હૈદરાબાદની ગાનારીઓ સાથે દાદી પટેલ 'ગુલફામ'નો અભિનય કરનાર છે તેથી જાહેરાત થતાં ચિત્ર-વિચિત્ર અફવાઓ શરુ થઇ. વળી 'ઇન્દ્રસભા' દાદી પટેલે વિકટોરિયા થિયેટરની બાજુમાં આવેલા એલફિન્સ્ટન થિયેટરમાં ભજવવાનુ નક્કી કર્યું. હજુ સુધી એલફિન્સ્ટન થિયેટરમાં કોઇપણ નાટક ભજવાયું ન હતું. 'ઇન્દ્ર સભા' દ્વારાજ તેનું ઉદ્‌ઘાટન થવાનું હતું. જેને કારણે શરુઆતના તબક્કામાં તેનો ઉત્સાહ અને આનંદ અનેરો હતો. ખૂબજ સફળ રીતે 'ઇન્દ્રસભા'નું આયોજન કરવા માટે ઉચ્ચ કોટિની દૃશ્ય રચના અને ડ્રોપસીન તૈયાર કરાવ્યો. જે દિવસે 'ઇન્દ્રસભા'ની ભજવણી થવાની હતી ત્યારે ઘણા બધાને પાછા ફરવું પડયું હતું.પડદો ઉપડતાની સાથેજ ગાનારીઓ સ્ટેજ પર આવી અને થિયેટરમાં ધમાલ શરુ થવા લાગી. પરંતું જયાં 'ગુલફામ'ના પાત્રમા દાદી પટેલે જેવા સ્ટેજ પર આવ્યાં ત્યાંજ તે વખતના જાણીના શેઠ ફરામજી દાવર ગુસ્સે થઇ બોલ્યા: 'અરે, અંદર જા તારા બાપના નામને એબ લગાડે છે'[૧૨] નાટકશાળામાં ધમાલ મચી, પોલીસ આવી અને જેટલા ઉમંગ-ઉત્સાહ અને સફળ પરિણામની આશા દાદી પટેલે રાખી હતી તેટલીજ તેમાં નિષ્ફળતા મળી. દાદી પટેલ ખૂબજ હતોત્સાહ થયા. તેમના નૂતન દૃષ્ટિકોણની કોઇએ કદર ના કરી. ગમે તે હો પરંતું રંગભૂમિ પર સ્ત્રી કલાકારોનું આગમન થયું અને તે પારસીઓ દ્વારા તે ઐતિહાસિક ઘટનાનો સાક્ષી તરીકે આજે પણ ઇતિહાસ આપણી સમક્ષ મોજૂદ છે.

## નાટકમાં સ્ત્રીઓનું આગમન અને પરિણામ

નાટકમાં સ્ત્રી પાત્ર દાખલ કરવાનો દાદી પટેલનો અખતરો તે સમયે નિષ્ફળ નિવડયો. જે દૃષ્ટિકોણથી દાદી પટેલે સ્ત્રી પાત્રોને દાખલ કરવાની ઉમેદ રાખી હતી તેને કલંક લગાડવામાં કેટલીક લેભાગુ વ્યકિતઓના કારણે નાટકની પ્રતિષ્ઠા જોખમાઇ. પરિણામ એ આવ્યુ કે દાદી પટેલના નિષ્ફળ ગયેલા પ્રયોગને પરિણામે ઘણાં લાંબા સમય સુધી સારી (આબરુદાર) ગણાતી નાટક મંડળીઓએ સ્ત્રી પાત્રોને સ્ટેજ પર લાવવાની હિંમત ના કરી. બીજો દુ:ખદ ઘટના એ બની કે દાદી પટેલે કરેલા પ્રયોગોને કારણે અને તેમાંય ખાસ કરીને સ્ત્રી પાત્રોને સ્ટેજ પર રજૂ કરવાની પહેલ બાદ બીજી ઘણી નાટક મંડળીઓ ખુલવા લાગી જેણે નાટકને કયારેય ગંભીર રીતે સ્વીકાર્યું.નહી અને તે મંડળીઓએ 'મુસલમાનો અને હલકી

નાતીની સ્ત્રીઓએ સ્ટેજ ઉપર દાખલ કરી તેઓ પાસે ગાયનો ગવડાવવા માંડયા.[13] પરિણામે દાદી પટેલે જે રીતે સ્ટેજ પર સ્ત્રીઓનું આગમન સ્વીકાર્યું હતું તેનાથી કંઇક વિપરીત પરિણામ આવ્યું એટલુંજ નહી પણ આ નાટક જોવાવાળો એક બીજો વર્ગ ઊભો થયો. આ પ્રકારના નાટકો ભજવતી નાટક મંડળીઓએ ટિકિટોના ભાવ ઓછા કરી નાખ્યા. આમ ઓછા ભાવે સ્ત્રી પાત્રવાળું -નાચગાનવાળું નાટક જોનારાઓથી હાઉસ ફૂલ જવા માંડયા. પરંતુ કાબરાજી, કુંવરજી નાઝરે અને દાદી પટેલે ઊભો કરેલ એક વિશિષ્ટ પ્રકારનું 'ઓડીયન્સ' આ નાટકો જોવા જતું નહીં. આમ નાટક કેટલોક કુપાત્રોના હાથે ચઢી ગયું. પરિણામે તેમણે કરેલા 'ઉદર પોષણ અંગેના સ્થૂળ' પ્રયોગો અને તેમાં નિષ્પિન્ન થયેલ બિરુપ પરિણામોને કારણે નાટકનું અને નાટયશાળાનુ નામ સાંભળી લોકો ગભરાવા લાગ્યા એટલુંજ નહીં પણ શિક્ષિત વર્ગ તરફથી પણ નાટકની ઉપેક્ષા થવા લાગી. સ્ત્રીઓના આગમનને કારણે કેવાં વિપરીત પરિણામ આવ્યાં તે વિષે નોંધતાં શ્રી ધનજીભાઇ પટેલ નોંધે છે કે, 'મુંબઇના નાટક તખ્તા અને તેની કારસાજીની જે પડતી આવી, અને તેની ખરાબી થઇ હતી; તે નાટક તખ્તા ઉપર સ્ત્રી ખેલાડીઓને દાખલ કીધાથીજ થઇ હતી.[14] આ વાતની ચર્ચા કરતાં તેઓ આગળ નોંધે છે કે સઘળી નાટક ટોળીવાળાઓને માટે મારે આ ટીકા લખવી નથી, પણ જેઓ ખરા દોષીત હતાં, તેઓને માટેજ મારે આ ટીકા કરવા પડયા છે.[15]

સ્ત્રીઓનું રંગભૂમિ પર આગમન લાવવાના પ્રયત્નોને કારણે સ્ત્રી પાત્ર નાટકમાં દાખલ થયા. પણ તેના કારણે મડળીઓના સામાજિક દરજ્જો તૂટી ગયો એટલુંજ નહી પણ આર્થિક રીતે પણ આ સ્ત્રી પાત્ર મંડળીને સહાયરુપ થઇ ના શકયા. ઉર્દૂ નાટકોમાં પાત્ર ભજવવા માટે નાચવાનો ધંધો કરતી સ્ત્રીઓ સ્ટેજ પર પાત્ર ભજવવામાં બહુધા નિષ્ફળ જતી, વળી બીજું ખતરનાક પરિણામ એ આવ્યું કે પુરુષ પાત્રો ભજવતાં અદાકારો તેમના મોહપાશમાં ફસાયા અને તેમનું ગૃહસ્થી જીવન બરબાદ કરી બેઠા. નાટકના તખ્તા પર સ્ત્રી કલાકારોનું આગમન કયારે અને કોના દ્વારા થયું તે પ્રશ્ન અત્રે અપ્રસ્તુત ન ગણાવી શકાય. પાશ્ચાત્ય રંગભૂમિ કરતાં આપણી રંગભૂમિ ઘણી પાછળ છે. પારસી નાટક સાહિત્યના અભ્યાસી શ્રી ધનજીભાઇ પટેલ તેમના 'પારસી નાટક તખ્તાની તવારિખ'માં જણાવે છે તેમ 'હિન્દુસ્થાનનો નાટક તખ્તો, નાટકના સુધારા વધારામાં વેલાતના સ્ટેજથી, પુરેપુરો ૩૦૦/ વરસ પછાત પડેલ છે.'

પાશ્ચાત્ય રંગમંચ પર ઇ.સ.૧૬૧૬ સુધી સ્ત્રી પાત્રનો અભિનય પુરુષો કરતા આવ્યા છે. શેકસપીયરના સમય બાદ ત્રીસથી ચાલીસ વર્ષ સુધી અંગ્રેજી રંગભૂમિ પર સ્ત્રી પાત્રનો પ્રવેશ થયો

ન હતો. અંગ્રેજી છોકરાઓ દ્વારા ભજવાતા સ્ત્રી પાત્રવાળા નાટકમાં આવતી કૃત્રિમતા કઠી, પરિણામે અંગ્રેજી રંગભૂમિ પર સ્ત્રી પાત સ્ત્રીઓ દ્વારાજ ભજવાય તેવા ચક્રો ગતિમાન થયા. પરિણામે ઇ.સ.૧૬૫૬ માં રંગભૂમિ પર સ્ત્રી પાત્રનું આગમન થયુ અને તે હતાં મીસીસ કોલમેન જેમણે સૌ પ્રથમ The Siege of Rohdes નામના નાટકમાં અભિનય આપ્યો. જ્યારે ભારતીય તખ્તા પર સ્ત્રી પાત્રને રજૂ કરવાની જહેમત શ્રી દાદી પટેલ ઉઠાવી એટલુંજ નહીં પરંતું હૈદરાબાદની ચાર ગાનારીઓને સ્ટેજ પર લાવી રંગભૂમિ પર સ્ત્રી પાત્રનો પ્રવેશ કરાવ્યો.

બે વર્ષ સેક્રેટરી પદ ભોગવ્યા બાદ દાદી પટેલ 'વિકટોરિયા નાટક મંડળી'થી છૂટા પડયા. વિકટોરિયાથી છૂટા પડયા બાદ તેમણે કુંવરજીની હરીફ તરીકે 'ઓરીજીનલ વિકટોરિયા' શરુ કરી. કુંવરજી નાઝરની નજર દિલ્હીમાં ભરાનાર સરકારી ઉત્સવ તરફ હતી જેમાં નાટકો ભજવી ખૂબજ પૈસો કમાઇ લેવો. પરિણામે પોતાના સારા કલાકારોને સમજાવવાનું તેમણે શરુ કર્યુ કે જેથી તેઓ તેમને દગો દઇ 'ઓરીજીનલ વિકટોરિયા'માં મળી ના જાય. કલાકારોને સાચવવાના તેમના પ્રયત્નો અંતે પણ પેસ્તનજી માદન નામનો એક સ્ત્રી પાત્ર ભજવનાર કલાકાર દાદી પટેલની સાથે જવાના કારણે તેની જગ્યાએ સ્ત્રી પાત્ર ભજવે તેવા નવા કલાકારની શોધ આદરી અને તે એદલજી દાદાભાઇ નામનો કલાકાર મળી આવ્યો જે પાછળથી એદુ કોલેજરના નામથી ઓળખાયો હતો. એદુ કોલેજરની સાથે એક બીજો નવો કલાકાર મળી આવ્યો જે અરદેશર 'અદો'ના નામથી પ્રખ્યાત હતો. આમ કુંવરજી નાઝરમાં પેસ્તનજી માદનના જવાથી જે નિરાશા આવી ગઇ હતી તે આ બે કલાકારોના આગમન સાથે દૂર થઇ અને 'વિકટોરિયા કલબ'ની એ જૂથ દિલ્હીની સફરે ઉપડયુ. ઇ.સ.૧૮૬૪ ની સાલમાં કુંવરજી નાઝર તેમની 'વિકટોરિયા કલબ'ને લઇ દિલ્હીની મુસાફરીએ ઉપડાયા ત્યારે તેમના હસ્તક તેમની 'એલફિન્સ્ટન નાટક મંડળી' પણ હતી. આ મંડળીના માલીક પણ તેઓ હોવાને કારણે તેમણે 'એલફિન્સ્ટન નાટક મંડળી'ના નાટકો મુંબઇમાં ચાલુ રાખવા તેમણે દાદાભાઇ રતનજી ઠુંઠીને પગારદાર તરીકે રોકી ડાયરેકટર તરીકે નિયુકત કર્યા અને કંપનીની સર્વ જવાબદારી તેમને સોંપી. 'વિકટોરિયા નાટક મંડળી'ના જુથ સાથે દિલ્હીની મુસાફરીએ ઉપડયાં.

એદૂ કોલેજર વગર દિલ્હી જઇ પહોંચેલી વિકટોરિયા કલબે પોતાનો માંડવો નાંખી નાટકો ભજવવાની પૂર્વભૂમિકા તૈયાર કરી દિધી હતી તે દરમ્યાન કુંવરજી નાઝરે છોડેલા ગુપ્તચરો એદુ કોલેજરને પટાવી દિલ્હી મુકામે લાવ્યા અને પરિણામે સર્વના જીવ હેઠે બેઠા. એદું કોલેજરના આગમનથી વિકટોરિયાએ પોતાના નાટકો ભજવવાના શરુ કર્યા અને તેમાંય

'ગોપીચંદ' રાજાનું પ્રથમ નાટક ભજવવાનું નક્કી કર્યું. 'ગોપીચંદ'નાટક નસરવાનજી ખાંન સાહેબે લખ્યો હતો જે મુંબઇમાં ભજવાઇ ચૂકયો હતો. આ નાટકમાં લોટનનો ભાગ ખુરશેદજી બાલીવાલા ભજવતા જેમને જોગન (કાવસજી કન્ટ્રાકટર) ચાબકા મારી નાચ નચાવતાં. આ દ્રશ્યની રજૂઆત વખતે ખુરશેદજી પગની એડીમાં આખો ખીલો પેસી ગયો અને એક અકસ્માત સર્જાયો. દરેક કંપનીમાં અકસ્માતોની પરંપરાનો સર્જાતી રહેલી જોવા મળે છે. દિલ્હીમાં વિકટોરિયાના નાટકો ભજવાયા અને ત્યારથી કંપની કલકત્તા પહોંચી તે દરમ્યાન અકસ્માતો તો સર્જાતાજ રહયા તેમાંય એદુ કોલેજર અને અદા વચ્ચે ઝનુનીસ્વભાવને કારણે યુધ્ધ, ડોસાભાઇ મગોલ અને કુંવરજી વચ્ચે 'વાકસ્પર્ધા'અને દિલ્હીના રહેઠાણ દરમ્યાન કુંવરજી નાઝરનો જરનાલીસ્ટ મિત્ર જે મોસીસ કવોડરુસેને ત્યાંજ દિવસ રાત રહેવા લાગ્યો હતો તેણે ગાડીમાં કંપનોના કલાકારો દ્વારા મશ્કરી થવાને કારણે કંપનીનુ ભોજન નહીં લેવાનું નક્કી કર્યું અને પરિણામે કોલેરા થયો જે કલકત્તા પહોંચતાં ડોકટરી તપાસ દરમ્યાન મહામહેનતે સારો થયો. આવા બધા બનાવો બનતાજ રહયા. આવા પ્રસગોમાથી પસાર થયા બાદ કંપની કલકત્તા પહોંચી.

આમ ઘણાં બધા વિઘ્નો હોવા છતાંય 'વિકટોરિયા નાટક મંડળી' કલકત્તા ખાતે 'એઝરા સ્ટ્રીટ'માં પોતાનો પડાવ નાંખ્યો. ઇ.સ.૧૯૭૪ પહેલા કોઇપણ નાટક મંડળી કલકત્તાના પ્રવાસે ગઇ નહોતી પરીણામે કલકત્તા નિવાસીઓ તરફથી આ કંપનીને સારો સહકાર મળ્યો હોવો જોઇએ. નાટકોની ભજવણી માટે કુંવરજી નાઝરે ચૌરંગી પર આવેલું લુઇસ થિયેટર જે હાલમાં રોયલ થિયેટર તરીકે ઓળખાય છે તે રોકયું હતુ. કલકત્તા પહોંચ્યા બાદ વિકટોરિયા નાટક મંડળીના નામે જાહેર ખબરો આપી જેમાં ઉર્દૂ નાટક-ઓપેરા અંગેનો નિર્દેષ ખૂબજ જોરદાર કરવામાં આવ્યો. પરિણામે બંગાળી સંગીતકારોએ પારસી ગાયકોને સાંભળવા માટે પોતાના નિવાસસ્થાને એક મુલાકાત યોજી. બંગાળી ગાયકો સાથે ચર્ચા કરવા ગયેલા ખુરશેદજી બાલીવાલા, ડોસાભાઇ મગોલ, એદુ કોલેજર, અરદેશર આદિ ગાયકોએ બંગાળી ગાયકોના સૂર અને રાગ અંગેના પ્રશ્નોના જવાબ આપી ના શકયા અને તે મુલાકાતના અંતે જે નિર્બળતા પારસી ગાયકોમાં હતી તે અંગેનો સ્પષ્ટ ખ્યાલ આપતા કુંવરજી નાઝરને જણાવ્યું કે જો પારસી ગાયક-કલાકારો કલકત્તામાં ગાવા નીકળશે તો સરિયામ નિષ્ફળતા મળશે. કુંવરજી નાઝર કલકત્તામાં ઇન્દ્રસભા ભજવવા માગતા હતાં. જેમાં ખુરશેદજી બાલીવાલાની સલાહથી પાત્ર બદલી નાખ્યાં અને મુંબઇ ટેલીગ્રામ કરી દાદાભાઇ ઠુંઠી, નસરવાનજી પારેખ અને ડોસાભાઇ દુબાશ નામના ત્રણેય મહારથીઓને કલકત્તા બોલાવી લીધા. જેમણે કલકત્તામાં ભજવાયેલી ઇન્દ્રસભામાં અનુક્રમે ઇન્દ્રરાજા, ગુલફામ અને

લાલદેવના પાત્રો ભજવ્યા હતા. ખાસ નવા ડ્રેસ આ ઈન્દ્રસભા ભજવવા માટે તૈયાર કરાવ્યા. દાદાભાઇ ઠુંઠી અને નસરવાનજી પારેખે પોતાના પાત્રમાં સંપૂર્ણ કલા બનાવી ખૂબજ સફળતા-પૂર્વક ભજવી કલકત્તામાં તેમનું તેમજ વિકટોરિયા નાટક મંડળીનું નામ રોશન કરી ગયા. કલકત્તામાં વિકટોરિયા નાટક મંડળી થોડાક અઠવાડીયા રોકાઇ મુંબઇ પાછી ફરતાં તેમણે બનારસમા એક-બે ભજવ્યા અને ત્યારબાદ મુંબઇ પાછા ફર્યા. મુંબઇ પાછા ફર્યા બાદ કુંવરજી નાઝર 'વિકટોરિયાકલબ'ને લઇ પુનાની મુસાફરીએ ઉપડયા. ઉત્તર હિન્દુસ્તાન અને પુનાની વિકટોરિયાની મુસાફરી આર્થિક રીતે સફળ નિવડી નહી હોય. કારણ કે પુનાની મુસાફરીએથી પાછા આવ્યા બાદ કુંવરજી નાઝરે વિકટોરિયાના મોટા પગારવાળા કલાકારોની એક મિટિંગ બોલાવી. આ મિટિંગમાં ખુરશેદજી બાલીવાલા, ડોસાભાઇ મગોલ, ધનજીભાઇ ઘડીયાળી, ફરામજી અપુ, કાવસજી કન્ટ્રાકટર, મેરવાનજી બાલીવાલા, પેસ્તનજી લાલી આદિ કલાકારો હાજર રહયા. આ મિટીંગમાં કુંવરજીએ જણાવ્યું કે પોતે બે નાટક મંડળીઓ એક સાથે ચલાવી શકે તેમ નથી. પરિણામે વિકટોરિયાના મોટા પગારવાળી કલાકારોને ભેગા મળી ભાગીદાર બની. 'વિકટોરિયા નાટક મંડળી' ચલાવવાનું સૂચન કર્યું. અંતે વાદવિવાદના પરિણામે (૧) ખુરશેદજી બાલીવાલા (૨) ડોસાભાઇ મગોલ (૩) ધનજીભાઇ ઘડીયાલી (૪) ફરામજી અપુએ વિકટોરિયા નાટક મંડળી ખરીદી લેવાની તૈયારી બતાવી. આ ચારેય મહારથીઓ સારા કલાકાર તો હતાંજ તેમા આજેય કોઇ વિદ્વાન શંકા લાવી શકે તેમ નથી. પરંતુ આ ચારેય-માંથી કોઇપણ કલાકારે ડાયરેકટર કે માલિક તરીકે કોઇ પણ કંપની ચલાવી નહોતી. પરિણામે કલાકારોએ એલફિન્સ્ટનમા પગારદાર ડાયરેકટર તરીકે કામ કરતાં દાદાભાઇ ઠુંઠી 'દાદી ક્રાઇસ્ટ' સાથે વાતચીત ચલાવી તેમને પોતાની વિકટોરિયાના ભાગીદાર બનો ડાયરેકટર બનાવાનું આમંત્રણ આપ્યું: જે દાદી ઠુંઠીની થોડીક શર્તો સ્વીકારતા દાદી ઠુંઠી માન્ય રાખ્યું અને અંતે વિકટોરિયા કલબના પાંચ માલિકો બન્યા અને તે

૧. દાદાભાઇ ઠુંઠી
૨. ખુરશેદજી બાલીવાલા
૩. ડોસાભાઇ મગોલ
૪. ધનજીભાઇ ઘડીયાલી
૫. ફરામજી અપુ

## વિકટોરિયા નાટક મંડળી અને તેના નવા પાંચ માલીકો.

વિકટોરિયા નાટક મંડળીની લગામ હાથમા લીધા બાદ તેના નવા ડાયરેકટર દાદી ઠુંઠી તેના ડ્રેસ, પડદા નવેસરથી સુધરાવી મંડળી લઇ બહારગામ જવાની તૈયારીઓ શરુ કરી દીધી. આ સમય દરમ્યાન નવા નાટકો તૈયાર ન હોવાથી દાદી ફાઇસ્ટે નવો પ્રોગ્રામ આપવાનું શરુ કર્યુ: જેમાં નાટકની શરુઆતમા કમ્પનીના બધાજ કલાકારોને જલસો કરવા બેસાડયા. દાદાભાઇ ઠુંઠી 'દાદી ફાઇસ્ટ'એ પ્રેક્ષકોને આકર્ષવા માટે અને હાઉસ ચિક્કાર કરવા માટે 'જલસા'ની શરુઆત કરી જેમાં તેમને ખૂબજ સફળતા મળી. એક ખૂબજ બાહોશ ડાયરેકટર તરીકે દાદાભાઇ ઠુંઠીએ આ નવીન કેડી પાડી એટલુંજ નહી પણ આ જલસામાં ગાવા તેઓ પોતે પણ બેસતા જેથી બીજા કોઇપણ કલાકાર ના પાડી શકતા નહી. આ પ્રોગ્રામ મોટાભાગના કલાકારો પોતાનુ ગાયન રજૂ કરતાં અને જલસાની અંતે આખી કંપનીની તમામ વ્યકિતઓ એક કોરસ રજૂ કરી 'જલસા'ની પૂર્ણાહુતી કરવામાં આવતી. આમ 'જલસા'ના પ્રોગ્રામને કારણે વિકટોરિયાને સારી એવી આવક થઇ જેના પરિણામે આનું અનુકરણ પાછળથી અનેક ઉર્દૂ નાટક મંડળીવાળાઓએ શરુ કર્યું. દાદાભાઇ ઠુંઠીએ શરુ કરેલ આ જલસાની એટલી પ્રબળ અસર પડી કે મોટા પગારવાળા ઉસ્તાદ કહેવાતા તેવા ગાયક કલાકારો પણ ગાવા બેસતા. આ ગાયક કલાકારોએ આમ પરોક્ષ રુપે પ્રજાનું માનસ નાટકની સાથે સાથે ગીત-સંગીત તરફ પણ અભિમુખ કર્યુ જેના પરિણામે સંગીત પરત્વેની જે ઉદાસીનતા કે અણગમો વર્તાતો હતો તે દૂર થયો. દાદી પટેલે જેમ બે વર્ષ 'વિકટોરિયા નાટક મંડળી'નું સુકાન સંભાળી કુંવરજી નાઝરને સોંપી દીધું તેમ કુંવરજી નાઝરે પણ ત્યારબાદ બે વર્ષ તેનું સંચાલન સંભાળી ઇ.સ.૧૮૭૬ જાન્યુઆરીમાં તેના નવાં માલિકોના હાથમાં સુપ્રત કરી. વિકટોરિયા નાટક મંડળી હસ્તક લઇ તેના માલિકોએ ભારતના વિવિધ શહેરોની મુલાકાત લેવા માંડી પરિણામે વિકટોરિયા નાટક મંડળીના ઉપક્રમે દિલ્હી, લાહોર, જયપુર, આગ્રા, અમૃતસર, બનારસ જેવા શહેરોમાં નાટક ભજવી કીર્તિ અને કલદાર મેળવી જયારે મુંબઇ પાછા ફર્યા ત્યારે એક બીજી ઘટના બની અને તે પ્રવાસમાંથી પાછા આવ્યા બાદ ફરામજી અપુ અને દાદાભાઇ ઠુંઠી બન્ને ઇ.સ.૧૮૭૭માં વિકટોરિયાના માલિકીમાંથી છૂટા થયાં. વિકટોરિયાના બે મહાન સ્થંભ આ પ્રમાણે છૂટા થયા તેમ છતાં બાકીના ત્રણ ભાગીદારોએ હિંમત હાર્યા વિના વિકટોરિયાને લઇ રંગુન, બરમા અને સિંગાપોરનો પ્રવાસ આદર્યો. એના પરિણામે 'વિકટોરિયા નાટક મંડળી'ની ખ્યાતિ એટલી પ્રસરી જેના પરિણામે રાજા બર્માના રાજા થીબુએ 'વિકટોરિયા નાટક મંડળી'ને

પોતાની રાજધાનીમાં આવી નાટક ભજવવાનું આમંત્રણ આપ્યું. વિકટોરિયા કલબે આ રાજાની સમક્ષ પાંત્રીસ નાટકો ભજવ્યા અને તેના બદલામા રાજાએ તેમને તેતાળીસ હજાર (४3000) રુપીયા આપી નવાજ્યાં.

વિકટોરિયા નાટક મંડળીની માંડલેની આ મુસાફરી દરમ્યાન દાદાભાઇ ઠુંઠી અને ફરામજી અપુ છૂટા થયા હોવાને કારણે ડીરેકટર તરીકેની જવાબદારી ખુરશેદજી બાલીવાલાએ નિભાવી. વળી તે સમયે બરમામાં રાજકીય વાતાવરણ ગંભીર હોવા છતાં બાલીવાળાએ જોખમ ખેડી આ પ્રવાસ આદર્યો એટલુંજ નહી પણ દૈવ કૃપાથી તેમના આ પ્રવાસનું પરિણામ ખૂબ સફળ આવ્યું અને વિકટોરિયા નાટક મંડળીના કલાકારો અને માલિકોને આ જોખમનો યોગ્ય બદલો પણ મળી રહયો. બરમાનો રાજા થીબુ, કલાકારો પર એટલો ખૂશ થઇ ગયો કે તેણે રત્ન-હીરા-માણેકવાળી ભરેલી નારંગીઓ કલાકારોને મોકલાવી અને રાજદરબારમાં રુપિયાનો ઢગ કરાવી જે કલાકારના હાથમા જેટલા રુપિયા આવે તે લેવાની ઉદારતા દાખવી. આશ્ચર્ય એ છે કે દરેક કલાકારોએ આ પ્રકારની મહેમાનગતિ માણી. મંડળીના સૌથી પડછંદ અને મોટા હાથવાળા કલાકાર સ્વ.દોરાબજી ભજાના હાથમા પણ મહામુશ્કેલીએ સો થી સવાસો રુપિયા આવ્યા હતાં.[૧૬] આમ ૧૮૮૧મા વિકટોરિયા નાટક મંડળીએ કરેલો ઉપરોકત પ્રવાસ ખુબજ સફળ નિવડયો. બરમા અને સિંગાપુરમાં મળેલો સફળતાને પરિણામે માલિકો અને કલાકારોની હિંમત અને આશા વધુ વેગવંતા બન્યા પરિણામે ઇ.સ.૧૮૮૫માં કંપનીએ લંડનમાં થનારા 'ઇન્ડીયન એન્ડ કોલોનીઅલ'પ્રદર્શનમાં નાટકો ભજવવાનો ઠરાવ કરી તેની જાહેરાત કરી. આ વાત સાંભળી ઘણાં બાલીવાળાના આ સાહસ અંગે આશ્ચર્ય પ્રકટ કર્યું તો કેટલાય હસવા પણ લાગ્યા. હસવા પાછળનું બીજું કોઇ કારણ ન હતું પરંતું આપણી રંગભૂમિ કરતાં જયારે તેઓ ખૂબજ આગળ હોવાને કારણે તેમની સમક્ષ નાટક ભજવવા એ કોઇ અસાધારણ વાત નહતી. આ સર્વ વાતોથી બાલીવાલા વિદિત હતાં છતાં પણ કલાકાર તરીકેની નિષ્ઠા અને આત્મશ્રધ્ધાને કારણે તેમણે કુંવરજી નાઝરને દુભાશીયા તરીકે સાથે લઇ લંડન પ્રવાસ આદર્યો. લંડન પ્રવાસ વિકટોરિયા કલબને માટે ખૂબજ નિષ્ફળ પ્રવાસ લેખાયો. ત્યાંના કાનુની કાયદાની માહિતી ન હોવાને કારણે વિના લાયસન્સ નાટક ભજવવાનો ગુનો વિકટોરિયાથી અજાણપણે થઇ ગયો જેને કારણે કહેવાય છે કે કુંપનીને સારો એવો દંડ ભરવો પડયો હતો. બરમાની મુસાફરી દરમ્યાન જે આર્થિક સફળતા પ્રાપ્ત થઇ હતી તે બધી લંડનની મુસાફરીમાં ગુમાવવી પડી.લંડનના 'પોર્ટલેન્ડ હોલ'માં બાલીવાલાએ 'સયફસ

સુલેમાન' નામનો ઉર્દૂ નાટક પહેલીવાર ભજવી બતાવ્યો જેમાં 'પાગલે ખાન'નું પાત્ર બાલીવાલાએ જાતેજ ભજવ્યું. આ પાત્રને તેમણે એટલો સુંદર ન્યાય આપ્યો જેને પરિણામે તે થિયેટરના માલિકોએ કુંવરજી નાઝરને જણાવ્યું કે બાલીવાલા જેવો કલાકાર લંડનની રંગભૂમિ પર પાત્ર ભજવે તો ખૂબજ નામના કાઢે. વળી ત્યાંના ગેઇટી થિયેટરનો માલિક મી.હોલીંગજેટ અને ડ્રારીલેન થિયેટરના માલિક મી.ઓગસ્ટસ હેરીએ તો બાલીવાલાને ચાલીસ પાઉંડના માસિક પગારથી બાલીવાલાને ત્યાંના થિયેટર માટે આમંત્રણ પણ આપ્યું હતું. આમ બાલીવાલાનું કલાકાર તરીકેનું મૂલ્ય લંડનના કલાકાર-માલિકોએ કર્યું. તે આપણે તત્કાલીન રંગભૂમિ અને કલાકારોની સ્થિતિ જોતાં વિસ્મરી ન શકીએ. આ ઉપરાંત 'વિકટોરિયા કલબે' લંડનમાં 'હરિશ્ચંદ્ર', 'મહંમદશાહ', 'હુમાયુન નાશીર', આશક્કા ખુન', આદિ નાટકો ભજવ્યા. પણ દૈવયોગે આ નાટકો પ્રેક્ષકોને કદાચ આસ્વાદ્ય ન બન્યા હોય અને નિષ્ફળતા વરી હોય. ગમે તેમ પરંતુ 'વિકટોરિયા નાટક મંડળી'ની લંડનની સફર નિષ્ફળ નિવડી અને તે પાછી ફરી.[१६]

લંડનની નિષ્ફળતાને કારણે સર્વમાં હતાશા આવી તે ખૂબજ સ્વાભાવિક હતું. તે દરમ્યાન કંપનીના ત્રીજા ભાગીદાર ધનજીભાઇ ખ.ઘડીયાળી કંપની સાથેનો પોતાનો સંબંધ છોડી છૂટા થયા. આમ ઇ.સ.૧૮૮૬ માં કંપનીમાં માત્ર બેજ ભાગીદાર રહયા અને તે ખુરશેદજી બાલીવાલા અને ડોસાભાઇ મગોલ. દિન-પ્રતિદિન વિકટોરિયાના માલિકો ઓછા થતાં ગયા. તેમ છતાં ખુરશેદજી બાલીવાલા અને ડોસાભાઇ મગોલ 'વિકટોરિયા નાટક મંડળી' ઇ.સ.૧૮૮૯ના માર્ચ માસમાં દિલ્હીના પ્રવાસી ઉપડયા. દિલ્હીના આ પ્રવાસમાં એક અતિ દુઃખદ ઘટના બની અને તે તાવની બિમારીને ડોસાભાઇ મગોલનું ત્યાં મૃત્યું થયુ. આ બનાવ પછી બાલીવાલા સખેદ 'વિકટોરિયા કલબ'ને લઇ મુંબઇ પાછા આવ્યા. વિકટોરિયા કલબની બધીજ જવાબદારી હવે બાલીવાલાને નિભાવવી પડી. આ પરિસ્થિતિમા બાલીવાલાને મદદરુપ થવા ઘણાં કલાકારો આગળ આવ્યા જેમણે વિકટોરિયાને ટકાવી રાખવા અને બાલીવાલાને ઉત્સાહિત કરવાના પ્રયાસો આદર્યા જેમાં કેખશરુ કાબરાજી, અરદેશર ઉનવાલા, અરદેશર માદન, અને સોરાબજી ખુરશેદજી.ઘોંડી, એ મહત્વનો ભાગ ભજવ્યો. આજ વર્ષમાં કંપની લંકા ગઇ હતી. બાલીવાલાએ પરદેશમા સફરો કરી ખૂબજ ધન મેળવવાના સ્વપ્ન સેવ્યા હતાં પરંતુ લંડનની મુસાફરી નિષ્ફળ નિવડી. આ નિષ્ફળતા મળ્યા પછી પણ તેમણે પોતાનો પુરુષાર્થ છોડયો નહીં અને ફરીથી તેઓ વિકટોરિયાને લઇ માંડલા, સિંગાપુર, બેંગકોકના પ્રવાસે ઉપડયા હતાં. તેમના આ પ્રવાસ દરમ્યાન વિકટોરિયાના એક જાણીતા અભિનેતા ધનજીભાઇ બરજોરજી અંજીરબાગનું કોલેરામા સપડાવાને કારણે મૃત્યું થયું.

શનૈઃ શનૈઃ વિક્ટોરિયા ક્લબની પ્રતિષ્ઠા ઝાંખી થવા લાગી. શ્રી ધનજીભાઇ પટેલ 'વિક્ટોરિયા ક્લબ'ની પ્રતિષ્ઠા વિષે ચર્ચા કરતાં રહે છે કે વિક્ટોરિયા ક્લબમાં સ્ત્રી અભિનેત્રીઓને દાખલ કરવામાં આવી જે સ્ત્રીઓ વિક્ટોરિયા ક્લબને કીર્તિ કે ક્લદાર ના અર્પતા તેમના આગમનને પરિણામે વિક્ટોરિયા ક્લબ ઉપર અનેક પ્રકારની ટીકાઓ શરુ થઇ. વળી સ્ત્રી કલાકારો નર્તકી હોવાને કારણે તેઓ સ્ટેજ પર નિષ્ફળ નિવડી. આ બધાને કારણે વિક્ટોરિયા ક્લબનો પાયો ડગમગવા લાગ્યો. પરંતું આ બધો પરિસ્થિતિમાં બાલીવાલાએ વિક્ટોરિયા ક્લબને ટકાવી રાખવા તેમણે જે પોતાનો વ્યક્તિગત ભોગ આપ્યો તે ભૂલી નહી શકાય.

## ખુરશેદજી મેરવાનજી બાલીવાલા

વિક્ટોરિયા નાટક મંડળીનો અંત આવે તે પહેલાં બાલીવાલાએ તેમનો નાટયક્ષેત્રની શરુઆત કેમ કરી અને રંગભૂમિને તેમણે અર્પણ કરેલી સેવાઓથી આપણે માહિતગાર થવું ઘટે. સ્વ.કેખશરુ કાબરાજી નાટકને એક કલા તરીકે સ્વિકારી રંગભૂમિ પર પ્રયોગો કરેલા તે કેવળ ધન મેળવવા ખાતર નહી પરંતુ રંગભૂમિને ઉચ્ચકક્ષા પ્રદાન કરવા, નાટયકલા ક્લબ ખોલવવા. કાબરાજીનો આ હેતું બહુધા બર ના આવ્યો. રંગભૂમિને ઉદર પોષણના એક સાધન તરીકે જેટલુ મહત્વ અપાયું તેટુંલુ કલાના એક સ્વરુપ તરીકે ઓછુ મળ્યું. તેમ છતાં રંગભૂમિ પર નાટકો ભજવાતાં રહયાં અને અંતે કાબરાજી સ્વપ્ન સિધ્ધ કરનાર એક પાત્રનો પ્રવેશ પારસી રંગભૂમિ પર થયો અને તે ખુરશેદજી બાલીવાલા. ખુરશેદજી બાલીવાલાએ રંગભૂમિના પરિવર્તન અર્થે નાટકો લખ્યા, ભજવ્યા અને બીજી ઘણી બધી પ્રવૃત્તિઓ આદરી. તેમણે નીતિબોધક, હાસ્યરસિક અને કરુણરસ પ્રધાન નાટકોની રચના કરી તેમ છતાં બાલીવાલા નાટયકાર કરતાંય અભિનેતા તરીકે ખૂબ ખ્યાતિ મેળવી ગયા. બાલીવાલાએ 'અસલાજી અને નાજા ઉર્ફે તારાજુએ આમળ' નાટકો રચ્યાં. એમાં ઉર્દૂ પર પ્રભુત્વ હોવાને કારણે 'નાજા'નાટકમાં તેમણે શુધ્ધ ઉર્દૂ વાપરવાનો પ્રયોગ કરેલો. તેમણે રચેલા નાટકો કળાની દ્રષ્ટિએ કદાચ ઉચ્ચ કોટિના પુરવાર ના થાય પરંતું બાલીવાલા જાતેજ તે નાટકો ભજવીને તેની તખ્તા લાયકી પુરવાર કરી આપેલી. આ ઉપરાંત બપોરે નાટકો ભજવવાની, નાટકોના સંક્ષિપ્ત સારોને ગાયન સહિત પુસ્તિકાકારે છપાવવાની અને દૂર દૂર દેશોમાં જઇ નાટકો ભજવવાની શરુઆત બાલીવાલાએ કરી. કલાકાર તરીકે બાલીવાલાનું પ્રદાન રંગભૂમિના ઇતિહાસમાં ભૂલી ના શકાય. પ્રહસનના એક ઉચ્ચ કોટિના અભિનેતા તરીકે તેમણે બેહદ સફળતા પ્રાપ્ત કરી હતી.પોતાના

અભિનયથી પ્રજા પર એવી અસર કરી કે માત્ર પારસી પ્રજાજ નહી અન્ય લોકો પણ તેમના અભિનય વખાણતા. ખુરશેદજી બાલીવાલાના પિતા મેહરવાનજી બાલીવાલાની સ્થિતિ બહુ સારી ન હતી.પરિણામે નાનપણમાં થોડું જ્ઞાન આપી તેમને પ્રેસમાં કંપોઝીટર તરીકે ગોઠવી દિધા જ્યાં બાલીવાલાના ઘણાં વર્ષો કંપોઝીટર તરીકે ગયા. તે દરમ્યાન તેમનું ધ્યાન નાટક પરત્વે ખેંચાયું. તેવામાં વિકટોરિયા નાટક મંડળીના ઉપક્રમે રોયલ થિયેટરમાં ભજવાયેલ 'રોબીન સન ક્રુઝો'નામનું નાટક જોવાની તેમને તક મળી. 'રોબીનસન ક્રુઝો'નું પાત્ર ધનજી સોલા નામનો એક કલાકાર ભજવતો હતો. તેનો થોડાક વાકયો ખુરશેદજીને યાદ કરી ગયા જે તેમણે તક મળતાં વિકટોરિયા નાટક મંડળીના કલાકારો પાસે સુંદર અભિનય સાથે બોલી બતાવ્યા. જેને પરિણામે મેરવાનજીએ કેખશરુ કાબરાજીને 'બેજન-મનીજેહ'મા પાત્ર આપવાની અરજ કરી અને કાબરાજીએ તે સ્વીકારી. બાલીવાલાને આપવામાં આવેલા 'કોબાદ'નું પાત્ર તેમણે એટલુ સફળતાપૂર્વક ભજવી બતાવ્યું કે ત્યારથી તેઓ 'ખશરુ કોબાદ'ના નામે ઓળખાવા લાગ્યા.ત્યારબાદ 'રુસ્તમ સોહરાબ'નામના નાટકમાં ભજવેલ ગોર્દ આફ્રીદના પાત્રે તેમને ખૂબજ કીર્તિ અપાવી અને રંગભૂમિના સારા કલાકારોમાં તેમની ગણના થવા લાગી. 'વિકટોરિયા મંડળી'એ ભજવેલ સૌ પ્રથમ ઉર્દૂ નાટક 'સોનાના મૂલની ખોરશેદ' તેમાં ફિરોઝનું પાત્ર અને 'બેનઝીર બદરેમુનીર'માં 'બેનઝીર'નું પાત્ર ભજવી તેમણે ખૂબજ મોટી કીર્તિ મેળવી હતી. કેખશરુ કાબરાજીના 'ભોલીજાન'માં 'હીજો તાડીવાળો'નું પાત્ર અને 'નકદીરની તાસીર'માં 'નસરવાનજી એશકી'નું પાત્ર ભજવી એક શ્રેષ્ઠ કલાકાર તરીકે પોતાનું નામ મૂકી ગયા છે.

ગરીબ કુટુંબમાં જન્મેલ હોવાથી પરિસ્થિતિને અનુકુળ પોતે બની જતા. છાપખાનામાં માસિક રુપીયા સાતના પગારથી તેઓ રહયા જે સખત મહેનતને અંતે ચાલીસના પગારે તેઓ પહોચ્યા હતા. જયારે તેઓ વિકટોરિયા નાટક મંડળીમાં દાખલ થયારે ત્યારે પંદર રુપીયાથી તેમની કારકીર્દિ શરુ થઇ હતી જે તેમની નાટક અને રંગભૂમિ પરત્વેની નિષ્ઠા, મહેનત અને બુધ્ધિના પરિણામે એક દિવસ એવો આવ્યો કે તેઓ વિકટોરિયા કલબના એકલા માલિક થયા. જયપુરની સફર દરમ્યાન દાદાભાઇ ઠુંઠી ત્યાંના મહારાજાની નોકરીમાં ગોઠવાઇ ગયા તેના પરિણામે નાટકોનું દિગ્દર્શન અને રીહર્સલ લેવાની જવાબદારી બાલીવાલાના માથે આવી.તેમાં તેમણે'હુમાયુન નાસીર', 'પુરન ભગત', 'હીરરાંઝા', જેવા નાટકો તૈયાર કરી ભજવ્યા અને દાદાભાઇ ઠુંઠીની ગેરહાજરીમાં 'સીતમે હામાન' સ્ટેજ કરી એક સફળ દિગ્દર્શકની નામના મેળવી. વિકટોરિયા નાટક મંડળીને લઇ બાલીવાલા દેશ-પરદેશ ઘુમ્યાં. રંગૂન, સિંગાપુર, માંડલા અને લંડનમાં પણ નાટકો ભજવ્યા. લંડનની સફર આર્થિક રીતે નિષ્ફળ ગઇ હોવા છતા પણ બાલીવાલાને પોતાના રંગભૂમિના શ્રેષ્ઠ કલાકાર તરીકે ત્યાંના લોકોએ જાણ્યા અને

તેમને હિન્દના 'એરવીંગ' અને 'કેન લીનો'ની ઉપમા આપી. મહારાણી વિકટોરિયા અને રાજા એડવર્ડ સાતમાએ 'હરિશ્ચંદ્ર' અને 'અલાદીન' નાટક જોઇને તેમને ખૂબજ નવાજ્યા હતાં. બાલીવાલાને તેમના નાટકીય જીવનકાળ દરમ્યાન ઘણાં બધા ઇનામો અને ચાંદ મળ્યા હતાં. સ્ટેજ પર તેમના આગમનની સાથેજ તેમને ઘણાં બધા સમય સુધી તાળીઓ પાડી વધાવી લેવામાં આવતાં. શ્રી ફિરોઝઘર કહે છે તે પ્રમાણે 'એમના મુકાબલાનો એક પણ પારસી કોમેડીયન જોવામાં આવ્યો નથી અને જમાનાઓ પછી પણ બીજો બાલીવાલા નાટક તખ્તા ઉપર દેખાવ દેશે કે કેમ તે વિષે અમો શકમંદ છીએ.'[૧૭] વીસમાં શતકના બીજા દશકાના ઉત્તમ નાટયકારોમાં ખુરશેદજી બાલીવાલા, એદલજી મોદી અને જહાંગીર ખંભાતાને ગણાવી શકાય. આ ત્રણેય મહારાથીઓ હોવા છતાં નાટક અને રંગભૂમિના ક્ષેત્રને પોતાનું સર્વસ્વ બક્ષ્યું હોય તો તે ખુરશેદજી બાલીવાલાએ. વૃદ્ધાવસ્થામાં પગરણ માંડયા છતાં પણ તેમણે રંગભૂમિની કાયાકલ્પ માટેના પ્રયાસો છોડયા ન હતાં. રંગભૂમિ પર ઇરાનનો ઇતિહાસ અને સમાજ સજીવ કરવામાં બાલીવાલાનો પ્રયાસ ખૂબજ પ્રશંસનીય ગણાવી શકાય.

અલબત્ત તત્કાલીન જમાનાની નાટયસૂઝ વિષે જોઇએ તો નાટકમાં કલાવિધાન, પાત્રમાં સુરેખેના અને વસ્તુ-આયોજનની સુગ્રથિતતાનો અભાવ જોવા મળે છે. પરિણામે બાલીવાલાના સમકાલીન નાટયકારોમાં પણ ઉપરોકત મર્યાદા જોઇ શકાય છે. બાલીવાલાએ રંગભૂમિનો ઉત્કર્ષ સાધવા જે ઉત્કૃષ્ટ પ્રયત્નો કર્યા પણ તેની સામે નાટય રચના પરત્વે સભાનતા ન રાખી શકવાના પરિણામે તેમની કલમમાંથી એક શ્રેષ્ઠ નટ-નાટયકારની કૃતિની આપણી જે અપેક્ષા સંતોષે તેવી કલાકૃતિ આપણને ના મળી શકી. તેમ છતાં તેમની લોકપ્રિયતા તેમના નાટકોને અને એક શ્રેષ્ઠ કલાકાર તરીકેની તેમની પ્રતિભાને આભારી છે. તેમના નાટકો બોધ પ્રધાન હતા. પરિણામે તે સામાજિક સુધારાનુ એક મહત્વનુ અંગ બની ગયા. પોતાના ગાયન સભરં નાટકોનુ સંગીત પોતે જાતેજ રચના અને પોતાનાજ દિગ્દર્શન હેઠળ નાયક જ્યારે તૈયાર થતુ ત્યારે તેની આસ્વાદ્યતા અત્યંત વધી જતી. પારસી નાટક મંડળીમાં સૌથી વધુ આયુષ્ય કોઇ નાટક મંડળીએ જો ભોગવ્યું હોય તો તે 'વિકટોરિયા નાટક મંડળી'. ઇ.સ. ૧૮૬૭માં કેખશરુ કાબરાજી દ્વારા તે સ્થપાઇ જે કાળાંતરે ભિન્ન ભિન્ન માલિકોના હાથમાંથી નિકળી અને બાલીવાલાની માલિકી હેઠળ આવી, એટલુંજ નહી પણ તે 'બાલીવાલા નાટક મંડળી'નામે ઓળખાઇ. 'વિકટોરિયા નાટક મંડળી' ખુરશેદજી-એ પોતાના પ્રાણના ભોગે નિભાવી હતી અને તે બાલીવાલાના ઉદાર અને નિખાલસ સ્વભાવનું પરિણામ હતુ. ખેલદિલ સ્વભાવને પરિણામે તેમનું એક વિશાળ મિત્ર મંડળ હતું.

નાનપણથી નાટક અને રંગભૂમિ સાથે સંકળાયેલ બાલીવાલાએ ઈ.સ.૧૯૦૬માં 'બાલીવાલા ગ્રાન્ડ થિયેટર' બંધાવ્યું. રંગભૂમિને પાશ્ચાત્ય કક્ષાએ લઇ જવા માટેજ તેમણે પ્રયત્નો આદર્યા હતા. અલબત્ત તેમણે જે પ્રયોગો કર્યા તેમાં તેમને ધારી સફળતા ના મળી જેના પરિણામે રંગભૂમિનો જેટલા પ્રમાણમાં ઉત્કર્ષ સધાવવો જોઇતો હતો તે સાધી ના શકાયો. 'બાલીવાલા ગ્રાન્ડ થિયેટર' બાંધ્યાં પછી તેમની આર્થિક સ્થિતિ ખૂબજ નબળી પડી તેમ છતાં તેમાં કામ કરતાં જરથોસ્તીઓને રોજી મળતી હોવાને પરિણામે તેમણે તે નિભાવી રાખી હતી. અંતે ઇ.સ.૧૯૧૩નુ વર્ષ કંપની માટે દુર્ભાગ્યપૂર્ણ રહયું. પોતાનું બપોરનું કાર્ય પતાવી બાલીવાલા પોતાની રુમમાં સુતા હતાં ત્યારે મોસ ફાતમા નામની એક સ્ત્રી કલાકારે તેમને ભરઉંઘમાં જગાડતાં તેમને લકવાની બિમારી શરુ થઇ અને અનેક સારવાર પછી પણ તેમાં સુધારો ન થતાં 'પારસી તહેવારે 'ખોરદાદ સાલ' ના તહેવારના દિવસે તેમનો સ્વર્ગવાસ થયો. અને રંગભૂમિનો એક તેજસ્વી સિતારો ખરી પડયો.

તેમના મૃત્યુ બાદ 'વિકટોરિયા નાટક મંડળી' પર ઘણાં બધા ઝંઝાવાત આવ્યા. તેમના પછી શ્રી હોરમસજી તાંતરાએ કંપનીનુ કુશળ સંચાલન કર્યું. તેઓ હોરમસજી 'લેલી'ના નામે ઓળખાતા. તેઓએ દિગ્દર્શક તરીકે સેવાઓ આપી હતી. જયારે થિયેટર્સ એડવર્ટાઇઝ, ભોજનાદિની વ્યવસ્થા જમશેદજી માદન કરતા. જયારે પગાર, મુસાફરી આદિનો ખર્ચ તાંતરા કરતાં.[૧૮] ઇ.સ.૧૯૧૬ જમશેદજી માદને તેમના સંબંધો છોડી દિધા પરિણામે હોરમસજી તાતરા કંપનીના સર્વાધિકારી બની રહયાં. તેમના હસ્તક મંડળી આવતા તેમણે કલકત્તા, મદ્રાસ, રંગૂન, પિનાગ આદિ શહેરોની મુલાકાત લીધી અને ઇ.સ.૧૯૧૮ માં તેમનું મૃત્યુ થયું.[૧૯] હોરમસજી તાંતરાના મૃત્યુ અંગે બાલીવાલા કંપનીના જુના કલાકાર શ્રી પીરોજશાહ દારુવાલાએ મને ઈ.સ.૧૯૨૧ ની સાલ દર્શાવી હતી. પરિણામે હોરમસજી તાંતરાનું મૃત્યુ પુનઃવિચારણીય બની રહે છે. હોરમસજી તાંતરાના મૃત્યુબાદ કંપની હૈદરાબાદથી મુંબઇ પાછી આવી. કંપની મુંબઇ પાછી આવતા તેમાં દોરાબ મેવાવાલા કંપનીમાં જોડાયા. કિન્તુ કંપનીનું સર્વ સંચાલક બન્યા શ્રી જહાંગીરજી આદરજી માસ્તર. જહાંગીરજી આદરજી માસ્તર વ્યાપારી વૃત્તિના વિશેષ હતાં. તેમના સંચાલન હેઠળ કંપનીએ સુરત-અમદાવાદ-વડોદરા આદિ શહેરોની મુસાફરી કરી હતી. તે દરમ્યાન કંપનીએ 'હરિશ્ચંદ્ર', ઈશાહ નીરો' આદિ નાટક ભજવ્યાં. 'હરિશ્ચંદ્ર' નાટકમાં અભિનય આપનાર કલાકારોમાં માસ્ટર કાનજી, માસ્ટર પિશોરી, હોરમસજી કરાણી, મિસ ગૌહર, મિસ ગુલનાર અને મુન્નીબાઇ પ્રધાન સ્વરુપે હતાં. ઇ.સ.૧૮૯૨ થી ૧૯૨૨ સુધીમાં વિનાયકપ્રસાદ તાલિબકૃત 'હરિશ્ચંદ્ર'નાટક ૪૦૦૦ થી પણ વધુ વાર ભજવાયું હતું. રંગભૂમિના ઇતિહાસમાં અભિનીત થયેલા નાટકમાં આવો રેકાર્ડ પ્રાપ્ત થવો દુર્લભ છે.

ડો. વિદ્યાવતી નમ્ર તેમના શોધ પ્રબન્ધમાં 'વિક્ટોરિયા નાટક મંડળી' ઈ.સ.૧૯૨૨માં બંધ પડી હોવાનુ નોંધે છે.[૨૦] આ વિધાન પુનઃવિચારણીય છે. શ્રી પીરોજશાહ દારુંવાલાની મુલાકાતમાં તેમણે નિમ્ન લિખિત વિગતો દર્શાવી હતી. જહાંગીરજી માસ્તરે 'વિકટોરિયા નાટક મંડળી' ૫૦૦૦૦/ રુપીયામાં બેન્કમાં ગીરો મુકી હતી. બેન્કમાં કંપની ગીરો મૂકયા બાદ તેઓ કંપની લઇ અમદાવાદ ગયા. આર્થિક ભીંસ ઉત્તરોત્તર વધતી જતાં જહાંગીરજી માસ્તર બેન્કના હિમ્તા ભરી શકયા નહીં. પરિણામે બેન્કે રીસીવર મોકલ્યો. વળી કલાકારોના પગાર ચઢી ગયેલા હોવાથી કલાકારોએ કામ કરવાની ના પાડી અને પરિણામે કંપનીનો સામાન બેન્કના હસ્તક આવતા તે પાછળથી યુસુફ અલીના થિયેટર્સમાં મૂકાયો. જેને પાછળથી ઉધઇ ખાઇ ગઇ! આમ ઇ.સ.૧૯૨૪ના એપ્રિલ માસમાં કંપની સદાને માટે બંધ થઇ ગઇ. આમ પારસીઓ દ્વારા ઉન્નત શિખરે પહોંચેલી એક મહાન નાટક મંડળીનો કરુણ અંજામ પારસીઓના હાથેજ આવ્યો.

## આલ્ફ્રેડ નાટક મંડળી

ઇ.સ.૧૮૭૦ થી ૧૮૭૫ ના સમય પારસી રંગભૂમિનો મહત્વપૂર્ણ સમય કહી શકાય. આ સમય દરમ્યાન વિકટોરિયા નાટક મંડળીએ પોતાની નાટકશાળામાં નાટકો ભજવવાના શરુ કર્યા હતાં. જેનું સંચાલન કેખશરુ કાબરાજી કરતા હતાં. જ્યારે ઇ.સ.૧૮૭૧માં એદલજી ખોરી રચિત 'ખુદાબક્ષ'નામની કોમડી 'ઝોરાસ્ટ્રીયન નાટક મડળી' શંકરશેઠની નાટકશાળામાં ભજવતા હતાં, જેના કારણે 'વિકટોરિયા નાટક મંડળી'વાળાએ એદલજી ખોરી પાસે નવી કોમેડી'હજમબાદ અને ઠગનનાજ' નામે લખાવી 'વિકટોરિયા થિયેટર'માં ભજવી. આ સમયમા ઇ.સ.૧૮૭૧ માં 'આલ્ફ્રેડ નાટક મંડળી'સ્થપાઇ જે ખૂબજ અલ્પજીવી નિવડી. અલબત્ત 'આલ્ફ્રેડ નાટક મંડળી'ના જન્મ-પુનર્જન્મ થતાં[૨૧] રહયા હતાં. 'જેન્ટલમેન એમેચ્યુઅર્સ કલબ'કલાકાર ફરામરોઝ જોશી અને ફરામજી ગુસ્તાદજી દલાલ વચ્ચે બોલાચાલી થતાં ફરામરોઝ જોશીએ ઇ.સ.૧૮૬૮ માં 'જેન્ટલમેન એમેચ્યુઅર્સ કલબ' છોડી 'આલ્ફ્રેડ નાટક મંડળી'ના ઉપક્રમે ભજવાયેલ 'શાહજાદો શીયાવક્ષ' નામના નાટકમાં 'ફીરંગીઝ'નું પાત્ર લઇ સ્ટેજ પર દેખાયા હતા. ત્યારબાદ 'જેહાંબક્ષ અને ગુલરુખસાર'નાટક ભજવ્યું જેમાં ફરામરોઝ 'ગુલરુખસાર'નું પાત્ર ભજવ્યુ હતું. 'જેહાંબક્ષ' નાટકનું ઐતિહાસિક મહત્વ તેના યાંત્રીક સીન-સીનરીને આભારી ગણાવી શકાય. કારણ કે રંગભૂમિ પર યાંત્રીક સીન-સીનરીની શરુઆત 'આલ્ફ્રેડ નાટક મંડળી'એ આ નાટક દ્વારા શરુ કરી. આને કારણે પ્રેક્ષકોને યાંત્રીક સીન-સીનરીનુ ઘેલુ લાગતાં બીજી નાટક મંડળીવાળાઓએ પણ પછી આ પ્રકારનું અનુકરણ કરવાનું

શરુ કર્યું હતું. 'જહાંબક્ષ અને ગુલરુખસાર' નાટક પછી ફરામરોઝ જોશી 'આલ્ફ્રેડ નાટક મંડળી' છોડીને ચાલ્યા ગયા હતાં. અલબત્ત ત્યારબાદ તેઓ કોઇ બીજી નાટક મંડળી સાથે જોડાયેલા હોય તેવી માહિતી પ્રાપ્ત થતી નથી. રંગભૂમિ પર યાંત્રીક સીન-સીનરીની શરુઆત કરવાનું માન આલ્ફ્રેડ નાટક મંડળી'ને ફાળે જાય છે તેનું મહત્વનુ કારણ દાદાભાઇ રતનજી દલાલ નામના પારસી કલાકાર હતો જેણે 'જેહાંબક્ષ અને ગુલરુખસાર' નાટકમાં લખેલા તમામ યાંત્રીક દેખાવ સ્ટેજ પર રજૂ કર્યા હતાં. જેના કારણે તે નાટકને એકથી વધુ વખત જોવાનું પ્રેક્ષકોને ઘેલું લાગ્યું હતુ. 'જેહાબક્ષ'નાટકનું દિગ્દર્શન હીરજીભાઇ ખંભાતા જેવા ઉત્તર કલાકાર થયેલુ હોવાને કારણે તે ખૂબજ સફળતાપૂર્વક ભજવાયુ. હીરજીભાઇ ખંભાતાએ એક શિક્ષીત પારસી એમેચ્યુઅર તરીકે અંગ્રેજી નાટકમાં અપૂર્વ સફળતા પ્રાપ્ત કરેલ કલાકાર હતા. કલાકાર હોવા ઉપરાંત લેખક અને દિગ્દર્શક તરીકેની દૃષ્ટિ અને શકિત તેમનામાં હોવાને કારણે તેઓ બહુધા દરેક કલાકાર પાસે પોતાને અપેક્ષિત તેવું કાર્ય કરાવી શકતાં. તેમની મુખ્ય વિશિષ્ટતાઓમાં કલાકારોના મેક-અપ અને ગેટ-અપ ને તેઓ વિશેષ મહત્વ આપતાં. 'મેક-અપ'ને તેમણે નાટકનું અતિ મહત્વનું અંગત તરીકે સ્વીકાર્યું હોવાના કારણે તેમાં વર્તાતી કૃત્રિમતા પરત્વે તેઓ ખૂબજ સભાન રહેતા. તેમણે તેમની આ કળાનો ઉઠાવ તેમના સ્વરચિત નાટક 'આબે ઇબ્લીસ'માં સંપૂર્ણ રીતે રજૂ કર્યો.

'જહાંબક્ષ અને ગુલરુખસાર' પછી આલ્ફ્રેડ નાટક મડળીએ શેક્સ્પીયરના 'ટેમીંગ ઓવ્ ધી શ્રુ'નું ગુજરાતી અનુવાદિત નાટક ભજવ્યું હતું. આ નાટક ભજવ્યા પછી 'આલ્ફ્રેડ નાટક મંડળી' બંધ પડી ગઇ હતી. આ નાટક મંડળી બંધ થવા પાછળના કારણોમાં મહત્વનું એકજ કારણ ગણાવી શકાય અને તે કંપનીને નાટક ભજવવા માટે નાટકશાળા મળી શકી નહી, પણ પાછળથી નાનાભાઇ રુસ્તમજી રાણીનાના પ્રયાસોથી પુર્નજીવિત તત્કાલીન મુંબઇના થિયેટરોમાં 'વિક્ટોરિયા થિયેટર અને શંકરશેઠની નાટકશાળા માત્ર બેજ હતાં. પરિણામે 'આલ્ફ્રેડ નાટક મંડળી ' જ્યારે શેક્સ્પીયરના 'ટેમીંગ ઓફ ધા શ્રૂ'નો ગુજરાતી અનુવાદ ભજવતી હતી ત્યારે 'વિક્ટોરિયા નાટક મંડળી' શેક્સ્પીટરના 'પેરીક્લીઝ' નો અનુવાદ 'દાદે દરીયાદ', 'વિક્ટોરિયા થિયેટર'માં ભજવતી હતી. વળી શંકરશેઠની નાટકશાળા કુંવરજી સોહરાબજી નાઝરે લાંબા સમય માટે પોતાની 'એલફિન્સ્ટન માટે રાખી હોવાને કારણે આલ્ફ્રેડ નાટક મંડળીને નાટક ભજવવા માટે થિયેટરના મળી શક્યું,જેના કારણે તે બંધ પાડવામાં મહત્વનો ભાગ ભજવ્યો.[૨૨]

'આલ્ફ્રેડ નાટક મંડળી'ની શરુઆત ભવ્ય રીતે થયેલી હોવાને કારણે 'વિકટોરિયા નાટક મંડળી'ના ટાંકા જરા જરા ઢીલા થવા માંડયા. 'આલ્ફ્રેડ નાટક મંડળી'ની સફળતામાં તેના યોગ્ય કલાકારો, હોરજીભાઇ ખંભાતા જેવા દિગ્દર્શક અને મીકેનીક સીન-સીનરી બનાવનાર કસબીઓને ફાળે જાય છે. 'મીકેનીક સીનરી બનાવનાર કસબીઓમાં ભાઉ પરભુ, દાદાભાઇ દલાલ અને દાદાભાઇ મીસ્ત્રી હતાં જેઓ બન્ને સાથે નાટકના અવનવા યાંત્રીક દેખાવોની યોજના ઘડતા અને રજૂ કરતાં. આ કસબીઓ દ્વારા જયારે સ્ટેજ તૈયાર થતું ત્યારે અને કામદાર સિવાયની કોઇપણ વ્યકિત ત્યાં પ્રવેશી શકતી નહી, જેના કારણે દ્રશ્યની સંપૂર્ણ ગુપ્તતા જળવાતી જે નાટક મંડળીનું આકર્ષક અંગ બની રહેતી. નાટકની ભજવણી દરમ્યાન 'ઇન્ટરવલ'વખતે દરેક નાટક મંડળી બહુધા બેન્ડ મંગાવી વગાડાવતી. 'આલ્ફ્રેડ નાટક મંડળી'એ બેન્ડની જગાએ પિયાનો અને પોતાના 'ઓરકેસ્ટ્રા'નું સંગીત 'ઇન્ટરવલ' વખતે આપવાનું શરુ કર્યુ.

'આલ્ફ્રેડ નાટક મંડળી'ની શરુઆત મહત્વના કલાકારોમાં ભીખાજી કલ્યાણીવાલા, દાદાભાઇ મીસ્ત્રી, માણેકજી જીવણજી માસ્તર, નસરવાનજી દાવર આદિને ગણાવી શકાય. અલબત્ત'આલ્ફ્રેડ નાટક મંડળી'ના માણેકજી જીવણજી માસ્તર સિવાયના અન્ય સ્થાપકો રુસ્તમજી બાટલા, ભીખાજી કલ્યાણીવાલા અને ખુરશેદજી બાપસોલાનો પણ મંડળીની સફળતામાં મહત્વનો ફાળો ગણાવી શકાય. વળી ભીખાજી કલ્યાણીવાળા કલાકાર હોવાની સાથે સાથે મંડળીના માલીક હોવાથી તેમની સર્વ શકિતઓનો લાભ મંડળી મેળવી શકવાને નસીબવંતી નિવડી હતી. 'જાહજાદો શ્યાવક્ષ'ના નાટકમાં ભીખાજી કલ્યાણીવાળાએ 'શ્યાવક્ષ'નું પાત્ર ખૂબજ સફળતાપૂર્વક ભજવ્યું હતું. શાહજાદા તરીકેનો દેખાવ-રુઆબ અને અભિનયકળાને કારણે નાટક સફળતાને વર્યુ જેમાં કલ્યાણીવાલાનો ફાળો નાનો સૂનો ગણાવી શકાય નહીં. ભીખાજી કલ્યાણીવાળા જયારે 'શ્યાવક્ષ'નું પાત્ર ભજવતા હતાં ત્યારે તેમની પ્રિયતમા ફીરંગીઝનું પાત્ર પારસી રંગભૂમિના સ્ત્રી પાત્ર ભજવનાર એક સારા કલાકાર તરીકે ખ્યાતી પામેલા ફરામરોજ જોશી ભજવતા હતા. વળી પીરાન વજીરનું પાત્ર મંડળીના આગેવાન કલાકાર-માલીક માણેકજી જીવણજી માસ્તર ભજવતા હતાં. જયારે ગુરગીનનું પાત્ર ખુરશેદજી ફરમાએ રજૂ કર્યુ હતુ. નાટકમાં આવતા ખલનાયકનું પાત્ર પારસી નાટક તખ્તાના વિખ્યાત કલાકાર રતનશાહ દાવરના મોટાભાઇ નસરવાનજી દાવરે ભજવ્યુ હતું જેમાં તેઓએ પાત્રને સંપૂર્ણ ન્યાય આપ્યો હતો.

'શાહજાદો શ્યાવક્ષ'નાટક એ શાહનામા ઉપરથી ફરામરોજ બચનજીએ રચ્યુ હતું. દિગ્દર્શક હીરજી ખંબાતાએ તે સ્ટેજ કરતા પહેલાં સાત-આઠ મહીના સુધી પ્રત્યેક કલાકાર પાસેથી પાત્રોચિત કાર્ય લેવા માટે સંપૂર્ણ તકેદારી રાખી હતી. જેના કારણે નાટક જયારે

ભજવાયું ત્યારે તે પ્રથમ પંડિતના નાટકમાં લેખાયું. શ્રી ભીખાજી કલ્યાણીવાલાએ તેમની નાટકીય કારકિર્દીની શરુઆત 'આલ્ફ્રેડ નાટક મંડળી'ના ઉપક્રમે શરુ કરી હતી. તેમના સદ્ભાગ્યે તેમને હીરજી ખંબાતા જેવા પારસી રંગભૂમિના એક મહાન દિગ્દર્શકનું શિક્ષણ મળ્યું. પરિણામે તેમનામાં રહેલી શક્તિઓ વધુ વિકસિત થઇ જેના કારણે તેઓ એક સારા કલાકાર તરીકે બહાર આવી શક્યા. પાછળથી તેઓ દાદી પટેલની સાથે જોડાયા હતાં.નાટકીય દુનિયામાં કલ્યાણીવાલા 'ભીખુ શ્યાવક્ષ'ના નામે પ્રખ્યાત થયેલા હતાં.

'આલ્ફ્રેડ નાટક મંડળી'ના એક બીજા કલાકાર તે દાદાભાઇ અસ્ફંદીઆરજી મીસ્ત્રી હતા. નાટકમા આવ્યા તે પહેલાં તેમનો મુખ્ય ધંધો મીસ્ત્રીનો હતો. તેમની નાટકીય કારકિર્દીની શરુઆત 'આલ્ફ્રેડ નાટક મંડળી' દ્વારા થઇ હતી. 'જહાંબક્ષ અને ગુલરુખસાર'ના નાટકમાં તેમણે એક દેવનું પાત્ર ભજવી નાટય જગતમાં પ્રવેશ મેળવ્યો હતો. ગુલરુખસારને લઇ ઉડી જવાના યાંત્રીક દેખાવમાં ભાગ ભજવાની જ્યારે અન્ય કલાકારોએ ના પાડી ત્યારે દાદાભાઇ તે પાત્ર ભજવવા તૈયાર થયા. તેઓ જાતે મીસ્ત્રી હોવાથી યાંત્રીક દેખાવની ભજવણીથી સંપૂર્ણ રીતે વાકેફ હતાં અને નાટકમાં તેમણે પાત્ર સફળતાપૂર્વક ભજવ્યું. ગુલરુખસારનું પાત્ર ભજવનાર છોકરો ખૂબ મજબુત બાંધાનો હોવાથી તેને ઉપાડીને લઇ જવા માટે દાદાભાઇ જેવા જોરાવર પારસીજ તે પાત્રને યોગ્ય હતાં, અને જાદુબાજ દેવનું પાત્ર ભજવ્યા પછી દાદાભાઇ 'દાદી જાદુબાજ'ના નામે ઓળખાયા હતાં.'જહાંબક્ષ અને ગુલરુખસાર'દાદાભાઇ જ્યારે દેવનું પાત્ર ભજવતા હતાં ત્યારે 'જહાંબક્ષ'નું પાત્ર ધનજીભાઇ વહાડયા નામનો કલાકાર ભજવતો હતો. 'જહાંબક્ષ અને ગુલરુખસાર'ના નાટક પછી નાટકીય ક્ષેત્રે દાદાભાઇ ખૂબ પ્રખ્યાત થઇ ગયા. સુદૃઢ શારીરિક દેખાવ અભિનયક્ષમતાની સાથે સાથે સુંદર ગાયક હોવાને કારણે તે ઉત્તરોત્તર અનેક નાટક મંડળીમાં જોડાઇને અંતે ફરામજી અપુની 'પારસી નાટક મંડળી'નો (જે ફરામજી અપુની કલબ નામે ઓળખાતી) એક આગેવાન ભાગીદાર અને સ્થંભ બની રહયો.

'આલ્ફ્રેડ નાટક મંડળી'ના આધારસ્થંભ સમાન માણેકજી જીવણજી માસ્તર હતાં જેમણે 'શાહજાદો શ્યાવક્ષ'માં વઝીર પીરાનનું પાત્ર ભજવ્યું હોવાને કારણે તેઓ 'માણેકજી પીરાન'ના નામે ઓળખાયા હતાં. 'આલ્ફ્રેડ નાટક મંડળી'ના આગેવાન માલિક હોવાના સંબંધે 'આલ્ફ્રેડ'ની સફળતામાં તેમનો ફાળો વિસ્મરી શકાય નહીં. હીરજીભાઇ ખંબાતાએ પારસી રંગભૂમિના કેટલાક ઉચ્ચ કક્ષાના કલાકાર-દિગ્દર્શકોમાંના એક હતાં. ઇ.સ.૧૮૬૧ માં ફરામજી બમનજી રાઇટર કે જેઓ પારસી હાઇસ્કુલના પ્રિન્સિપાલ હતાં તેમણે કેટલાક કોલેજીયન્સને લઇ એક એમેચ્યુઅર્સ ડ્રામેટીક કલબ શરુ કરી હતી જેનું નામ 'ઓરીજીનલ એલફિન્સ્ટન કલબ' રાખવામાં આવ્યું હતું. તે કલબના દિગ્દર્શક મી.હેમીલટન નામના એક બાહોશ અંગ્રેજ હતાં. પરિણામે

'ઓરીજીનલ એલ્ફિન્સ્ટન કલબ'ના ઉપક્રમે નીચે પ્રમાણેના નાટકો ભજવાયા હતાં:
Bengal Tiger, Lovers Quarrels, Living Too fast, Village Lawyer, Mock Doctor, Bombaster Furioso, Taming of the Shrew, Thumping Legacy, Othello, Lying Valet, Illustriou Stranger, Our Wife, Sham Doctor.[23]

ઉપર્યુક્ત નાટકોની ભજવણી દરમ્યાન અંગ્રેજી નાટકોની સંનિકટતા પ્રાપ્ત થઇ જેના થકી નાટકીય ક્ષેત્રે તેમની પ્રતિભા વધુ ઉત્કૃષ્ટ રુપે વિકસી એમ કહીએ તો અયોગ્ય ન ગણાય. અંગ્રેજી નાટકોમાં તેમણે ભજવેલા પાત્રોમાં 'ટેમીંગ ઓફ ધી શ્રુ'માં 'ગ્રોમયો', ઓથેલો'માં 'ઇયાગો' અને 'મરચંટ ઓફ વેનીસ'માં 'શાયલોગ'પાત્રો તત્કાલીન પ્રેક્ષકોએ સંપૂર્ણપણે વધાવી લીધા હતાં. અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ અને ત્રણેક વર્ષ લંડનમાં પસાર કરેલા હોવાને કારણે અંગ્રેજી ભાષા પરનો કાબુ અને અંગ્રેજી રીત રસમથી તેઓ સંપૂર્ણ વાકેફ હોવાને કારણે તેઓ તેમના દરેક પાત્રને સંપૂર્ણ ન્યાય આપવામાં સફળ થતા હતાં.

-આલ્ફ્રેડ નાટક મંડળી'ની સ્થાપના થઇ ત્યારે તેના માલિકો કલાકારોને કેળવવા તથા નાટક સંબંધી યોગ્ય સુચનો આપવા માટે શ્રી રુસ્તમ ઇરાની પાસે ગયા અને પોતાની નાટક મંડળીમાં દિગ્દર્શક તરીકે આવવાનું આમંત્રણ આપ્યું. પરંતુ રુસ્તમ ઇરાનીએ તેમને હીરજી ખંબાતા પાસે મોકલી આપ્યાં. હીરજી ખંબાતા અંગ્રેજી નાટકો માત્ર અભ્યાસ અને શોખ ખાતર કરતાં હોવા છતાં તેઓ 'આલ્ફ્રેડ મંડળી'ના માલિકોને નારાજ કરી શકયા નહી અને ઓનરરી ડીરેકટર તરીકે તેમના નાટકમાં મદદ કરવાનો કબુલાત આપી . જેવી રીતે 'વિકટોરિયામાં કેખશરુ કાબરાજી, ઝોરાસ્ટ્રીયનમાં એદલજી ખોરી આધારસ્થંભ હતાં તેવી રીતે 'આલ્ફ્રેડ નાટક મંડળી'ને હીરજી ખંબાતા જેવા આધારસ્થંભ પ્રાપ્ત થયા હતાં. દિગ્દર્શક તરીકે તેમનામાં ઉચ્ચ કોટિની શકિતઓ હતી. સામાન્યમાં સામાન્ય કલાકારની પાસે પણ તેઓ ઉમદા કાર્ય કરાવી શકતા હતાં. વિલાયતની સફર દરમ્યાન અંગ્રેજી રીત-રસમ અને અંગ્રેજી નાટકોના પ્રત્યક્ષ અનુભવને કારણે તેમની શકિત વધુ વિકસિત થઇ અને તેનો લાભ 'આલ્ફ્રેડ નાટક મંડળી'ને મળ્યો હતો. નાટકમાં મેક-અપ અને ગેટ-અપ ને તેઓ વધુ પ્રાધાન્ય આપતા અને તેનો સંપૂર્ણ પ્રયોગ તેમણે પોતાના સ્વરચિત નાટક 'આબે ઇબ્લીસ'માં કર્યો હતો. આ 'આબે ઇબ્લીસ'નાટક દાદાભાઇ ઠુંઠીએ 'હિન્દી નાટક શાળા'માં ભજવ્યું હતુ જેમાં હીરજી ખંબાતાએ મહત્વનું પાત્ર રજુ કર્યું હતું. નાટકના ક્ષેત્ર ઉપરાંત કોમ અને સમાજ પર વારંવાર લેખ લખી તેમણે સામાજિક સેવા પણ કરી હતી. તેમના અંગ્રેજી લેખો પ્રસિધ્ધ અઠવાડિક 'હિન્દી પંચ'માં પ્રસિધ્ધ

થતાં હતાં. માહિતી પ્રાપ્ત થાય છે તે પ્રમાણે તેમણે કેટલાક અંગ્રેજી કાવ્યો પણ લખ્યા હતાં. આલ્ફ્રેડ નાટક મંડળી'ના એક સ્થાપક અને કલાકાર ખુશરેદજી બાપસોલા એક કદાવર પારસી કલાકાર હતાં. 'જહાંબક્ષ અને ગુલરુખસાર'ના નાટકમાં તેમણે જીનનું પાત્ર ભજવ્યું હતું. 'આલ્ફ્રેડ નાટક મંડળી'ના યાંત્રીક દેખાવોથી પારસી આલમને વાકેફ કરવા પારસી સ્ટ્રીટમાં એક મોબેદ પાસે બુલંદ અવાજે તેની જાહેર ખબર કરાવવાની સૂચન તેમણેજ આપી હતી. આમ સઘળાં જરથોસ્તી કલાકારોની બનેલી 'આલ્ફ્રેડ નાટક મંડળી' પોતાનું નાટક શરુ કરતાં પહેલાં 'યઝદાંની યારી'નામનું ગીત રજૂ કરતી. ગીતના શબ્દો નીચે પ્રમાણેના છે :-

'' કર મદદ તુ આ તકે ઓ શકિતના સાહેબ પુરા ।
મદદ તારી ખરી જોરમંદ ફતેહના ફળ વાળી રે,
મદદ તારી જો હોય નહીં થાએ આલમના હાલ બુરા ''
२४

એકંદરે ઉપર્યુકત નાટક મંડળીની શરુઆત અને ઉત્તરોત્તર તેની પ્રગતિના પર દ્દષ્ટિપાત કરીએ તો એટલુ અવશ્ય કહી શકાય કે આ પારસી કલાકાર વૃંદને જો નાટક કરવા માટે નાટકશાળા મળી હોત તો'આલ્ફ્રેડ નાટક મંડળી'ના જે બે જન્મ થયા તે કદાચ ના થાત અને પારસી નાટક તખ્તો કેટલાક નવીન યાંત્રીક દેખાવો અને નવા નાટક તેમજ કલાકારોથી વધુ વિભૂષિત થયો હોત તેમ કહીએ તો તે અતિશયોકિત નહીં ગણાય.

## દ્વિતિય જન્મ

ઈ.સ.૧૮૭૧માં રચાયેલી 'આલ્ફ્રેડ નાટક મંડળી' તેના યાંત્રીક દેખાવો પરત્વેનું આકર્ષણ જમાવી નાટકશાળાના અભાવથી બંધ પડી ગઇ. ત્યારબાદ ઈ.સ.૧૮૮૪ માં તેણે ફરી દેખા દીધી.२५ તેને ફરીથી નવો દેહ આપવામાં પારસી કોમના એક બહુમુખી કલાકાર નાનાભાઇ રુસ્તમજી રાણીનાનો ફાળો મહત્વનો ગણાવી શકાય. 'આલ્ફ્રેડ નાટક મંડળી'ને સજીવન કરવા માટે વિવિધ નાટક કંપનીના કલાકારોને ભેગા કરી તેમનો સહયોગ પ્રાપ્ત થતા 'આલ્ફ્રેડ નાટક મંડળી 'ફરીથી પોતાના કળા-કૌશલ્ય બતાવવા બહાર પડી હતી. વળી પોતાના કાર્યને સુવ્યવસ્થિત બનાવવા માટે ત્રણ વિશ્વાસુ વ્યકિતઓને તેમણે પોતાના ભાગીદાર બનાવ્યા હતાં જેઓ મુખ્યત્વે માણેકજી જીવણજી માસ્તર, કાવસજી પાલનજી ખટાઉ અને મહંમદઅલી વોરા હતાં, જેમાં નાણાં સંબંધી સગળો વહીવટ માણેકજી જીવણજી માસ્તર સંભાળતા હતાં. 'આલ્ફ્રેડ નાટક મંડળી'ના પુનર્જીવન કાળે તેના ઉત્થાનમાં બે પૂરક પ્રસંગોને મહત્વના ગણાવી શકાય. જેમાં કાવસજી પાલનજી ખટાઉ જેઓ દિલ્હી ખાતે જહાંગીર ખંબાતાની નાટક કંપની છોડી મીસ ...

મેરી ફેનટનને લઇ મુંબઇ વસ્યા અને બન્નેએ ભેગા મળી નાટક મંડળી ખોલી જેમાં નિષ્ફળતા મળતાં નાનાભાઇને યોગ્ય સમયે તેમનો સાથ મળી રહયો. વળી 'નાટક ઉત્તેજક મંડળી'ની તમામ સ્ટેજ પ્રોપર્ટી નાનાભાઇએ આલ્ફ્રેડ માટે તેજ ગાળા દરમ્યાન રાખી લીધા જેના કારણે આલ્ફ્રેડની શરુઆતમાં અનુકુળ વાતાવરણ ઉપસ્થિત થયેલું જોવા મળે છે. 'આલ્ફ્રેડ નાટક મંડળી'ની શરુઆત થતાં નાનાભાઇ રાણીનાએ ફરામજી કાવસજી હોલમાં સ્ટેજ બંધાવી મીસ મેરી ફેનટન પાસે નાટકો કરાવવાની શરુઆત કરી હતી. જેવી રીતે કાવસજી પાલનજી ખટાઉએ મેરી ફેનટનને રજૂ કરી સફળતા પ્રાપ્ત કરી ન હતી તેવી રીતે 'આલ્ફ્રેડ નાટક મંડળી'માં મેરીનું આગમન પણ વ્યાપક સફળતા પુરવાર કરી શકયું નહું. અલબત્ત તેનું આકર્ષણ પણ ઓછું ન ગણાવી શકાય. મુંબઇ આવ્યાં બાદ પારસી કોમના સતત સંપર્કને કારણે પારસી રીત-રસમ અને ભાષા પર પ્રાપ્ત કરેલ પ્રભુત્વને કારણે તેને પારસી સ્ત્રી સમજતાં કોઇ અચકાતું નહીં. ઉર્દૂ અને પારસી એમ ઉભય ભાષા પરના પ્રભુત્વને કારણે તે પોતાના દરેક પાત્રને સંપૂર્ણ ન્યાય આપવામાં સફળ થઇ હતી. ઉર્દૂ ઉપરાંત પારસી સંસારી રીત-રસમથી વાકેફ હોવાને કારણે તેને 'નાજાં શીરીન'નામના પારસી સંસારી ફારસમાં શિક્ષિત કન્યાનું પાત્ર ભજવી તેમાં સફળતા પ્રાપ્ત કરી હતી. 'નાજા-શીરીન'માં 'શીરીન'નું પાત્ર ભજવી તેણે પ્રેક્ષકોનો સમભાવ મેળવ્યો જેના થકી મળેલી સફળતાને કારણે તે વધુને વધુ નાટકોમાં ભાગ ભજવતી ગઇ. ઉર્દૂ નાટકોમાં ભિન્ન ભિન્ન પ્રકારના પાત્રો તે અભિનય અને ગાયન સાથે કરતી, પરંતુ તાન પલટાના જ્ઞાનનો અભાવ હોવાથી તે ગાયક તરીકેની ઉચ્ચ પ્રતિભા ઉપસાવી શકી નહો. કોઇપણ ડીરેકટર અથવા તેણે પોતે તેની આ મર્યાદા દૂર કરવા પ્રયત્ન કર્યા હોત તો તે એક સારી ગાયિકા તરીકે ખ્યાતિ મેળવી શકી હોત.

'નાજા-શીરીન'માં 'શીરીન'ના હળવા પાત્ર ઉપરાંત 'ભોલી ગુલ'નામના પારસી કરુણાન્ત નાટકમાં તેણે ભોલીગુલ પાત્ર ભજવી કરુણ પાત્રની ભજવણીમાં પણ યોગ્ય સફળતા પ્રાપ્ત કરી હતી. ત્યાર પછી તેના મહત્વના પાત્રમાં તે ખુરશેદજી બાલીવાલા, બેનીફીટ નાઇટમાં દેખાઇ.સોરાબજી ધોંડીની સુચનાથી 'ખુશરુ બાલીવાલા બેનીફીટ નાઇટ'માં, 'ગોપીચંદ'નાટકમાં ખુશરેદજી બાલીવાલા લોટન અને મેરી જોગનના રુપે સ્ટેજ પર રજૂ થયાં હતાં. અન્ય નાટક મંડળીના કલાકારના લાભાર્થે કોઇપણ જાતની અપેક્ષા વિના સહાયક થવાનો સ્વભાવ તેના કલાકાર હ્રદયની ઝાંખી કરાવે છે. ભોળા સ્વભાવની નેક અને નિખાલસ મેરી છેવટ સુધી 'આલ્ફ્રેડ નાટક મંડળી'માં રહી શકી નહી તેની પાછળ ઘણાં પરિબળો અને પ્રસંગોને મહત્વના ગણાવી શકાય. 'ઝોરાસ્ટ્રીયન કલબ'માં ખ્યાતી પામેલો અને ત્યાંથી 'ઓરીજીનલ વિકટોરિયા નાટક મંડળી'માં જોડાઇને અંતે 'આલ્ફ્રેડ નાટક મંડળી'માં આવેલા

રતનશાહ દાવર નામનો દેખાવડો કલાકાર કાવસજી ખટાઉનું ચિન્તાનું કારણ બની ગયો. તેનું મુખ્ય કારણ મેરી ફેનટન હતી. પરિણામે કાવસજીએ મેરીની તકેદારી રાખવા પાલી માછી અને તેમના પોતાના ભાઈ રતનજી ખટાઉની નિમણુંક કરી હતી. અલબત્ત આ નિયન્ત્રણ પાછળ કાવસજી ખટાઉનો નિષ્ઠા શુભ હોવા છતાં મેરી કંટાળી ગઇ અને 'આલ્ફ્રેડ નાટક મંડળી' છોડી ફરામજી અપુની નાટકશાળામાં જોડાઇ ગઇ જયાં તેણે કેખશરુ કાબરાજીની 'દુ:ખીયારી બચુ' પરથી 'એદુ કોલેજર ડ્રામેટાઇઝ કરેલ 'ભોળી ગુલ' નાટકમાં ભોળીગુલના પાત્રમાં ગેઇટી થિયેટરમાં દેખા દિધો હતો.

'આલ્ફ્રેડ નાટક મંડળી'માંથી ફરામજી અપુની નાટક મંડળીમાં લઇ જવામાં પાલી માછી અને કાવસજી ખટાઉના નાનાભાઇ રતનજી ખટાઉએ ભજવ્યો હતો કે જેમને કાવસજીએ તેની તકેદારી કરવા રાખ્યા હતાં. પાલી માછીએ નાજુક કદનો હોવાથી સ્ત્રી પાત્ર ભજવવામાં ખૂબ સફળ થયો હતો. તેણે મેરી ફેન્ટનના સેક્રેટરી તરીકેની પણ સેવાઓ આપી હતી. પોતાની કલબમાં મેરીને લાવવા માટે ફરામજી અપુએ રતનજી ખટાઉને સારા પગારની નોકરીની આશા આપી હતી જેના કારણે તેણે મેરીને ફરામજી અપુની કલબમાં લઇ જવાનો સક્રીય ભાગ ભજવ્યો પણ મેરી ફેન્ટનના આગમન પછી ફરામજી અપુએ તેને પાણીચું પકડાવ્યુ હતું.

'આલ્ફ્રેડ નાટક મંડળી'માંથી નિકળ્યા બાદ નાનાભાઇ રાણીના અને કાવસજી ખટાઉનું શિરછત્ર ખસતાં તેની કારકિર્દીના રંગ પલટાવા લાગ્યા. રંગભૂમિ પર મળેલી પોતાની સફળતાના કારણે તે સાચા મિત્રો અને સલાહકારો પરત્વે ઉદાસીન બની જેનો લાભ કેટલાક કુપાત્રોએ લીધો. જેના પરિણામે તે એક નાટક મંડળી છોડી બીજી અને ત્યાંથી ત્રીજી એમ અનિશ્ચિતતાના વમળમાં ઘૂમરાવા લાગી જેનું પરિણામ તેમના પોતાના માટે તેમજ પારસી રંગભૂમિ માટે ખૂબજ વિઘાતક નિવડયું. પરિણામે પારસી રંગભૂમિ પર તેનો મધ્યાન તપતો હતો ત્યારે બેતાળીસ વર્ષની જુવાન વયે તે અકાળે મૃત્યુ પામો. 'આલ્ફ્રેડ નાટક મંડળી'ના મહત્વના કલાકારોમાં રતનશાહ જીવાજી દાવરનું નામ પણ ગણાવી શકાય. ઝોરાસ્ટ્રીયનમાંથી નિકળી 'ઓરીજીનલ વિકટોરિયા'માં દાખલ થયા બાદ તે 'આલ્ફ્રેડ નાટક મંડળી'માં જોડાયો.હતો. આલ્ફ્રેડમાં તે સ્થિર થયા પછી તેના દરેક નાટક તેમજ ઓપેરામાં તે મુખ્ય ભાગ ભજવતો. તે સારો હાસ્ય કલાકાર હતો. જેણે પિતાના મૃત્યુ દિને પણ પોતાનું પાત્ર સફળતાપૂર્વક ભજવી કીર્તિ હાંસલ કરી હતી.

'ધી નૌશીરવાન આદીન નાટક મંડળી' દ્વારા શોધાયેલો ખુરશેદજી અસ્ફંદીઆરજી ચીનાઇ પાછળથી ઓરીજીનલ વિકટોરિયા છોડી આલ્ફ્રેડનો આગેવાન કલાકાર બન્યો હતો. તે સ્ત્રી અને પુરુષ બન્ને પ્રકારના પાત્રો ભજવતો. 'અલીબાબા અને ચાલીસ ચોર' નાટકમાં તેણે ચોરોના

સરદારની ભૂમિા ભજવી ખૂબજ ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. વળી નાનાભાઇ રાણીના રચિત 'હોમલા હાઉ' નાટકમાં જ્યારે કાવસજી ગુરગોન એદલ હરીમ નામના ભરુચા પારસીનું પાત્ર ભજવતા હતાં ત્યારે તેજં નાટકમાં 'હીરા ભરુચી'નું પાત્ર ભજવી તે રંગમંચ દિપાવી ગયો હતો.

'ધી બોમ્બે વોલટીયર્સ થિયેટ્રીકલ કું.લીમીટેડ'ના ઉપક્રમે ભજવાયેલ નસરવાનજી મેરવાનજી ખાનસાહેબના ઉર્દુ નાટક 'હીરા'માં મુખ્ય પાત્ર 'ભગલા હજામ'ને ભજવનાર સેલાની વિવિધ નાટક મંડળીઓમાં ફરી આલ્ફ્રેડમાં જોડાયા બાદ તેઓ તેની સાથે રાવળપીંડીથી સફેરે ગયા હતાં. ત્યાં 'આલ્ફ્રેડ નાટક મંડળી'ના ઉપક્રમે ભજવાયેલ 'ગ્રાજકા તમાશા' નામનું ઉર્દૂ નાટક ભજવાયું હતું. પાછળથી કંપનીને મુંબઇ પાછી બોલાવી લીધા બાદ તેમાં નવા કલાકારોની ભરતી કરવામાં આવી હતી. જેમાં 'એદુ સેલાની'ને તરગાળાના છોકરાઓને નૃત્ય શિખવવા માટે રાખ્યા હતાં. હાસ્ય કલાકાર તરીકે તેમણે રંગભૂમિની સેવા કરી હતી જે ભૂલી શકાય નહી.

સોરાબજી ઓગરા

મીસ મેરી ફેનટનના નિકળી ગયા પછી 'આલ્ફ્રેડ નાટક મંડળી' સધ્ધર સ્થિતિ નાશ પામી હતી. આ સમય દરમ્યાન ઇ.સ.૧૮૮૫-૮૬ માં સોરાબજી ઓગરા જેવા પારસી રંગભૂમિના ઉચ્ચ કોટિના કલાકાર-દિગ્દર્શકે આલ્ફ્રેડનું ડીરેકટર પદ સંભાળ્યું. ઠરેલ અને શાંત સ્વભાવવાળા આ કલાકારનો જન્મ ગરીબ કુટુમ્બમાં ઇ.સ.૧૮૫૮ માં થયો હતો. તેમણે પોતાના પુરુષાર્થ અને શકિતથી ઉચ્ચ નાટકીય કારકિર્દી હાંસલ કરી હતી. ઇ.સ.૧૮૭૭ માં 'ઓરીજીનલ વિકટોરિયા નાટક મંડળી'માં જોડાયા હતાં. ત્યારબાદ ઇ.સ.૧૮૭૯ માં 'એલફિન્સ્ટન નાટક મંડળી'ના સંચાલનમાં જમશેદજી માદન અને માણેકજી માસ્તર સાથે રહ્યાં હતાં.ત્યારબાદ જમશેદજી માદન સાથે કલકત્તા થોડો સમય રહયાં બાદ મુંબઇ આવ્યા પછી 'ન્યુ આલ્ફ્રેડ'માં જોડાયા હતાં. આ વખતે 'ન્યુ આલ્ફ્રેડ'નું સંચાલન નાનાભાઇ રાણીના, કાવસજી ખટાઉ, માણેકજી માસ્તર અને મહમદઅલી કરતાં હતાં. ઇ.સ.૧૮૮૫-૮૬ માં 'ન્યુ આલ્ફ્રેડ'નું ડીરેકટર થતાં સ્ત્રી કલાકારોને કંપનીમાં દાખલ નહી કરવાનો ઠરાવ કીધો. સ્ત્રી પાત્રોને કારણે ઉભી થતી પરિસ્થિતિથી તેઓ વાકેફ હતાં જેના પરિણામે તેમણે લીધેલો આ નિર્ણય ખૂબજ મહત્વપૂર્ણ સાબીત થયો. સ્ત્રી પાત્રોના સ્થાન પર તેમણે તરગાળાના જવાન છોકરાઓને દાખલ કરી તેમને યોગ્ય તાલીમ આપીને સ્ત્રી પાત્રોની પૂર્તિ કરી હતી. કાનપુરના વિખ્યાત ઉસ્તાદ કેદારનાથ પાસે મેળવેલ ઉર્દૂ જ્ઞાનને કારણે ઉર્દૂ ભાષા પરનું તેમનું પ્રભુત્વ અનેરું હતું. કલાકાર તરીકે તેમની કારકિર્દીમાં તેઓએ એક ઉચ્ચ કોટિના હાસ્ય કલાકારની પદવી હાંસલ કરી હતી. ન્યુ આલ્ફ્રેડના

ઉપક્રમે ભજવાયેલ નાટકમાં મુખ્યત્વે 'ઇન્દ્રસભા', 'ખુબસુરત બલા', 'લયલા મજનુ', 'બીમારે બુલબુલ', 'તાજે નેકી' આદિએ પ્રજામાં ખૂબ ઘેલું લગાડયું હતું. 'તાજે નેકી'નાટકમાં 'કાણા મરઘી ચોર'ના પાત્રમાં હાસ્યનટ તરીકેની ઉચ્ચ શકિતનો પરચો તેમણે તત્કાલીન પ્રેક્ષકોને આપ્યો હતો. હાસ્ય કલાકારથીજ તેમની કલાકાર તરીકેની શકિતઓ સ્થગિત થઇ ગઇ ન હતી. સ્વ.સોરાબજી ઓગરા એક 'ઓલ રાઉન્ડર' કલાકાર હતાં. 'સત્યવાદી હરિશ્ચંદ્ર''માં હરિશ્ચંદ્ર, Marchant of Venice ઉપરથી તૈયાર કરેલ 'દીલ ફરોશ'માં મુબારક, Twelfth Night પરથી તૈયાર કરેલ 'ભુલભુલૈયા'મા અબ્દુલ કરીમના પાત્રમા મેળવેલી અપૂર્વ સફળતા તેમનામાં રહેલી ઉચ્ચ કોટિની કલાનેજ આભારી ગણાવી શકાય.

સ્વ.ઓગરા ઉચ્ચ કોટિના કલાકાર હોવા ઉપરાંત એક મહાન ડીરેકટર હતાં, જેમણે સેંકડો કલાકારોને રંગભૂમિનું જ્ઞાન આપી શ્રેષ્ઠ કલાકારો-ડીરેકટરો સાબિત કર્યા હતાં. તેમના હાથ નીચે તાલીમ મેળવવી એ કલાકારોને મન મોટું સદ્‌ભાગ્ય ગણાતું. તેમણે તૈયાર કરેલ કલાકારોમાં સોરાબજી કાત્રક, પીરોશા પોઠાવાલા, સોરાબજી ધોંડી, ખુશરુ ચીનાઇ, ઇબ્રાહીમ પોજારા, એલાહોજર, રામચંદ્ર, જોસેફ ડેનીયલ, લલ્લુભાઇ, જગન્નાથ, ભોગીલાલ શાવક, મલેગામવાલા પીરોશા પોઠાવાલા, એદુ સેલાની, એદલજી [illegible] આદિ વ્યકિતઓ હતી. જેઓ પાછળથી સારા ડીરેકટર અને કંપનીના માલીક બન્યા હતાં. 'ઇમ્પીરીયલ નાટક મંડળી'ના ડીરેકટર જોસેફ ડેવીડ અને ગુજરાતી રંગભૂમિના મહાન કલાકાર અમૃત કેશવ નાયકના વિકાસમાં સોરાબજી ઓગરાનો ફાળો ખૂબજ મહત્વનો હતો.

ન્યુ આલ્ફ્રેડની નાણાં સંબંધી સ્થિતિ જયારે ખૂબજ વિકટ હતી ત્યારે કંપનીને બંધ કરવાની પરિસ્થિતિ વખતે નાટયકાર આગાહશ્ર કાશ્મિરી પાસે લખાયેલ નાટક 'ખુબસુરત બલા' તેમણે સ્ટેજ કર્યો. 'ન્યુ આલ્ફ્રેડ'ની જિન્દગી આ નાટકની સફળતા પર આધારિત હતી. કલાકારોને બે મહિનાની નોટીસ અપાઇ ચૂકી હતી તે જો આ નાટક સફળ ન થાય તોજ પાછી ખેંચવાનો સંભવહતો. 'ખુબસુરત બલા'ની પ્રથમ નાઇટ ભજવાઇ. સોરાબજી કાત્રક, દોરાબ મેવાવાલા, જગન્નાથ, સહેલાણી, લલ્લુભાઇ અને ઓગરાજીના પાત્ર અને ડ્રેસીનના પરિણામે નાટકે અદ્‌ભુત સિધ્ધી પ્રાપ્ત કરી. ટિકિટોના ભાવ દસગણાં ઉચકાયા જેના પરિણામે 'ન્યુ આલ્ફ્રેડ'ને નવુ જીવન પ્રાપ્ત થયુ. 'ખુબસુરત બલા'ચાર મહિના સુધી ચાલ્યું. જેની સફળતાએ કંપની આર્થિક સ્થિતિની તંગી દૂર કરી. ત્યારબાદ 'ન્યુ આલ્ફ્રેડના ઉપક્રમે ભજવાયેલ નાટક 'ચલતા પૂર્જા' માં 'સીકંદર' અને 'શરીફ બદમાસ'માં 'કુકનસ'ના પાત્રે ઓગરાના કલાકારે જીવનને ચાર ચાંદ લગાવી દિધા. અલહાબાદમાં તેમનું નાટક જોઇ સર ચાર્લ્સ મેનરોએ તેમના અભિનય પર ખૂશ થઇ સોનાના મેડલથી તેમને વિભૂષિત કર્યા હતાં. વળી નિઝામ સરકારે પણ સોનાની સો

અશરફી ભેટ આપી હતી અને તેમની કળાને વિભૂષિત કરી હતી. ગરીબ કુટુંબમાં જન્મેલ પોતાના પુરુષાર્થથી મહાન એકટર, ડીરેકટર બનનાર ઓગરાજીએ તેમના જીવનના પંચાવન વર્ષ પારસી રંગભૂમિને અર્પણ કર્યા હતાં. આ સમય દરમ્યાન અનેક કલાકારોને શિક્ષણ આપી રંગભૂમિ પરત્વેની તેમની શકિતઓને ખીલવવાની જે સેવા કરી તેની નોંધ પારસી રંગભૂમિના ઇતિહાસમાં અમીટ રહેશે. રંગભૂમિનો આ તેજસ્વી સિતારો ઇ.સ.૧૯૩૩ ની ૪ એપ્રિલે ૭૫ વર્ષની ઉંમરે સદાને માટે ખરી પડયો.

## કાવસજી ખટાઉ

સોરાબજી ઓગરાની જેમ કાવસજી પાલનજી ખટાઉ પણ ગરીબ કુટુંબમાં જન્મ્યા હતાં. નાટયકળાનો વારસો મેળવેલ આ કલાકાર કલબોમાં એમેટર તરીકે કામ કરનાર કલાકાર હતાં. જેઓએ પાછળથી એક ઉચ્ચ કોટિના નાટયકાર જહાંગીર ખંબાતા જેવા દિગ્દર્શક પાસે શિક્ષણ મેળવી એક શ્રેષ્ઠ કલાકાર તરીકે અનેક નાટકો સફળતાપૂર્વક ભજવી પોતાને સ્થાપીત કર્યા હતાં. દિલ્હીમાં લાલાજીની મદદથી જાહાંગીર ખંબાતાએ સ્થાપેલી નાટક મંડળીમાં પેન્ટર પેસુ માદન, એદુ સોલાની, નસુલુ સરકારી, દોરાબ સચીનવાલા અને કાવસજી ખટાઉ જોડાયા હતાં. કાવસજી ખટાઉ 'એમ્પ્રેસ વિકટોરિયા થિયેટ્રિકલ કલબ'ના ઉપક્રમે ભજવાતા નાટકોમાં મુખ્ય પાત્ર ભજવતાં હોવાને કારણે તેઓ નાટકનું આકર્ષક અંગ બની રહેતાં. આ નાટકોની ભજવણી દરમ્યાન નાટકની એક ઉમદા પ્રેક્ષક મીસ મેરી ફેનટનના સંસર્ગમાં તેઓ આવ્યા, જેને લઇ તેઓ નાટક ભજવવાના હેતુથી મુંબઇમાં આવી હેતુથી મુંબઇમાં આવી વસ્યા હતાં. મુંબઇમાં કાવસજી ખટાઉ અને મીસ મેરી ફેનટન બન્નેએ સાથે મળી નાટક ભજવવાની શરુઆત કરી પરંતું જાહેરાત તેમજ સાધન સામગ્રીનો અભાવ આદિ કારણોને લીધે તેમણે સફળતા પ્રાપ્ત ના થઇ. મેરી ફેનટન જેવી અંગ્રેજ સ્ત્રી કલાકારને સ્ટેજ પર ઉતારી હજારો રુપીયા કમાવવાનું કાવસજી ખટાઉનું સ્વપ્ન સિધ્ધ ના થયું. પરિણામે નાનાભાઇ રુસ્તમજી રાણીનાની કલબમાં તેઓ જોડાઇ ગયા.

'એમ્પ્રેસ વિકટોરિયા થિયેટ્રીકલ કલબ' તથા 'આલ્ફ્રેડ નાટક મંડળી'ના ઉપક્રમે ભજવાયેલ નાટકો જોતાં કાવસજી પાલનજી ખટાઉમાં એક પારસી રંગમંચના પ્રથમ કોટીના કલાકાર ઉપસ્થિત થયેલી જોઇ શકાય છે. કલા પરત્વેની સૂજને પરિણામે તેમણે નાટક તખ્તાને ઉચ્ચ સ્થિતિ આપવા માટે તેમણે સતત આજીવન પ્રયત્ન કર્યા, અને રંગભૂમિને પોતાનું જીવન અર્પી પ્રાપ્ત કરેલ સફળતા અને કીર્તિના પરિણામે 'હેનરી ઇરવીંગ'નું બિરુદ પ્રાપ્ત કર્યુ. કાવસજી ખટાઉ એક સારા કલાકાર હોવાની સાથે એક સારા સંગીતકાર પણ હતાં. તેમણે રચેલા 'અલીબાબા'ના ગીતો ખૂબજ પ્રસિધ્ધ થયા.

રંગમંચના અનેક પાસાઓમાં સફળતા મેળવનાર કાવસજી ખટાઉના મનમાં સૌથી મોટી મહેચ્છા 'વિકટોરિયા નાટક મંડળી'ના માલિક થવાની હતી. જે તેઓ બાલીવાળા સાથે ચોક્કસ શરતે જોડાતાં પૂર્ણ થઇ હતી. જેના પરિણામે 'આલ્ફ્રેડ નાટક મંડળી' નાટક કરતી બંધ પડી અને વિકટોરિયા નાટક મંડળી તેના નાટક નોવેલ્ટી થિયેટરમાં ભજવવા લાગી હતી. કાવસજી ખટાઉ અને ખુરશેદજી બાલીવાલાની ભાગીદારી વધુ લાંબો સમય ટકી ના શકી હોવાથી બન્ને પોતાની રાજીખુશીથી છુટા પડયા હતાં. પારસી રંગમંચને એક ઉચ્ચ કક્ષાની સ્ત્રી કલાકારે ભેંગ ધરી રંગમંચને ઉન્નત બનાવવાની જે જહેમત ઉઠાવી તે ભૂલી શકાય નહીં. કાવસજી ખટાઉનું માર્ગદર્શન અને સહાય જો મેરી ફેનટનને ના મળી હોત તો કદાચ મેરી ફેનટનની કલાકાર તરીકે પ્રતિભા વિકસી શકી ના હોત. પાછળથી મેરી ફેનટનના સંપર્કથી વધુ નિકળતા સંધાતા તેઓએ તેની સાથે લગ્ન કર્યાં હતાં.

શ્રી ધનજીભાઇ પટેલ નોંધે છે તે પ્રમાણે નાટકના ધંધામાં પડી કોઇ સુખી થયું નથી કે લખપતી બનવાની કોઇની મહેચ્છાઓ સફળ થઇ નથી, પણ કાવસજી પાલનજી ખટાઉએ આ ધંધામાં તેના મૃત્યુ બાદ એક જંગી રકમનું ટ્રસ્ટ ઉભુ કરી શાશ્વત કોર્તિ પ્રાપ્ત કરી હતી. 'આલ્ફ્રેડ નાટક મંડળી'ના આ એક અતિ મહત્વના સુકાની પાસેથી 'આલ્ફ્રેડને જમશેદજી માદનની 'માદન એન્ડ સન્સ( કંપનીએ લગભગ દોઢ લાગ રુપીયામાં ખરીદી લીધી હતી. નાટક અને રંગભૂમિને પોતાના જીવનના પાંચ દાયકા સુધી પ્રાણ રેડી તેની અપૂર્વ માવજત કરનાર આ મહાન કલાકાર ઇ.સ.૧૯૧૬ ની ૧૬ મો ઓગસ્ટના રોજ લાહોર મુકામે મૃત્યુ પામ્યો.

## પારસી રંગભૂમિનો મહાન ગુજરાતી કલાકાર<br>અમૃત કેશવ નાયક

પારસી રંગભૂમિના ઇતિહાસમાં આ મહાન કલાકાર દિગ્દર્શક અને રંગભૂમિના સર્વ તત્ત્વોનો તલસ્પર્શી અભ્યાસી હતો. 'આલ્ફ્રેડ નાટક મંડળી' દ્વારા તેણે તેની કારકિર્દીની શરુઆત માસિક ૪૦ રુપીયાના પગારથી કરી હતી. બમનજી કાબરાજીનું 'ગામડેની ગોરી' અને 'બીમારે બુલબુલ' નામના નાટકમાં સફળતાપૂર્વક અભિનય કરી તેનામાં રહેલી કલા-કૌશલ્યતા તેણે દર્શાવી પ્રસિધ્ધિ પ્રાપ્ત કરી હતી. સોરાબજી ઓગરાના હાથ નીચે તેણે દિગ્દર્શન પણ પણ પ્રભુત્વ પ્રાપ્ત કર્યું હતું અને કંપનીના ઉપક્રમે ભજવાતા ઉર્દૂ નાટક 'અલાઉદ્દીન', 'લયલા ઉર્ફે સિતારે મંગરેલિયા' આદિમાં મુખ્ય પાત્રની ભૂમિકા ભજવી હતી. આ ભૂમિકા ભજવતાં દરમ્યાન તેણે તેનો ઉર્દૂનો અભ્યાસ વધાર્યો અને તેના પર પ્રભુત્વ પ્રાપ્ત કર્યું.

આ ઉપરાંત કાવસજી ખટાઉ સાથે પણ તેણે રંગભૂમિ પર અનેક વર્ષ સુધી કાર્ય કર્યુ હતું અને ખટાઉની 'આલ્ફ્રેડ નાટક મંડળી'માં તેઓ દિગ્દર્શક તરીકે સેવા આપતા હતાં. આ નાટક મંડળીમાં ખટાઉએ તેમણે સંપૂર્ણ સ્વતંત્રતા આપી હતી. પરિણામે 'ખૂને નાહક' 'મુરીદે શક', 'બજમે ફાની', 'અસીરે હીર્સ', 'શહીદે નાજ', આદિ નાટકો ઉર્દૂમાં ભજવ્યા અને કંપનીને લઇ ઉત્તર ભારતની મુસાફરી કરી. આ દરમ્યાન તેણે હિન્દીનો અભ્યાસ વધાર્યો હોવાથી હિન્દી કવિ-લેખકોના પરિચયમાં પણ તે આવ્યો હતો. અમૃત નાટકે 'આગા હશ્ર' તેમજ 'અહસન' લખનવીના નાટકો ભજવ્યા હોવાને કારણે જ્યારે બેતાબજીએ તેમના 'ઝહરી સાંપ' નાટક જે અમૃત નાયકને વાંચવા આપ્યું તે-અંગે પૂછતાં તેણે જવાબ આપેલો કે .'બસ, ઇસીસે સમજલો, કો કાપી ફાડકર નહીં ફેકો, આ નાટક ખૂબજ સફળ નાટક સાહિત થયું હતું. આ બધાને દ્રષ્ટિ સમક્ષ રાખતા આપણે એમ કહી શકીએ કે પારસી ગુજરાતી નાટયકારો ઉપરાંત હિન્દી નાટયકારોના નાટકનું તેણે ખૂબજ સફળતાપૂર્વક દિગ્દર્શન અને અભિનય કર્યો હતો.

ઇ.સ.૧૯૦૪ માં 'શહીદે નાજ' ભજવ્યા બાદ કંપની કલકત્તા જવાની તૈયારીમાં હતી ત્યાં અમૃતે મનદુ:ખ થતાં કંપનીમાંથી રાજીનામું આપી દિધું અને ફરામજી અપ્પુની 'પારસી નાટક કંડળી'માં દિગ્દર્શક તરીકે કાર્ય શરુ કર્યુ. 'આલ્ફ્રેડ નાટક મંડળી' ઉત્તરોત્તર શિથિલ બનતી ગઇ તેના કારણો તપાસતાં આ મહાન કલાકારનો વિદાયને પણ એક મહત્વના કારણ તરીકે ગણાવી શકાય. તેના રાજીનામા બાદ કલકત્તા પહોચ્યાં પછી માસ્ટર મોહન, હાથીરામ, વલ્લભ નાયક, રામલાલ આદિ મહત્વના કલાકારોએ પણ કંપની છોડી દીધી હતી. 'આલ્ફ્રેડ નાટક મંડળી'ના તેના સમય દરમ્યાન નાટક અને રંગભૂમિના દરેક તત્ત્વમાં આ કલાકાર પોતાની સૂઝ અને શકિતથી અજબ પરિવર્તન લાવ્યો હતો જે પારસી રંગભૂમિના ઇતિહાસમાં વિસ્મરી શકાય નહીં. 'આલ્ફ્રેડ નાટક મંડળી'ની સમગ્ર તવારિખ તપાસતાં આ મંડળીના ઉપક્રમે સૌ પ્રથમ નાટક 'શાહજાદો શીયાવક્ષ' શંકરશેઠની નાટકશાળામા ભજવાયું તેના મૂળ સ્થાપકોમાં ખુશશેદજી બાપસોલા[૨૬] માણેકજી જીવણજી માસ્તર[૨૭] અને ફરામરોજ જોષી હતાં.

નાનાભાઇ રુસ્તમજી રાણીનાએ મંડળીના સુકાન હાથમાં લીધુ ત્યારે તેમણે નાટક ઉત્તેજક મંડળીના પડદા, વેશભુષા તેમજ અન્ય સામાન આલ્ફ્રેડ માટે ખરીદી લીધો. તેમણે કાવસજી હોલમાં સ્ટેજ બંધાવી નાટક કર્યાં, જેમાં મોસ ફેનટન અને કાવસજી ખટાઉ મુખ્ય કલાકારો હતા. આ કલાકાર વૃન્દને લઇ રાણીનાએ મુસાફરી શરુ કરી અને તેના રાવલપિંડીના મુકામ દરમ્યાન ત્યાં 'ઝાજકા તમાશા' નાટક ખૂબજ સફળતાપૂર્વક ભજવતાં કંપનીને ખૂબજ આવક થઇ હતી.

તૃતિય જન્મ :

તત્પશ્ચાત્ કંપનીનાબેભાગ થયા (૧) પારસી આલ્ફ્રેડ નાટક મંડળી -કાવસજી ખટાઉ
(૨) ન્યુ આલ્ફ્રેડ નાટક મંડળી - માણેકજી જીવણજી માસ્તર

'ન્યુ આલ્ફ્રેડ'ની ચર્ચા આગળ કરવામાં આવેલ છે. કિન્તુ કાવસજી ખટાઉના હાથમાં સુકાન આવતાં તે કંપનીને લઇ કલકત્તા ગયા,જ્યાં તેમણે પં.નારાયણ પ્રસાદ 'બેતાબ'ને પોતાના નાટયકાર તરીકે પગાર આપી રોકી લીધા. ડો.અબ્દુલ નામીના મતાનુસાર આલ્ફ્રેડ નાટક મંડળીના નાટયકાર તરીકે 'આસિફ'સેવાઓ આપતા હતાં અને તેમણે ઇ.સ.૧૯૧૧ માં 'ઈંતકામ' નામના નાટકની રચના કરી હતી. જે ઇ.સ.૧૯૧૧ ની ૧૨ મી ઓગસ્ટે પ્રથમ વાર ભજવાયું હતું.૨૮ ઉપર્યુક્ત કથન જોતાં ડો.અબ્દુલ નામી આલ્ફ્રેડ કલબના નાટયકાર તરીકે 'આસિફ'ને ગણાવે છે. જયારે ડો.વિધાવતી નમ્ર 'બેતાબ'ને.કાવસજી ખટાઉએ ગુજરાતી નાટક મંડળી દ્વારા ભજવાયેલ ગુજરાતી નાટકની સફળતા જોઇ 'બેતાબ' પાસે મહાભારત નામનું નાટક લખાવ્યું હતું.૨૯ ઉપર્યુક્ત કથન જોતાં 'આલ્ફ્રેડ નાટક મંડળી'નો નાટયકાર 'બેતાબ' હશે તેવું ડો.વિધાવતી નમ્રનું વિધાન વધારે ઉચિત ગણાવી શકાય. પં.નારાયણપ્રસાદ 'બેતાબ'નુ 'મહાભારત' દિલ્હીમાં સંગમ થિયેટરમાં ભજવાયું હતું.મહાભારત ઉપરાંત 'બેતાબ'ના પત્ની-પ્રતાપ, કૃષ્ણ-સુદામા, શખકો શરારત, ગોરખધંધા, મોઠા જહર અનેકકસૌટી આદિ નાટકો પણ આ નાટક મંડળીના ઉપક્રમે ભજવાયા હતાં. આ ઉપરાંત 'આલ્ફ્રેડ નાટક મંડળીના ઉપક્રમે 'રામાયણ' 'મહાભારત','શ્રવણકુમાર', 'યહૂદી કી લડકી', 'પત્ની પ્રતાપ', 'ધર્મ વિજય', આદિ નાટકો ભજવ્યાં. આ નાટકોમાં મીસ ઝરીના મુખ્ય અભિનેત્રીનું પાત્ર ભજવતી જયારે મીસ પુતલી, મીસ સાંવરિયા, આગા મહમ્મદ શાહ આદિના નામો પણ ખૂબજ ખ્યાતનામ હતાં.૩૦

દિલ્હીમાં નાટકો ભજવ્યા બાદ કંપની લાહોર ગઇ અને ત્યાં પહોચ્યા બાદ કાવસજી ખટાઉને પથરીનું ઓપરેશન કરાવવામાં આવ્યું અને લાહોરમાંજ ઇ.સ.૧૯૧૬ ની ૧૬ મી ઓગસ્ટને બુધવારે તેમનું અવસાન થયુ. આ બાદ કંપનીનું સુકાન તેમના પુત્ર જહાંગીરજી ખટાઉના હાથમાં આવ્યું. ડો.હેમેન્દ્રનાથ દાસગુપ્તા લખે છે તે પ્રમાણે 'In 1917 J. C. Khatao became the Proprietor"૩૧ જાહાંગીર ખટાઉના સંચાલન દરમ્યાન 'બેતાબજીએ માત્ર એકજ નાટક આલ્ફ્રેડ નાટક મંડળી માટે લખ્યું અને તે 'પત્ની-પ્રતાપ'.આ ઉપરાંત માઇલ દહેલવી નામના નાટયકારે 'તેગે-સિતમ' નામનું નાટક કંપની માટે લખ્યું હતું. કે જાહાંગીરજી ખટાઉ તેમની પ્રકૃતિને કારણે કંપનીને સફળ રીતે ચલાવી શકયા નહીં

અને ઇ.સ.૧૯૧૮ માં 'માદન થિયેટર્સ'ને વેચી નાંખવામાં આવી.

ચતુર્થ જન્મ :

જમશેદજી ફરામજી માદને 'આલ્ફ્રેડ નાટક મંડળી' ખરીદી લઇ પં.નારાયણપ્રસાદ 'બેતાબ'ને માસિક ૭૫૦/ રુપીયાના પગારે પોતાને ત્યાં રાખી લીધા. અહીંયા બેતાબજીએ 'કૃષ્ણ સુદામા' 'કુમારી કિન્નરી' 'ગણેશ જન્મ','સમાજ' આદિ નાટકોની ઇ.સ.૧૯૩૦ સુધી રચના કરી. માદન થિયેટર્સના નેજા હેઠળ આલ્ફ્રેડ નાટક મંડળી'એ 'બેતાબ'નું 'ગણેશ જન્મ'નાટક કલકત્તામાં ભજવ્યું હતું. આ ઉપરાંત ડો.અજ્ઞાતના મત પ્રમાણે ઇ.સ.૧૯૨૭ થી ૧૯૩૨ ના ગાળા દરમ્યાન કંપનીએ 'આગા'હશ્ર' કાશ્મીરીના 'આંખકા નશા', 'તુર્કી હૂર' અને 'દિલ કી પ્યાસ' નામના નાટક કલકત્તામાં ભજવ્યા હતાં જ્યારે બેતાબનું 'કૃષ્ણ સુદામા' નામનું નાટક ભજવ્યું હતું.[૩૨] આગા 'હશ્ર'ના 'તુર્કી હૂર' નામના નાટકમાં ભાગ લેનાર કલાકારો હતા:[33]

| | |
|---|---|
| દાદાભાઇ સરકારી | આરિફ |
| નર્મદાશંકર | રશીદા |
| સૂરજરામ | ગાનમ |
| સૈયદ હસન ચંદા | શાહ ઝિયાદ |
| મણીલાલ | અનવર–બે |
| મોહન | અયાજ |
| હાફિઝ મહમ્મદ અબ્દુલા | હામિદ બે |
| લૈલા | ચપલા. |

વળી ઇ.સ.૧૯૨૪ માં 'હશ્ર'નું આંખકા નશા' નામનું નાટક ભજવાયું જેના મુખ્ય કલાકારો નીચે પ્રમાણે હતા:[૩૪]

| | |
|---|---|
| શરીફા | તવાયફ |
| પૂનમચંદ્ર | નાયિકા |
| દાદાભાઇ સરકારી | જુગલ |
| મહમ્મદ ઇસ્સહાક | બેનીપ્રસાદ |
| નર્મદાશંકર | જુગલની પત્નિ |
| સૂરજરામ | મારવાડી |

## ન્યુ આલ્ફ્રેડ થિયેટ્રિકલ કંપની

ઇ.સ.૧૮૮૨-૮૩ માં લગભગ રાણીનાનો કંપનો બે વિભાગમાં વેંહેચાઇ ગઇ.(૧) પારસી આલ્ફ્રેડ નાટક મંડળી જેના માલિક કાવસજી ખટાઉ હતાં જ્યારે (૨) 'ન્યુ આલ્ફ્રેડ નાટક મંડળી' જેના માલિક માણેકજી જીવણજી માસ્તર અને મહમંઅલી વોરા હતાં. આ નાટક મંડળી મહંમદઅલી વોરાની મંડળી તરીકે ઓળખાતો. ઇ.સ.૧૮૮૮થી ૧૯૨૪ સુધી સોહરાબજી ફરામજી ઓગરા તેના દિગ્દર્શક તરીકે હતાં. તે સમય દરમ્યાન કંપનીએ ઉત્તર ભારતની અનેક યાત્રાઓ કરી. 'બિમારે બુલબુલ', 'તાજે નેકી', સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર આદિ નાટકો ભજવ્યાં. ઇ.સ.૧૮૯૬ માં મહેંદી હસન 'અહસન' લખનવીએ 'મર્ચંટ ઓફ વેનિસ' પર આધારિત 'દિલફરોશ' અને 'ટવેલ્થ નાઇટ' પર આધારિત 'ભૂલભુલૈયા' નાટકની રચના કરી. 'ભુલ ભુલૈયા' સતત ત્રણ વર્ષ ભજવાયુ. આગામહંમદ 'હશ્ર' એ'ખૂબ સુરત બલા' અને 'સિલ્વર કીંગ' પરથી'અછુતા દામન' નાટક લખી કંપનીને આપ્યાં. ઇ.સ.૧૯૧૧ માં કંપની મુંબઇમાં રોયલ થિયેટરમાં નાટક ભજવતી ત્યારે પડદાં ખેંચવાવાળા છોકરાથી ચીમની ફૂટી જતાં આગ લાગી પરિણામે કંપનીને ખૂબજ નુકશાન થયું અને થોડા સમય બંધ રહી થોડા સમય બાદ 'અછૂતા દામન'ભજવી તે ફરી શરુ થઇ. ત્યારબાદ કંપની ઉત્તર ભારતની યાત્રાએ ગઇ જ્યાં અલ્હાબાદમા 'સર ચાર્લ્સ' મેનરો એ સોરાબજી ઓગરાની ખૂબજ પ્રશંસા કરી. ઇ.સ.૧૯૧૬ માં દિલ્હીમાં સોરાબજી ઓગરાએ રાધેશ્યામ કથાવાચકનુ 'વીર અભિમન્યુ' નાટક ભજવ્યું. ત્યારબાદ કંપનીએ મેંહદી હસન 'અહસન'નું 'આખરે હિન્દ' નાટક ભજવ્યું. જેમાં સોરાબજી ઓગરા, એલીજર અને અબ્દુલ રહેમાન કાબુલીએ મુખ્ય ભુમિકાઓ ભજવી હતી. 'ન્યુ આલ્ફ્રેડ થિયેટ્રિકલ કંપની'ના નાટક મુંબઇ તેમ મુંબઇ બહાર પણ કેટલા લોકપ્રિય હતાં તેનો ખ્યાલ રાધેશ્યામ કથાવાચકના નિન્મલિખિત કથન પરથી આવે છે: 'બમ્બઇ કી ન્યુ આલ્ફ્રેડ 'યહાં બહુત આતી થી, શાયદ હર દુસરે યા તીરસે સાલ આ જાતી થી। કંપની બંબઇસે જબ ચલતી થી તબ પહલા સ્ટેશન બરેલી હી હોતીથી તબ બરેલી દીવાની થી ઉસ કંપની પર। સુના હૈ ભિસ્તી મશકે બેચકર ભી ઉસ કંપનીકે નાટક દેખને જાતે થે. 'અલાદીન', 'અલીબાબા' ઔર 'ચંદ્રાવલી' નાટક તબ ખૂબ ચલતે થે. ઇન્હી કે ગીત ગલી ગલી લોગ ગાતે ફિરતે થે. વિજલી તબ નહી થી. ગૈસ કે હંડે ભી નહીં મશાલે જલા કરતી થી. ફિર ભી ચાર આને સે લેકર તીન રુપયે તક કે દર્જે ઠસાઠસ ભરે રહેતે થે."[૩૫]

ઇ.સ.૧૯૧૮માં માણેકજી માસ્તર અલગ થતાં તેમના સ્થાન પર માણેકશા બલસારા અને મહેરવાનજી કાપડિયા કંપનીના માલિક બન્યા. માણેકશા બલસારા વિજળી આદિની કામગીરી સંભાળતા જ્યારે મહેરવાનજી કાપડિયા કંપનીની ભોજનાદિ વ્યવસ્થાનું સંચાલન કરતા હતાં. આ નાટક મંડળીથી છુટા પડી માણેકજી માસ્તરે અમદાવાદમાં માણેકશા બલસારાના પ્લાન પ્રમાણે એક અદ્યતન થિયેટર બંધાવ્યુ કિન્તુ પાછળથી તે વેચી દેવું પડયું હતુ. આ થિયેટર 'માસ્ટર

થિયેટરના નામે ઓળખાયું હતું જે તત્કાલીન ભારતના થિયેટરો કરતાં અધિક સુવ્યવસ્થિત હતું.

ઈ.સ.૧૯૧૯ માં આ નાટક મંડળીના ઉપક્રમે મુનશી મહેદી હસન 'અહસન'લખનવીનું 'ચલતા પૂર્જા' નામનું નાટક ભજવાયું હતું જેના મુખ્ય કલાકારોમાં માસ્ટર ભોગીલાલ, સોરાબજી ઓગરા, ઈબ્રાહિમ પિંજરા, જોલેજર રાઈટર અને અબ્દુલ રહેમાન કાબુલી હતા. ત્યારબાદ અમદાવાદમાં કંપનીના ઉપક્રમે રાધેશ્યામ કથાવાચકનું 'પ્રહલાદ' નાટક 'માસ્ટર થિયેટર''માં ભજવાયું હતું. જેના મુખ્ય કલાકારો હતા :36

| | |
|---|---|
| પુરુષોત્તમ મારવાડી | પ્રહલાદ |
| ફુલચંદ મારવાડી | પ્રમોદ, શ્યામલતા |
| શાકિરભાઈ | હિરણ્ય કશપ ,37 |

આ ઉપરાંત ઈ.સ.૧૯૨૧ માં કંપનીનો મુકામ લાલકિલ્લા સામે હતો. આ સમય દરમ્યાન આ કંપનીએ તેના એક ખેલનો રકમ 'વોરફંડ'માં આપતા પાછળથી રાજનૈતિક પરિબળો દ્વારા તેને ખૂબજ હેરાન કરવામાં આવતાં તે તેના રસાલા સાથે સુરત આવી. સુરતમાં સાર્વજનિક દવાખાનાના લાભાર્થે પણ તેણે નાટક ભજવ્યુ હતું. દિવાળીના દિવસો દરમ્યાન ધનતેરસે કંપનીના ઉપક્રમે 'દિલ ફરોશ' નામનું નાટક ભજવાયા બાદ કંપનીમાં આગ લગાડવામાં આવતાં કંપનીનો બધોજ સામાન બળી ગયો. તેના માલિકો નિરાશ થઈ મુંબઈ આવ્યા હતા/અને પ્રોમટરની મદદથી નાટકો ફરી લખાવી કંપનીની પુનઃ સ્થાપના કરી. સુરતની આગ વિશે શ્રી રાધેશ્યામ કથાવાચકના મત પ્રમાણે ઈ.સ.૧૯૧૪ નો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.38 પાછળથી કંપનીએ દિલ્હી, આગરા અને લાહોરમાં 'પ્રહલાદ', 'પરિવર્તન' આદિ નાટકો ભજવ્યા. ઈ.સ.૧૯૨૪ માં નવેમ્બર માસમાં કંપની લાહોરથી પેશાવર ગઈ તે દરમ્યાન માસ્ટર ભોગીલાલને તેના આપખુદ વર્તણને કારણે કંપનીમાંથી દૂર કરી તેના સ્થાન પર ડેનિયલની દિગ્દર્શક તરીકે નિમણુંક કરવામાં આવી. પેશાવરથી પાછી ઈ.સ.૧૯૨૫ના જાન્યુઆરી માસમાં કંપની દિલ્હી આવી ત્યાં રાધેશ્યામ કથાવાચકનુ પરિવર્તન નાટક ભજવ્યું જેમાં નીચે પ્રમાણેના કલાકારો ભૂમિકા ભજવતા હતાં:

શાકીરભાઈ - શ્યામલાલ (નાયક)
નર્મદાશંકર - લક્ષ્મી
રામકૃષ્ણ ચૌબે - જ્ઞાનચંદ
ફીરોજશાહ પોઠાવાલા રમઝાની

આ નાટક ઈ.સ.૧૯૨૫ ના માર્ચના બીજા સપ્તાહમાં ભજવાયુ હતું. આ નાટક એટલું સફળ સાબિત થયુ કે સતત નવ દિવસ તે ભજવાયું અને ત્યારબાદ કંપની મુંબઈ પાછી ફરી. મુંબઈમાં નાટક ભજવ્યા બાદ કંપનીએ ઈ.સ.૧૯૨૬ માં લાહોર અને અમૃતસરનો મુસાફરી કરી જેમાં 'પરિવર્તન', 'કૃષ્ણાવતાર' આદિ નાટકો ભજવ્યાં. ત્યારબાદ ઈ.સ.૧૯૨૭માં

કંપનીએ લખનૌ વારાણસીની મુસાફરી દરમ્યાન 'રુકમણિ મંગલ' નામનું નાટક ભજવ્યુ હતું. વારાણસીથી કાનપુર અને કાનપુરથી દિલ્હી પહોંચ્યા બાદ દિલ્હીમાં ઇ.સ.૧૯૨૮માં રાધેશ્યામ કથાવાચકનું 'શ્રવણ કુમાર' નામનું નાટક મેમ્માસમાં ભજવ્યુ. દિલ્હીથી નાટક મંડળી પેશાવર ગઇ અને વળી પછી ત્યાંથી દિલ્હી આવી. આ વખતે દિલ્હીમાં રાધેશ્યામ કથાવાચકનું 'ઇશ્વર ભકિત' નાટક ભજવ્યું જેનું ઉદ્‌ઘાટન પં.મોતીલાલ નહેરુએ કર્યું હતું અને 'સરોજીની નાયડુ પણ આ નાટક જોવા આવી હતી.૩૯ દિલ્હીથી નાટક મંડળી લાહોર અને તે પછી અમૃતસર ગઇ અને તે દરમ્યાન રાધેશ્યામ કથાવાચકનું સ્વાસ્થ્ય બગડતાં તેમણે કંપની છોડી દીધી હતી. રાધેશ્યામની વિદાય પછી કંપનીએ 'હિન્દુ વિધવા', 'સુધરા જમાના' અને 'ગંગાવતરણ (હરદ્વારમાં ભજવાયું) આદિ નાટકો ભજવાયા પણ ઉત્તરોઉત્તર કંપનીની સ્થિતિ નબળી પડતી ગઇ. કંપનીના સારા કલાકારો કંપની છોડીને જતાં રહયાં. તેમના સ્થાનપર મુસલમાન કલાકારોએ કંપનીમાં જોડાઇ 'શીરીં ફરહાદ', 'લયલા-મજનુ' આદિ નાટકો ભજવ્યા પણ કંપનીની સ્થિતિ સુધરી શકી નહીં. અને કંપનીની આર્થિક સ્થિતિને પરિણામે તેને ગીરો મૂકવી પડી અને ઇ.સ.૧૯૩૨ માં બંધ પડી ગઇ. ડો.વિદ્યાવતી નમ્રના મતાનુસાર ઇ.સ.૧૯૩૬માં કંપની બંધ પડી પછી ૧૯૩૭માં શરુ થઇ હતી અને ઇ.સ.૧૯૩૮માં સદાને માટે બંધ પડી ગઇ.૪૦ આ નાટક મંડળીએ તેની હયાતી દરમ્યાન નીચે મુજબના શહેરોની મુસાફરી કરી હતી.

શહેરો :- મુંબઇ, ઇન્દોર, જયપુર, દિલ્હી, મથુરા, આગ્રા, કાનપુર, લખનૌ, બનારસ, લુધિયાના, જલંધર, અમૃતસર, લાહોર, પેશાવર, અલીગઢ, જોધપુર, અજમેર, મેરઠ, મુજફફરનગર, સહરાનપુર, મુરાદાબાદ,

આ શહેરો ફરતાં ફરતાં તેણે નીચે મુજબના નાટકો ભજવ્યા હતાં :

નાટકો:- લયલા મજનુ, શીરીં ફરહાદ, મશરિકી હૂર, પરિવર્તન યાને દૌલતકા નશા, ખૂબસુરત બલા, દિલ ફરોશ, ભૂલ ભૂલૈયા, ખ્વાબે હસ્તી, અછૂના દામન, શરીફ બદમાશ, નિજામે અકબર, અલ્લાઉદ્દીન, ચોરાગ, બીમારે બુલબુલ, અલીબાબા ચાલીસચોર, તિલસ્મે સુલેમાન, ખુરશીદે જર નીગાર ઉર્ફે ઇસાને અજાયબ, લૈલા ઉર્ફે સીતારે મગલેરીયા, તાસીરે ખ્વાબ, આબે ઇબ્લીસ, સુલતાન ફરીદ, રાજા હરિશ્ચંદ્ર, તેગે સીતમ, દ્રૌપદી સ્વયંવર, ઇશ્વરભકિત, શ્રવણકુમાર, રુકમણી મંગલ અને શ્રવણકુમાર.

વિશેષતા:- આ કંપનીના ઉપક્રમે ભજવાયેલ નાટકમાં ઇ.સ.૧૯૩૨ સુધી સ્ત્રીઓને રંગભૂમિ પર ઉતારી હતી. ઇ.સ.૧૯૩૨ પછી સ્ત્રીઓને અભિનેત્રી અને નોકર બન્ને તરીકે રાખવામાં આવતી.૪૧

અભિનેતાઓએ પોતાનો પાઠ કંઠસ્થજ કરવાનો રહેતો. નાટક દરમ્યાન તેમને પ્રોમ્ટરની સેવાઓ તેમને આપવામાં આવતી ન હતી. સોરાબજી ઓગરા 'પ્રોમ્પ્ટીંગ'ની વિરુધ્ધ હતા. નાટકોની ભજવણી દરમ્યાન કંપનીના કલાકારોને મળેલ ચંદ્રકનો તેમણે ક્યારેય સ્વીકાર કર્યો ન હતો.

નાટકની ચોપડી સ્ટેજ પર રાખવામાં આવતી ન હતી. નાટકની ભજવણીની સંપૂર્ણ જવાબદારી દિગ્દર્શક પરજ આધારિત રહેતી. દિગ્દર્શકની નીચે એક આસિસ્ટંટ રહેતો જે નાટકની સીનરી, દ્રશ્ય, સંગીત આદિની દેખરેખ રાખતો. ડ્રોપસીન જ્યારે ઉપાડવામા આવતો ત્યારે સ્ટેજ મેનેજર ઘટડી વગાડતો અને આજ સ્ટેજ મેનેજર પ્રત્યેક કલાકારની વેશભૂષા અને મેક-અપ આદિની દેખરેખ રાખતો. પ્રત્યેક નટ પોતાની વેશ ભુષાબનાવીનેજ સ્ટેજ પર જતો. સ્ટેજ પર એક 'મિસ્ટેક-બુક' રાખવામાં આવતી જે સ્ટેજ મેનેજરના કથનાનુસાર તેમાં ભુલ નોંધ કરવામાં આવતી હતી.

કંપનીના કર્મચારીઓને મુસાફરી દરમ્યાન સ્પેશ્યલ ટ્રેન દ્વારા સેકન્ડ કલાસમાં લાવવા લઇ જવામાં આવતાં. આવા અનેક વિશિષ્ટતાવાળો 'ન્યુ આલ્ફ્રેડ નાટક મંડળી' પારસી રંગભૂમિની લાબું આયુષ્ય પામેલી મંડળીઓમાંની એક હતી. પારસી રંગભૂમિના ઇતિહાસમા 'વિકટોરિયા નાટક મંડળી' અને 'આલ્ફ્રેડ નાટક મંડળી'નું કાર્ય ચીર કાળ સુધી સુવર્ણાકિંત બની રહેશે.

/ / / / / /
o o o o o
/ / / / / /
o o o o

## પ્ર ક ર ણ - ૫

## સં દ ર્ભ ગ્રં થ - સૂ ચિ.


| | | | |
|---|---|---|---|
| ૧. | હિન્દી નાટક સાહિત્યકા ઇતિહાસ | ડો.સોમનાથ ગુપ્ત | પૃ.૧૪૨ |
| ૨. | હિન્દી નાટક ઉદ્‌ભવ ઔર વિકાસ | ડો.દશરથ ઓઝા | પૃ.૨૯૦ |
| ૩. | હિન્દી નાટક સાહિત્યકા આલોચનાત્મક અધ્યયન | ડો.વેદપાલ ખન્ના | પૃ.૮૯ |
| ૪. | ગુજરાતી નાટય માસિક 'ગુજરાતી રંગભૂમિ' | ડો.ડી.જી.વ્યાસ | પૃ.૬ |
| ૫. | હિન્દી રંગમંચકા ઇતિહાસ | ડો.ચંદુલાલ દુબે | પૃ.૫૯ |
| ૬. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડો.ધનજીભાઇ પટેલ | પૃ.૨ |
| ૭. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડો.ધનજીભાઇ પટેલ | પૃ.૮૭ |
| ૮. | સ્ત્રી બોધ-'કાબરાજી સ્મારક અંક | | પૃ.૫૯ |
| ૯. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડો.ધનજીભાઇ પટેલ | પૃ.૮૩ |
| ૧૦. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડો.ધનજીભાઇ પટેલ | પૃ.૭૨ |
| ૧૧. | ગુજરાત મિત્ર માસિક વિ.સં.૨૦૧૧નો દિવાળી અંક- પહેલુ ઉર્દૂ નાટક અને ઉર્દૂ ગીત નાટક- | ડૉ રતન માર્શલ | પૃ.૮૫ |
| ૧૨. | મ્હારો નાટકી અનુભવ | જહાંગીર ખંભાતા | પૃ.૯૯ |
| ૧૩. | મ્હારો નાટકી અનુભવ | જહાંગીર ખંભાતા | પૃ.૧૦૧ |
| ૧૪. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડો.ધનજીભાઇ પટેલ | પૃ.૧૭૭ |
| ૧૫. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડો.ધનજીભાઇ પટેલ | પૃ.૧૭૭ |
| ૧૬. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડો.ધનજીભાઇ પટેલ | પૃ.૧૬૫ |
| ૧૭. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડો.ધનજીભાઇ પટેલ | પૃ.૧૬૭ |
| ૧૮. | પારસી નાટક તખ્તો | ફીરોઝ ઘર | પૃ.૧૨૯ |
| ૧૯. | પીરોજ શાહ દારુવાલાનો પત્ર | | પત્ર |
| ૨૦. | હિન્દી રંગમંચ ઔર પં.નારાયણપ્રસાદ 'બેતાબ' | ડો.વિધાવતી નમ્ર | પૃ.૬૩ |
| ૨૧. | ગુજરાતી નાટય 'આપણી રંગભૂમિ' ઇ.સ.૧૯૫૯. | ડો.ડી.જી.વ્યાસ | પૃ.૬ |
| ૨૨. | મ્હારો નાટકી અનુભવ | જહાંગીર ખંભાતા | પૃ.૪૦ |

| | | | |
|---|---|---|---|
| ૨૩. | મ્હારો નાટકી અનુભવ | જહાંગીર ખંભાતા | પૃ.૪ |
| ૨૪. | મ્હારો નાટકી અનુભવ | જહાંગીર ખંભાતા | પૃ.૩૭ |
| ૨૫. | ગુજરાતી નાટય 'આપણી રંગભૂમિ' ઈ.સ.૧૯૫૯,ઓકટોબર | ડો.ડી.જી.વ્યાસ | પૃ.૬ |
| ૨૬. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડો.ધનજીભાઇ પટેલ | પૃ.૨૦૬ |
| ૨૭. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડો.ધનજીભાઇ પટેલ | પૃ.૨૧૩ |
| ૨૮. | ઉર્દૂ થિયેટર ભાગ-૩ | ડો.અબ્દુલ નામી | પૃ.૭ |
| ૨૯. | મેરા નાટકકાલ પં. | પં.રાધેશ્યામ કથાવાચક | પૃ.૩૫ |
| ૩૦. | પૃથ્વીરાજકપુર ગ્રંથ | સં.દેવદત્ત શાસ્ત્રી | પૃ.૨૯૨ |
| ૩૧. | The Indian stage Vol.IV | Dr. H.N.Dasgupta | P.230 |
| ૩૨. | નાગરી પત્રિકા 'પારસી રંગમંચ' માર્ચ-એપ્રિલ | ડો.અજ્ઞાત | પૃ.૨૦૭ |
| ૩૩. | ઉર્દૂ થિયેટર ભાગ-૨ | ડો.અબ્દુલ નામી | પૃ.૨૫૫ |
| ૩૪. | ઉર્દૂ થિયેટર ભાગ-૨ | ડો.અબ્દુલ નામી | પૃ.૨૫૬ |
| ૩૫. | મેરા નાટકકાલ | પં.રાધેશ્યામ કથાવાચક | પૃ.૬૯ |
| ૩૬. | હિન્દી રંગમંચ ઔર પં.નારાયણપ્રસાદ 'બેતાબ' | ડો.વિધાવતી નમ્ર | પૃ.૮૧ |
| ૩૭. | મેરા નાટકકાલ | પં.રાધેશ્યામ કથાવાચક | પૃ.૬૪ |
| ૩૮. | મેરા નાટકકાલ | પં.રાધેશ્યામ કથાવાચક | પૃ.૪૫-૪૬ |
| ૩૯. | મેરા નાટકકાલ | પં.રાધેશ્યામ કથાવાચક | પૃ.૨૧૨-૨૧૩ |
| ૪૦. | મેરા નાટકકાલ | પં.રાધેશ્યામ કથાવાચક | પૃ.૧૫૮-૧૫૯ |